અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ ઓગષ્ટ ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, શ્રાવણ સુદ ૮ | અંક : ૩૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### માલેગાંવ બ્લાસ્ટ કેસમાં મોટો ચુકાદો આ વિસ્ફોટ, ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ માલેગાંવમાં થયો હતો, જેમાં ૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા

## સાધ્વી પ્રજ્ઞા-કર્નલ પુરોહિત સહિત તમામ આરોપી નિર્દોષ જાહેર

। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

મહારાષ્ટ્રમાં ૨૦૦૮માં થયેલા માલેગાંવ બ્લાસ્ટ કેસનો ચૂકાદો ૧૭ વર્ષ પછી આજે આવ્યો છે. આજે આવેલા દ્રૈંછ કોર્ટના ચૂકાદામાં માલેગાંવ બ્લાસ્ટ કેસમાં સાધ્વી પ્રજ્ઞા સિંહ સહિત તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. તમામ આરોપીઓનો છૂટકારો થયો છે. આ બહુચર્ચિત કેસની સુનાવણી કરી રહેલી દ્રૈંછની ખાસ કોર્ટ આજે ચૂકાદો સંભળાવવામાં આવ્યો હતો. આ કેસમાં પૂર્વ સાંસદ સાધ્વી પ્રજ્ઞા ઠાકુર અને આર્મી કર્નલ પ્રસાદ પુરોહિત સહિત ૧૨ લોકો આરોપી છે. આ વિસ્ફોટ ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ માલેગાંવમાં થયો હતો, જેમાં ૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.

ન્યાયાધીશે કહ્યું કે સાધ્વી ચોક્કસપણે બાઈકની માલિક છે, પરંતુ બાઈક તેના કબજામાં હોવાનો કોઈ પુરાવો નથી. છ્જી અને દ્રૈંછ ની ચાર્જશીટમાં ઘણો તફાવત છે. ફરિયાદ પક્ષ એ સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે કે બોમ્બ મોટરસાઈકલમાં હતો. પ્રસાદ પુરોહિત સામે એવો કોઈ પુરાવો નથી કે તેણે બોમ્બ બનાવ્યો અને સપ્લાય કર્યો, બોમ્બ કોણે મૂક્યો તે સાબિત થઈ શક્યું નથી. દ્રૈંછ કોર્ટે માલેગાંવ વિસ્ફોટના પીડિતોના પરિવારજનોને ૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવાનો આદેશ આપ્યો છે.



કોર્ટે કહ્યું કે હું બધા આરોપીઓને શંકાનો લાભ આપી રહ્યો છું. આ સાથે, છદ્રૈં સ્પેશિયલ કોર્ટે સાધ્વી પ્રજ્ઞા સહિત તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. કોર્ટે કહ્યું કે અભિનવ ભારતનું નામ વારંવાર ઉલ્લેખવામાં આવે છે. પ્રસાદ પુરોહિત ટ્રસ્ટી હતા. અજય રાહિરકર ખજાનચી હતા. બંનેના ખાતામાં પૈસાની લેવડદેવડના પુરાવા છે, પરંતુ આ પૈસાનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે થયો ન હતો. પુરોહિતે આ પૈસા બાંધકામના કામ માટે વાપર્યા હતા. કોર્ટે કહ્યું કે ઘટના પછી નિષ્ણાતો દ્વારા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા ન હતા. પુરાવા દૂષિત થયા છે. ઘટના પછી, સ્થળ પર રમખાણો જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી અને સ્થાનિક લોકોએ પોલીસ દળ પર હુમલો કર્યો હતો. કોર્ટે સેના અધિકારી કર્નલ પ્રસાદ પુરોહિત સામે ચાર્જશીટ દાખલ કરતા પહેલા લેવામાં આવેલી મંજૂરી પર પ્રશ્ન ઉઠાવ્યો છે.

તપાસ એજન્સીઓના મતે, આરોપીઓ પર હિન્દુત્વ પ્રેરિત સંગઠનો દ્વારા સુનિયોજિત કાવતરાના ભાગ રૂપે વિસ્ફોટ કરવાનો આરોપ છે. સાધ્વી પ્રજ્ઞા ઉપરાંત, કર્નલ પુરોહિત, મેજર રમેશ ઉપાધ્યાય, અજય રાહિરકર, સમીર કુલકર્ણી, સ્વામી દયાનંદ પાંડે અને સુધાકર ચતુર્વેદી જેવા નામોનો સમાવેશ થાય છે.આ કેસમાં કુલ ૩૨૩ સાક્ષીઓના નિવેદનો નોંધાયા હતા, જેમાંથી ૩૨ સાક્ષીઓએ પાછળથી પોતાના નિવેદનો બદલ્યા હતા. દ્રૈંછ એ કોર્ટને આરોપીઓને કોઈ છૂટ ન આપવા વિનંતી કરી છે. જોકે, એજન્સીએ અગાઉ એમ પણ કહ્યું હતું કે બધા આરોપીઓ સામે નક્કર પુરાવા મળ્યા નથી. કોર્ટે કહ્યું કે ઘટના પછી નિષ્ણાતો દ્વારા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા ન હતા. પુરાવા દૂષિત થયા છે. ઘટના પછી, સ્થળ પર રમખાણો જેવી સ્થિતિ સર્જાઈ હતી.

સ્થાનિક લોકોએ પોલીસ દળ પર હુમલો કર્યો. કોર્ટે સેના અધિકારી કર્નલ પ્રસાદ પુરોહિત સામે ચાર્જશીટ દાખલ કરતા પહેલા લેવામાં આવેલી મંજૂરી પર સવાલ ઉઠાવ્યા છે.

જજે ચુકાદામાં શું કહ્યું?

ATS અને NIA ની ચાર્જશીટમાં ઘણો તફાવત છે.

ફરિયાદ પક્ષ એ સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે કે બોમ્બ મોટરસાઈકલમાં હતો. પ્રસાદ પુરોહિત સામે એવો કોઈ પુરાવો નથી કે તેણે બોમ્બ બનાવ્યો અને સપ્લાય કર્યો. બોમ્બ કોણે મૂક્યો તે સાબિત થઈ શક્યું નથી.

ઘટના પછી નિષ્ણાતો દ્વારા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા ન હતા.

પુરાવા દૂષિત થયા છે.

ઘટના પછી, સ્થળ પર રમખાણો જેવી સ્થિતિ સર્જાઈ હતી અને સ્થાનિક લોકોએ પોલીસ દળ પર હુમલો કર્યો હતો.તપાસ એજન્સીઓ એ સાબિત કરવામાં નિષ્ફળ ગઈ છે કે બાઈક સાધ્વીની છે. તપાસ એજન્સીઓ દાવો કરે છે કે બાઈક સાધ્વીની છે પરંતુ ફરિયાદ પક્ષ બાઈકનો ચેસિસ નંબર શોધવામાં નિષ્ફળ ગયો છે.

## કેનેડા પણ હવે પેલેસ્ટાઈનને માન્યતા આપશે, PM કાર્નીની જાહેરાત

। નવી દિલ્હી, તા.૩૧ ।

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ જાહેરાત કરી છે કે, કેનેડા સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)માં પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપવાની યોજના ધરાવે છે. તાજેતરના સમયમાં આ પ્રકારનો નિર્ણય લેનાર તે ત્રીજો G7 દેશ બન્યો છે. કાર્નેએ સ્પષ્ટતા કરી હતી કે, આ માન્યતા ચોક્કસ શરતો પર આધારિત હશે. જેમાં મુખ્યત્વે પેલેસ્ટાઈન ઓથોરિટી દ્વારા શાસનમાં મૂળભૂત સુધારા, વર્ષ ૨૦૨૬માં હમાસ વિના પારદર્શક સામાન્ય ચૂંટણીઓ યોજવી અને પેલેસ્ટાઈન વિસ્તારોનું નિઃશસ્ત્રીકરણ સામેલ છે. વડા પ્રધાન કાર્નેએ જણાવ્યું હતું કે, કેનેડા લાંબા સમયથી બે-રાષ્ટ્ર સમાધાન (Two-State Solution) માટે પ્રતિબદ્ધ છે. જેમાં એક સ્વતંત્ર, વ્યવહારૂ અને સાર્વભૌમ પેલેસ્ટાઈન રાજ્ય ઈઝરાયલ સાથે શાંતિ અમે સલામતીમાં સહ-અસ્તિત્વ ધરાવે છે. જોકે, આ સમાધાન હવે ઝડપથી અસ્થિર થઈ રહ્યું છે, ખાસ કરીને હમાસની હિંસા, વેસ્ટ બેન્ક અને યરુશલમમાં ઝૂંપડપટ્ટીનો વિસ્તાર અને ગાઝામાં બગડતની માનવીય સ્થિતિ તેનું મુખ્ય કારણ છે. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું કે, હમાસે ૭ ઓક્ટોબર ૨૦૨૩ના દિવસે થયેલી હિંસક ઘટનામાં બંધકોને તાત્કાલિક મુક્ત કરવા પડશે. ભવિષ્યમાં હમાસે પેલેસ્ટાઈનના શાસનમાં કોઈ ભૂમિકા ભજવવાની નહીં રહે.

### મધ્ય પ્રદેશના બે મોટા શહેરોના કલેક્ટરનો આદેશ

## પહેલી ઓગસ્ટથી હેલ્મેટ વગર પેટ્રોલ નહીં મળે

### આ આદેશના અમલથી શહેરમાં હેલ્મેટ પહેરવાની આદત મજબૂત થશે અને માર્ગ સલામતીને પ્રોત્સાહન મળશે

। (એજન્સી) ભોપાલ, તા.૩૧ ।

મધ્ય પ્રદેશના ભોપાલ અને ઈન્દોરમાં માર્ગ સલામતીને લઈને જિલ્લા વહીવટીતંત્રે મહત્ત્વનો નિર્ણય લીધો છે. હવે પહેલી ઓગસ્ટ ૨૦૨૫થી હેલ્મેટ વગરના ટુ વ્હીલર ચાલકોને શહેરના કોઈપણ પેટ્રોલ પંપ પર પેટ્રોલ પુરાવી શકશે નહીં. આ બંને શહેરોના કલેક્ટરો દ્વારા આ કડક આદેશ આપવામાં આવ્યો છે. વહીવટીતંત્રનું માનવું છે કે આ નિર્ણયથી રોડ અકસ્માતો ઘટશે અને લોકો ટ્રાફિક નિયમો પ્રત્યે




વધુ જાગૃત બનશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ઈન્દોરને સતત સાતમી વખત ભારતના સૌથી સ્વચ્છ શહેર તરીકેનો એવોર્ડ મળ્યો હતો. અહેવાલો અનુસાર, સુપ્રીમ કોર્ટની રોડ સેફ્ટી કમિટીના ચેરમેન અને નિવૃત્ત જજ અભય મનોહર સપ્રે સાથેની બેઠક બાદ આ આદેશનો અમલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં ઈન્દોરની વર્તમાન ટ્રાફિક વ્યવસ્થા અને રોડ અકસ્માતો અંગે વિગતવાર ચર્ચા કરાઈ હતી. ત્યારબાદ જિલ્લા વહીવટીતંત્રે આ નિર્ણય લેવાની જાહેરાત કરી હતી. કલેક્ટર આશિષ સિંહે જણાવ્યું હતું કે 'ટુ-વ્હીલર ચાલકોની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે અને પહેલી ઓગસ્ટથી આ નિયમનો કડક અમલ કરાશે.

## ભારત પર અમેરિકાની ૨૫ ટકા ટેરિફથી હીરા-ઝવેરાતની નિકાસને મોટો ફટકો પડશે

। નવી દિલ્હી, તા.૩૧ ।

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આખરે ભારત પર ખફા થઈને ભારતીય ગુડઝની અમેરિકામાં થતી આયાતો પર ૨૫ ટકા ટેરિફ અને નોન-ટેરિફ બેરિઅર્સને લઈ રશીયા પાસેથી ઓઈલ અને શસ્ત્રોની આયાતની સજા તરીકે પેનલ્ટી ફટકારવાનું જાહેર કરતાં દેશના વેપાર-ઉદ્યોગ જગતને મોટો આંચકો લાગ્યો છે. ટ્રમ્પ ટેરિફથી ભારતની સૌથી વધુ થતી નિકાસો પૈકી જેમ્સ એન્ડ જવેલરી ઉદ્યોગને મોટો ફટકો પડવાના એંધાણ છે.

### ભારત અમેરિકા પાસેથી સૌથી વધારે ટેરિફ વસૂલે છે-: ટ્રમ્પ

## ટેરિફ મામલે ભારતના કડક વલણ સામે ટ્રમ્પનો યૂ-ટર્ન! વાટાઘાટ તરફ વળ્યું અમેરિકા

### અમેરિકાના રાષ્ટ્રપતિનું કહેવું છે કે, નરેન્દ્ર મોદી અમારા મિત્ર છે પરંતુ ભારત અમેરિકા સાથે ખૂબ જ ઓછો વેપાર કરે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. ટ્રમ્પે કરેલી ટેરિફની જાહેરાત બાદ ભારતે પણ જવાબ આપ્યો અને પોતાનો પક્ષ રાખ્યો હતો. જેવો ભારતે જવાબ આપ્યો એટલે ડોનાલ્ડ ટ્રમ્પે નમતી નાખી છે. ૨૫ ટકા ટેરિફની જાહેરાત બાદ હવે ટ્રમ્પ એવું કહે છે કે, ભારત સાથે વેપાર કરાર પર વાટાઘાટો માટે દરવાજા હજુ પણ ખુલ્લા છે. એટલું જ નહીં પરંતુ પોતે જ કહે છે કે, 'અમે ભારત સાથે વાટાઘાટો કરીશું.'અમેરિકાના રાષ્ટ્રપતિનું કહેવું છે કે, નરેન્દ્ર મોદી અમારા મિત્ર છે પરંતુ ભારત અમેરિકા સાથે ખૂબ જ ઓછો વેપાર કરે છે. એટલું જ નહીં પરંતુ ભારત બ્રિક્સનો ભાગ છે જેને અમેરિકા પોતાના વિરોધી દેશોનો સમૂહ માને છે. એટલા માટે પણ ટ્રમ્પ નરેન્દ્ર મોદીથી નારાજ હોવાનું સૂત્રો કહે છે. ટ્રમ્પનું કહેવું છે કે, ભારત અમેરિકા પાસેથી સૌથી વધારે ટેરિફ વસૂલે છે, અને સામે અમેરિકા પાસેથી ખૂબ ઓછા પ્રમાણમાં ખરીદી કરે છે. અત્યારે તો અમે ભારત સાથે વાત કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ.ડોનાલ્ડ




ટ્રમ્પે કહ્યું કે, 'અમે હમણાં વાતચીત કરી રહ્યા છીએ, અને આ પણ મ્ઇૈંઝ્રજી છે. તમે જાણો છો, તેમની પાસે મ્ઇૈંઝ્રજી છે, જે મૂળભૂત રીતે યુનાઈટેડ સ્ટેટ્સ વિરુદ્ધ દેશોનો સમૂહ છે, અને ભારત તેનો સભ્ય છેપ તે ડોલર પર હુમલો છે, અને અમે કોઈને ડોલર પર હુમલો કરવા દઈશું નહીં' એટલે મૂળ વાત એ છે કે, અમેરિકાને ડર છે કે, મ્ઇૈંઝ્રજી માં સામેલ દેશો વિશ્વ પરથી ડોલરનું પ્રભુત્વ ઓછું કરવા માંગે છે. એટલા માટે જ અમેરિકાએ અનેક દેશોને ટેરિફની ધમકીઓ આપી છે.અમેરિકાએ ભારત પર ટેરિફ લગાવવાની જાહેરાત કરી તેની સાથે જ ભારત સરકારે તેનો જવાબ આપી દીધો હતો. ભારતે ચોખ્ખા શબ્દોમાં કહ્યું હતું કે, અમારા માટે દેશ પહેલા છે, અને ભારત દેશના હિતમાં દરેક જરૂરી પગલું ભરીશું. ભારત સરકારના આવા નિર્ણયના કારણે ડોનાલ્ડ ટ્રમ્પે નરમ પડ્યા અને વાતચીત કરીશું તેવી જાહેરાત કરી છે. એટલું જ નહીં પરંતુ થોડા જ સમયમાં ટેરિફ મામલે કરેલી પોસ્ટ પણ સોશિયલ મીડિયામાંથી હટાવી દીધી હતી. ભારત સરકારના આવા નિર્ણયના કારણે ડોનાલ્ડ ટ્રમ્પે નરમ પડ્યા અને વાતચીત કરીશું તેવી જાહેરાત કરી છે. એટલું જ નહીં પરંતુ થોડા જ સમયમાં ટેરિફ મામલે કરેલી પોસ્ટ પણ સોશિયલ મીડિયામાંથી હટાવી દીધી હતી.

### રસ્તા પર પાછળ આવતા વાહનોને સિગ્નલ આપવાની જવાબદારી ડ્રાઈવરની

## ઇમરજન્સી હોય તો પણ હાઇવે પર અચાનક બ્રેક લગાવવી બેદરકારી છે: SC

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

હાઈવે પર અચાનક બ્રેક મારવાને કારણે ઘણીવાર અકસ્માત સર્જાતા હોય છે. સુપ્રીમ કોર્ટે આવા જ એક કેસમાં મહત્વપૂર્ણ નિવેદન આપતા કહ્યું કે, હાઈવે પર કોઈપણ ચેતવણી વિના અચાનક બ્રેક લગાવવી એ બેદરકારી છે. જો આવા કિસ્સાઓમાં કોઈ અકસ્માત થાય છે, તો અચાનક બ્રેક લગાવનાર ડ્રાઈવર જવાબદાર હોઈ શકે છે. ન્યાયાધીશ સુધાંશુ ધુલિયા અને અરવિંદ કુમારની બેન્ચે જણાવ્યું હતું કે, હાઈવેની વચ્ચે ડ્રાઈવરનું અચાનક વાહન રોકવું, ભલે તે વ્યક્તિગત કટોકટીના કારણે હોય, જો તે રસ્તા પર બીજા કોઈ માટે ખતરો ઉભો કરે તો તેને વાજબી ઠેરવી શકાય નહીં.સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ૮ વર્ષ પહેલા ૭ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ તમિલનાડુના કોઈમ્બતુરમાં અચાનક બ્રેક મારવાથી થયેલા અકસ્માતના કેસ પર આવ્યો છે. આમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થી એસ. મોહમ્મદ હકીમનો ડાબો પગ કાપવો પડ્યો હતો. મોહમ્મદ હકીમે આ અંગે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

### નાંદોદના વાઘોડિયામાં પત્નીને

## વાંઝણી કહી આત્મહત્યા માટે મજબુર કરનાર પતિને ૭ વર્ષની કેદ

। (એજન્સી) રાજપીપળા, તા.૩૧ ।

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના વાઘોડિયા ગામમાં પત્નીને વાંઝણી કહી મેણા મારનાર અને મરવા માટે મજબુર કરનાર પતિને કોર્ટે ૭ વર્ષની કેદ અને ૩ હજાર રૂપિયાનો દંડ ફટકારતો ચુકાદો આપ્યો છે.કેસની વિગત મુજબ નાંદોદ તાલુકાના વાઘોડિયા ગામના નવીન અશ્વિન વસાવા અને સુનિલાબેનના એક બીજાની રાજીખુશીથી લગ્ન થયા હતા. લગ્નજીવનને ઘણો સમય થયો હોવા છતાં એમને કોઈ વસ્તાર ન્હોતો. એટલે નવીન અશ્વિન વસાવા પોતાની પત્ની સુનિલાબેનને વાંઝણી કહી અવારનવાર ઝઘડો કરી માર મારી માનસિક અને શારીરિક ત્રાસ આપતો હતો. જેથી પોતાના પતિના અવારનવાર આવા ત્રાસથી કંટાળી સુનિલાબેને ગત ૦૧/૦૯/૨૦૨૨ ના રોજ વાઘોડિયા ગામ ખાતે જંતુનાશક ઝેરી દવા પી જઈ આપઘાત કર્યો હતો. જેથી પોતાની પત્નીને આત્મહત્યા માટે મજબુર કરનાર પતિ નવીન અશ્વિન વસાવા વિરુદ્ધ રાજપીપળા પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો.



# અમદાવાદમાં પાંચ નવા વિસ્તારો ઉમેરાવાનો પ્રસ્તાવ

## AMCની હદમાં સાણંદ, મહેમદાવાદ, બારેજા, કલોલ અને દહેગામને મર્જ કરી દેવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

દિવસેને દિવસે અમદાવાદની સરહદો વિસ્તરતી જઈ રહી છે અને હવે તેમાં અન્ય પાંચ ટાઉનનો ઉમેરો થાય તેવી શક્યતા છે. રાજ્ય સરકારે અમદાવાદની આસપાસની પાંચ મ્યુનિસિપાલિટીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)માં ભેળવી દેવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ટોચના સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે AMCની હદમાં સાણંદ, મહેમદાવાદ, બારેજા, કલોલ અને દહેગામને મર્જ કરી દેવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. AMCની હદમાં આવતી પાંચ મ્યુનિસિપાલિટીને ભેળવી દેવાનો સમય પણ ઘણો જ મહત્વનો છે કેમ કે, જાન્યુઆરી ૨૦૨૬માં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી યોજાવાની છે. તેથી પ્રસ્તાવિત વિલીનીકરણથી અમદાવાદનો ભૌગોલિક વિસ્તાર અને વસ્તીનો આધાર નોંધપાત્ર રીતે વધશે. સરકારી



સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ પ્રસ્તાવ પાછળનો મુખ્ય હેતુ કોઓર્ડિનેટેડ અર્બન ડેવલપમેન્ટ સુનિશ્ચિત કરવાનો છે. હાલમાં આ વિસ્તારોમાં નોંધપાત્ર વિકાસ થયો છે અને માળખાગત સુવિધાઓ અને આવશ્યક સેવાઓ માટે વ્યવસ્થિત આયોજનની જરૂર છે. આનાથી આ વિસ્તારો AMCમાં ભળી જશે અને તેનાથી સંભવિત રીકે માળખાગત વિકાસમાં સુધારો કરવામાં મદદ મળશે. છેલ્લા કેટલાક વર્ષોમાં સાણંદ અને કલોલમાં રેસિડેન્શિયલ અને ઈન્ડસ્ટ્રિયલ વિકાસમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે. સાણંદ ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીનું હબ બની ગયું છે અને હજી ત્યાં સેમિકન્ડક્ટર અને અન્ય સ્પેશિયલાઈઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ આવવાની છે. સાણંદની જેમ કલોલનો વિકાસ પણ ઘણો ઝડપથી થયો છે, અને ત્યાં રેસિડેન્શિયલની સાથે સાથે ઈન્ડસ્ટ્રીયલ યુનિટ્સની સંખ્યા પણ વધી છે. સૂત્રોનું કહેવું છે કે, આ મ્યુનિસિપાલિટીઝના વિકાસની ગતિ વધારવા માટે ઘણી મહેનત કરવી પડશે.જોકે, AMC માટે પ્રસ્તાવિત પાંચ મ્યુનિસિપાલિટીને અમદાવાદમાં ભેળવવી આસાન નહીં હોય કેમ કે, નવા ઉમેરાયેલા વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ અપગ્રેડ કરવા માટે AMCને ઘણા સંસાધનોની જરૂર પડશે. જેમાં પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, રોડ નેટવર્ક અને પબ્લિક ટ્રાન્સપોર્ટનો સમાવેશ થાય છે, આ ઉપરાંત મોટા પ્રમાણમાં આર્થિક રોકાણ પણ કરવું પડશે. બીજી તરફ તે વિસ્તારોના રહેવાસીઓને સારી સુવિધાઓ તો મળશે પરંતુ તેમનું આર્થિક ભાર વધી જશે કેમ કે, તેમને કદાચ વધારે મ્યુનિસિપલ ટેક્સ ચૂકવવા પડી શકે છે. જેને લીધે શરૂઆતમાં કદાચ લોકો વિરોધ પણ કરી શકે છે, તેથી AMC ટેક્સને લઈને નિયંત્રિત વલણ અપનાવશે.

### આગામી સાત દિવસ ભારે વરસાદ પડવાની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

ગુજરાતમાં વરસાદી માહોલ ફરી જામ્યો છે. હવામાન વિભાગ અનુસાર આગામી સાત દિવસ હજુ વરસાદી માહોલ રહેશે. ગુજરાત પર એકસાથે ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થતાં રાજ્યમાં ક્યાંક ભારે તો ક્યાંક અતિભારે વરસાદ ખાબકી શકે છે. અમદાવાદ સહિતના વિસ્તારોમાં પણ વરસાદનું જોર જોવા મળશે.

હવામાન વિભાગ દ્વારા કરાવામાં આવેલી આગાહી પ્રમાણે, આગામી સાત દિવસ ભારે વરસાદ પડવાનું અનુમાન છે. ખાસ વાત છે કે, ત્રણ દિવસ રાજ્યમાં ભારે પવન ફૂંકાશે, ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે. રિપોર્ટનુ માનીએ તો, આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે, જેમાં અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારમાં પણ વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસે આગામી ૭ દિવસ રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી કરી છે. તેમણે કહ્યું કે, આગામી ૨ દિવસ ગુજરાત પ્રદેશમાં ભારેથી અત્યંત ભારે વરસાદ રહેશે. આગામી ૫ દિવસ દરિયો તોફાની બનશે. માછીમારોને આગામી ૧ ઓગસ્ટ સુધી દરિયો ન ખેડવા ચેતવણી અપાઈ છે. હાલમાં ૩ સિસ્ટમ સક્રિય થતા દક્ષિણ ગુજરાતમાં બારે મેઘ ખાંગાની સ્થિતિ સર્જાઈ શકે છે.

#### માસ્ટર માઇન્ડ ઝડપાયો

## બનાવટી ચલણી નોટ કૌભાંડમાં ગુજરાત ATS મળી મોટી સફળતા

### સત્યનારાયણ તૈલી પાસેથી ૧લાખ ૫૯ હજારની ૫૦૦ રુપિયાની બનાવટી ચલણી નોટો કબજે કરવામાં આવી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

હાલમાં જ અમદાવાદ ATSએ બનાવટી ચલણી નોટ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ કૌભાંડમાં જ ATS ને ગણતરીના દિવસોમાં મોટી સફળતા મળી છે. બનાવટી ચલણી નોટ કેસમાં એટીએસની ટીમે વોન્ટેડ આરોપીને દબોચી લીધો છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. ગુજરાત ATSની ટીમે ૨૨ જુલાઈના રોજ સુરત ઉધના ખાતેથી બનાવટી ભારતીય ચલણી નોટ ઝડપી પડી હતી. અધિકારીઓની ટીમ એ ઉધના રેલ્વે સ્ટેશનથી સત્ય નારાયણ દેવીલાલ ટેલી નામના શખ્સની ભારતીય બનાવટી ચલણી નોટો સાથે ધરપકડ કરી તપાસ હાથ ધરી હતી. ગુજરાત એટીએસના ડીઆઈજી સુનિલ જોશીએ જણાવ્યું કે, સત્યનારાયણ તૈલી પાસેથી ૧લાખ ૫૯ હજારની ૫૦૦ રુપિયાની બનાવટી ચલણી નોટો કબજે કરવામાં આવી હતી. આ કેસની તપાસ દરમિયાન જાણવા મળ્યું છે હતુ કે, બંગાળના તાહીર નામના રહેવાસીને પકડવા એક ટીમ બનાવવામાં આવી હતી. આ તાહીરનું આખુ નામ તાહીર ઉર્ફે કાલુ રયજુદ્દીન શેખ હતું. ગુજરાત એટીએસની ટીમે બંગાળ પહોંચી તાહીરને ત્યાં ઓળખી લીધો હતો. તાહીરને પકડવા ટીમ પહોંચી ત્યારે તે જગ્યા ખૂબ ગીચ હતી. જેથી ઈન્ટેલીજન્સ ટીમની મદદ લઈ તેને ત્યાંથી પકડી પાડ્યો હતો. અને ટ્રાન્જિટ વોરંટના આધારે તેને વધુ તપાસ માટે ગુજરાત લાવવામાં આવ્યો છે. તાહીરે પોતે ફેક કરન્સીનો મોટો પ્લેયર છે. વર્ષ ૨૦૧૮માં એટીએસમાં એક ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેની તપાસ પાછળથી એનઆઈએને ટ્રાન્સફર થઈ હતી. એ કેસમાં પણ આ આરોપીને સજા પડી હતી. આ આરોપી વર્ષ ૨૦૨૩માં પેરોલ જમ્પ કરીને વોન્ટેડ થઈ ગયો હતો.

## ઘાસની આડમાં દારૂનો જથ્થો ભરેલ કન્ટેનર સાથે ચાલક ઝડપાયો

### હાલ ચોમાસામાં માર્ગ ઉપર મોટા ખાડા પડી જતાં વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે

। (એજન્સી) અંકલેશ્વર,તા.૩૧ ।

અંકલેશ્વર સીટી બી ડિવિઝન પોલીસે અંકલેશ્વર-રાજપીપળા ચોકડી ઉપરથી ઘાસની ઘાસડીઓની આડમાં દારૂનો જથ્થો ભરેલ કન્ટેનરને ચાલક સાથે ઝડપી પાડી રૂ.૨૪.૭૮ લાખ ઉપરાંતના દારૂ બિયરના જથ્થા સાથે કુલ રૂ.૩૫ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી દારૂ ભરી આપનાર તથા મદદગારી કરનાર અન્ય ચાર શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા. અંકલેશ્વર સીટી બી ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી હતી કે, ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરેલ એક બંધ બોડીનું કન્ટેનર સુરતથી વડોદરા તરફ જવા નેશનલ હાઈવે રોડ પરથી પસાર થવાનું છે. જેના આધારે પોલીસે નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર અંકલેશ્વર-રાજપીપળા ચોકડી વડોદરા તરફના માર્ગ ઉપર વોચ ગોઠવી હતી. અને બાતમી મુજબના કન્ટેનરને રોકી તપાસ કરતા ઘાસની ગાસડીઓની આડમાં છુપાવેલો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછતાછમાં ચાલક મુસ્તકીમ સોકત ખાન (રહે-હરિયાણા )હોવાનું સામે આવ્યુ હતું.પરિચિત આદિલખાન (રહે-હરિયાણા) એ જણાવ્યું હતું કે, હું કામ કરું છું તે લાભ લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટમાં ડ્રાઈવરની જગ્યા ખાલી છે અને સારો પગાર આપે છે. જેથી છેલ્લા એક મહિનાથી મે લાભ લોજિસ્ટિકમાં ડ્રાઈવર તરીકે નોકરી કરું છું. આદિલે કહ્યું હતું કે, હું જ્યારે માલ ભરીને જાઉં છું ત્યારે તેમાં દારૂ ભરીને લાવું છું અને મને સારી રકમ મળે છે. જેથી લાલચમાં આવી ગઈ તા.૨૭ જુલાઈના રોજ ભીવંડી મહારાષ્ટ્ર ખાતેથી નીકળી ચારોટી પાલઘર ખાતેથી ઘાસની ઘાસડીઓ ભરી હતી.

### વડોદરાની દાંડિયા બજારમાં મોડી રાતે કુલ્ફીની દુકાનમાં આગ

। (એજન્સી) વડોદરા,તા.૩૧ ।

વડોદરાના દાંડિયા બજાર વિસ્તારમાં ગઈ મોડી રાતે કુલ્ફીની એક દુકાનમાં આગ લાગતા લોકોના ટોળા જામ્યા હતા. દાંડિયા બજાર સિદ્ધિવિનાયક મંદિરની સામે આવેલી દુકાનમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાય છે. મધરાતે અવરજવર ઓછી હતી તે દરમિયાન આગ લાગતા કોઈ રાહદારીએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. બનાવના સ્થળે પોલીસ આવી હતી અને ફાયર બ્રિગેડ માટે મદદરૂપ થઈ હતી. ફાયર બ્રિગેડ એ થોડીવારમાં જ આ કાબુમાં લઈ આસપાસની દુકાનો બચાવી લીધી હતી. નજીકમાં જ રહેણાંક વિસ્તાર હોવાથી લોકો બહાર નીકળી આવ્યા હતા.

#### મેજર બ્રિઝ કે જે હાલ જર્જરિત હાલતમાં

### મેજર બ્રિઝ પર વાહન ચલાવનાર ઇકો કાર ચાલકની પોલીસ દ્વારા અટકાયત

। (એજન્સી) જામનગર,તા.૩૧ ।

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના કોઠા ભાડુકીયા ગામ પાસે સિંચાઈ વિભાગના મેજર બ્રિઝ કે જે હાલ જર્જરિત હાલતમાં હોવાથી તેના ઉપર કોઈપણ પ્રકારના મોટર સાયકલ વગેરે ટુ વ્હીલર સિવાય મોટા વાહનો ચલાવવા પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.માત્ર ટુ-વ્હીલરમાં અથવા તો રાહદારીઓ જ અહીંથી પસાર થઈ શકે કે તે પ્રકારનું જાહેરનામું અમલમાં હોવા છતાં કેટલાક વાહન ચાલકો તેનો ઉલ્લંઘન કરીને ત્યાંથી પસાર થાય છે, તેવી માહિતીના આધારે કાલાવડ ગ્રામ્ય પોલીસ ટુકડી ત્યાં પહોંચી હતી, દરમિયાન જયદેવ ખોડાભાઈ ગોલતર નામનો બાલંભડી ગામનો ઈકો કાર ચાલક પોતાની જી જે ૧૦ ડી.આર. ૩૮૪૦ નંબરની ઈકોકાર લઈને બ્રિજ પરથી પસાર થયો હતો. આથી કાલાવડ ગ્રામ્યના પોલીસ હેડ કોન્સ્ટેબલ વિનોદભાઈ જાદવ કે જેઓ જાતે ફરિયાદી બન્યા હતા, અને કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ ગુનો દાખલ છે, અને ઈકો કાર ચાલક જયદેવ ખોડાભાઈ ગોલતરની અટકાયત કરી લઈ તેની ઈકો કાર પણ કબજે કરી લીધી છે. અને કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ ગુનો દાખલ છે, અને ઈકો કાર ચાલક જયદેવ ખોડાભાઈ ગોલતરની અટકાયત કરી લઈ તેની ઈકો કાર પણ કબજે કરી લીધી છે.

#### ભાવનગર ભાજપમાં ભડકો

### ભાવનગરના મેયરે જાહેરમાં આત્મવિલોપનની ચીમકી ઉચ્ચાર્યા બાદ યુ-ટર્ન લીધો

। (એજન્સી) ભાવનગર,તા.૩૧ ।

ભાવનગર શહેર ભાજપના આંતરિક વિખવાદો વચ્ચે ભાવનગરના મેયર ભરત બારડે અગાઉ સોશિયલ મીડિયા ગ્રુપમાં આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચાર્યા બાદ હવે તેમના સૂર બદલાયા છે. મેયરે સ્પષ્ટતા કરી છે કે તેમનો હેતુ કોઈને દબાવવાનો નહોતો અને તેમને કોઈ દબાવવા માંગે તેવું પણ નથી. પ્રાપ્ત માહિતી અનુસાર, ભાવનગર કોર્પોરેશનની ચૂંટણી પહેલાં જ શહેર ભાજપમાં આંતરિક વિખવાદો ચરમસીમાએ પહોંચ્યા છે. આ દરમિયાન, મેયર ભરત બારડે એક ભાજપના વોટ્સએપ ગ્રુપમાં 'મને ખોટી રીતે દબાવાશે તો જાહેરમાં આત્મવિલોપન કરીશ' તેવી પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટને કારણે ભારે ખળભળાટ મચી ગયો હતો અને ગ્રુપ એડમિને તાત્કાલિક મેયરની પોસ્ટ ડિલીટ કરી દીધી હતી.જોકે, આત્મવિલોપનની ચીમકી બાદ મેયર ભરત બારડે હવે અલગ નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, 'મેં મારા પરિવારમાં વાતમાંથી વાત કરી, તેનો કોઈ અર્થ નથી. મેં કોઈને દબાવવા માટે કર્યું નથી, મને કોઈ દબાવવા માંગે એવું પણ નથી.' મેયરે પોતાની ઓળખ ભાજપના સિનિયર કાર્યકર્તા તરીકે આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'હું ભાજપનો સિનિયર કાર્યકર્તા છું, ૪૫ વર્ષથી હું પાર્ટીની સેવા કરું છું.' તેમણે અગાઉ એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે તેઓ 'ભાજપમાં કામગીરીને કારણે મેયર બન્યો, લાગવગથી નહીં.' આત્મવિલોપનની ચીમકીવાળી પોસ્ટમાં મેયરે ભાજપ અને ભાજપના આગેવાનો પ્રત્યેની નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે સિનિયર કાર્યકર્તાઓ સાથે અલગ પ્રકારનો વ્યવહાર થતો હોવાની પણ હૈયાવરાળ ઠાલવી હતી. જોકે, તેમના તાજેતરના નિવેદનથી એવું લાગી રહ્યું છે કે તેમણે પોતાની આક્રમક રણનીતિ બદલી છે. આ સમગ્ર ઘટનાક્રમ ભાવનગર ભાજપમાં ચાલી રહેલા આંતરિક તણાવને ઉજાગર કરે છે અને આગામી કોર્પોરેશન ચૂંટણી પહેલાં આ વિખવાદો કઈ દિશામાં જશે તે જોવું રસપ્રદ રહેશે.

#### મનપાના આરોગ્ય વિભાગની કાર્યવાહી

### અલગ-અલગ એકમોમાંથી ફરાળી વાનગીઓના નમૂના લીધા

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

શ્રાવણ માસનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે કેટલાક શ્રદ્ધાળુ ભક્તો દ્વારા શ્રાવણ માસમાં ઉપવાસ કરવામાં આવે છે. જેના પગલે બજારમાં ફરાળમાં ખાવા લાયક અનેક વસ્તુઓ મળતી હોય છે.

રાજકોટમાં શ્રાવણ માસમાં મનપાના આરોગ્ય વિભાગે કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટમાં અલગ-અલગ એકમોમાંથી ફરાળી વાનગીઓના નમૂના લીધા છે. યુનિવર્સિટી રોડ, પુષ્કરધામ રોડ પરથી ૫ દુકાનમાંથી નમૂના લીધા હતા. તેમજ સાબુદાણા ખીચડી, ચેવડો, રાજગરાના લોટના નમૂના લેવાયા છે.

બીજી તરફ બનાસકાંઠાના વાવમાં સુરભી ટ્રેડર્સમાં ફૂડ વિભાગના દરોડા પડ્યા છે. શંકાસ્પદ ઘીનું વેચાણ કરવાના આશંકાએ તપાસ હાથ ધરવામાં આવી છે. સંયમ નામે વેચાણ કરાતો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ૩.૯૫ લાખની કિંમતનો ૫૫૩ લીટર શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ઘીના નમૂના લઈ ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. સંયમ નામે વેચાણ કરાતો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ૩.૯૫ લાખની કિંમતનો ૫૫૩ લીટર શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ઘીના નમૂના લઈ ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે.

**વિશેષ** — પ્રસૂતિ પીડામાં ૧૦૮ બન્યું 'સંવેદના'નો સારથી : હજારો માતાઓ અને નવજાતને મળ્યું સુરક્ષિત જીવન

# આફતમાં સૌથી પહેલા યાદ આવતી - એક જ કોલમાં હાજર થતી ગુજરાતની લાઇફલાઇન સમી ૧૦૮ એમ્બ્યુલન્સ ઇમરજન્સી સેવા







। (માહિતી) અમદાવાદ, તા.૩૧ ।

ગુજરાતની જીવાદોરી સમાન ૧૦૮ ઈમરજન્સી સેવા જે રાજ્યના લાખો નાગરિકો માટે સંકટ સમયે જીવનરેખા સમાન છે તેણે રાજ્યના આરોગ્ય ક્ષેત્રે એક અદ્ભુત અને અભૂતપૂર્વ "પ્રસૂતિ ક્રાંતિ" સર્જી છે. આ ક્રાંતિના ભાગરૂપે, ૧૦૮ સેવાના પ્રારંભથી અત્યાર સુધીમાં, ૧.૫૨ લાખથી વધુ પ્રસૂતિઓ એમ્બ્યુલન્સમાં જ સફળતાપૂર્વક પૂર્ણ કરીને માતા અને નવજાત શિશુઓના જીવન બચાવવામાં આવ્યા છે, જે એક ઐતિહાસિક ઉપલબ્ધિ છે.

આ અંગે વાત કરતા ૧૦૮ જીવીકે ઈએમઆરઆઈના ચીફ ઓપરેટિંગ ઓફિસર(સીઓઓ) શ્રી જશંવત પ્રજાપતિએ કહ્યું કે, ગુજરાતની ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા ૨૯ ઓગસ્ટ ૨૦૦૭ થી ૩૦ જુલાઈ ૨૦૨૫ સુધીના સમયગાળામાં એટલે કે અંદાજિત ૧૮ વર્ષના સમયગાળામાં કુલ ૧ લાખ ૫૨ હજારથી વધુ પ્રસૂતિઓ એમ્બ્યુલન્સમાં કરવામાં આવી છે, જેમાં સ્થળ ઉપર ૫૭,૫૭૫ અને એમ્બ્યુલન્સમાં ૯૪,૫૦૩ પ્રસૂતિઓનો સમાવેશ થાય છે. આ આંકડો રાજ્યમાં ઈમરજન્સી તબીબી સેવાઓની પહોંચ અને કાર્યક્ષમતાનો જીવંત પુરાવો છે, જે દર્શાવે છે કે ૧૦૮ સેવા તાત્કાલિક પ્રસૂતિ સેવાઓ પૂરી પાડવામાં કેટલી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

ગુજરાત રાજયમાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં ૧૦૮ એમ્બ્યુલન્સની ૨૪ કલાક સેવા શરૂ કરાઈ હતી. વર્ષ ૨૦૦૭માં શરૂ કરાયેલી આરોગ્યલક્ષી ૧૦૮ ઈમરજન્સી સેવાનું માળખું આજે અન્ય રાજ્યો માટે એક આદર્શ મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના સફળ માર્ગદર્શન હેઠળ ગુજરાતના તમામ જિલ્લાનાં શહેરો, તાલુકા અને છેવાડાનાં ગામ સુધી આજે ૧૦૮ ઈમરજન્સી સેવા ૨૪★૭ વિનામૂલ્યે ઉપલબ્ધ થઈ રહી છે, જે ગુજરાતના નાગરિકો માટે આશીર્વાદ સમાન છે.

ગ્રામીણ અને દુર્ગમ વિસ્તારોમાં ગર્ભવતી મહિલાઓ માટે ૧૦૮ સેવા એક જીવનરક્ષક સાબિત થઈ છે. પ્રસૂતિની પીડા ઉપડતા હોસ્પિટલ પહોંચવામાં વિલંબ થાય તે પહેલાં જ એમ્બ્યુલન્સમાં ઉપલબ્ધ અનુભવી પેરામેડિકલ સ્ટાફ દ્વારા સલામત પ્રસૂતિ કરાવવામાં આવે છે. એટલું જ નહીં, સમયસર તબીબી સહાય મળવાથી માતા અને નવજાત શિશુ બંનેના સ્વાસ્થ્ય અને સુરક્ષા સુનિશ્ચિત થાય છે. આનાથી બાળ મૃત્યુદર અને માતા મૃત્યુદર ઘટાડવામાં નોંધપાત્ર મદદ મળી છે.

૧૦૮ એમ્બ્યુલન્સ માત્ર પરિવહનનું સાધન નથી, પરંતુ તે એક ચલિત પ્રસૂતિ રૂમ સમાન છે, જ્યાં તાત્કાલિક જરૂરિયાત મુજબની પ્રાથમિક તબીબી સહાય અને આવશ્યક ઉપકરણો ઉપલબ્ધ હોય છે. પેરામેડિકલ સ્ટાફની તાલીમ અને સજ્જતાને કારણે ગંભીર પરિસ્થિતિઓમાં પણ પ્રસૂતિ સફળતાપૂર્વક કરાવી શકાય છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### જયશંકરનો વિપક્ષને સવાલ

# પાકિસ્તાન સાથે મિત્રતા નહોતી તો આવો સિંધુ કરાર કેમ કર્યો?

## વિદેશ મંત્રીએ સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના નિર્ણયને પહલગામ બાદ ઉઠાવવામાં આવેલું સૌથી મહત્ત્વનું પગલું કહ્યું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

રાજ્યસભામાં વિદેશી મંત્રી એસ. જયશંકરે બુધવારે (૩૦ જુલાઈ) ઓપરેશન સિંદૂર પર ચર્ચા શરુ કરી હતી. વિદેશ મંત્રીએ સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના નિર્ણયને પહલગામ બાદ ઉઠાવવામાં આવેલું સૌથી મહત્ત્વનું પગલું કહ્યું. આ સિવાય કહ્યું કે, જ્યારે પાકિસ્તાન સાથે મિત્રતા નહતી, ન તો ગુડવિલ હતી તો આવી સિંધુ જળ સંધિ કરવાની શું જરૂર હતી? આ શાંતિની કિંમત હતી. આ તુષ્ટિકરણની કિંમત હતી. તેમને પંજાબ, રાજસ્થાન, હરિયાણાના ખેડૂતોની ચિંતા નહતી. તેમને પાકિસ્તાનના પંજાબના ખેડૂતોની ચિંતા હતી.

એસ. જયશંકરે રાજ્યસભામાં પહલગામ હુમલા બાદ સરકાર તરફથી ઉઠાવવામાં આવેલા પગલાં ગણાવ્યા. તેમણે કહ્યું કે, અમે પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરી દીધા. સિંધુ જળ સંધિને સ્થગિત કરવામાં આવી અને કહ્યું કે, લોહી અને પાણી એકસાથે નહીં વહે. આ સંધિને મોદી સરકારે રોકી. દુનિયાએ જોયું કે, ભારતે કેવી રીતે જવાબ આપ્યો. અમારા નિશાના પર આતંકવાદી અને આતંકવાદીઓના ઠેકાણા હતા. અમે દુનિયા સામે પાકિસ્તાનને ઉઘાડું પાડ્યું.

વિદેશ મંત્રીએ વધુમાં કહ્યું કે, ભારતે વર્ષો સુધી સરહદ પાર આતંકવાદ સહન કર્યું છે. અમે જે કરી રહ્યા છીએ તે કરતા રહીશું. દરેક વખતે આટલી મોટી ઘટના બને છે, મુંબઈમાં બ્લાસ્ટ થાય છે અને અમુક મહિના બાદ તમે કહો છો કે, નહીં, નહીં ઠીક છે. જે થવાનું હતું એ થઈ ગયું, ચાલો વાત કરીએ. બોલો, હવે પછી તમને કોણ ગંભીરતાથી લેશે? અમે આતંકવાદને ગ્લોબલ એજન્ડા બનાવ્યો. આ મોદી સરકારના પ્રયાસોથી શક્ય થયું. આજે આતંકવાદીઓને મળતું ફન્ડિંગ બંધ થઈ ગયું છે.

આતંકવાદ મુદ્દે વિદેશ મંત્રીએ કહ્યું કે, આપણે આતંકવાદને એક-બે કે ૧૦ વર્ષથી નહીં પરંતુ, ૧૯૪૭થી સહન કરી રહ્યા છીએ. ભારતના આતંકી હુમલાને દુનિયાએ જોયું. બ્રિજીઝ રિપોર્ટમાં પાકિસ્તાન ઉઘાડું પડ્યું. ૨૬/૧૧ના ગુનેગાર તહવ્વુર રાણાને લઈને અમે લઈને આવ્યા. આપણી ડિપ્લોમેસી સફળ રહી. અમેરિકાએ પણ ટીઆરએફને આતંકી સંગઠન જાહેર કર્યું.

ઓપરેશન સિંદૂર વિશે એસ. જયશંકરે કહ્યું કે, અમારો ટાર્ગેટ નક્કી હતો. અમે કાર્યવાહી કરી અને એ પણ સ્પષ્ટ કરી દીધું કે, ભારત કોઈપણ મધ્યસ્થતા સ્વીકારશે નહીં. જો કોઈ વાત થશે તો ડીજીએમઓ ચેનલ દ્વારા જ થશે. પાકિસ્તાનના ડીજીએમઓએ આપણા ડીજીએમઓ સાથે વાત કરી અને હુમલાને રોકાવાનું કહ્યું.

ડોનાલ્ડ ટ્રમ્પના દાવા વિશે વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે, દુનિયાના કોઈપણ નેતાએ ક્યાંયથી પણ ભારતને ઓપરેશન રોકવાનું નથી કહ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન પ્રમુખ ટ્રમ્પ સાથે કોઈ વાતચીત નથી કરી. સાઉદી અરેબિયા સહિતના દેશો સાથે વાતચીત થઈ. તમામ કૉલ રેકોર્ડ પર છે. મારા સોશિયલ મીડિયા પર પણ છે. દરેકને અમે એ જ કહ્યું કે, પાકિસ્તાન સંઘર્ષ રોકવા ઈચ્છે છે તો તે અમારી ડીજીએમઓ ચેનલ દ્વારા કરે. કાન ખોલીને સાંભળી લો... ૧૨ એપ્રિલથી ૨૨ જૂન સુધી એક પણ ફોન કૉલ વડાપ્રધાન મોદી અને અમેરિકન પ્રમુખ વચ્ચે નથી થયો.

---

### જસ્ટિસ વર્માને સુપ્રીમ કોર્ટના તીખાં સવાલ

## તમારું આચરણ વિશ્વસનીય નથી, તમે હાજર જ કેમ થયા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

કેશ કાંડમાં ફસાયેલા ન્યાયાધીશ યશવંત વર્માએ પોતાની વિરુદ્ધ તપાસ કરી રહેલી ઈન હાઈસ કમિટીની પ્રક્રિયા અને તેમને પદ પરથી હટાવવાની ભારતના મુખ્ય ન્યાયાધીશની ભલામણ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી, ત્યારે સુપ્રીમ કોર્ટે આ અરજીની સુનાવણી હાથ ધરી વર્માની આકરી ઝાટકણી કાઢી છે. કોર્ટે યશવંત વર્માનું આચરણ વિશ્વનીય ન હોવાનું કહી તેમને આકરા પ્રશ્નો પૂછ્યા છે. કમિટીએ રિપોર્ટમાં વર્માને કદાચારા દોષિત ઠેરવ્યા છે. કોર્ટે વર્માને પૂછ્યું કે, તેઓ કમિટી સમક્ષ હાજર કેમ થયા અને સમિતિ સમક્ષ પડકાર કેમ ન ફેંક્યો? કોર્ટે વર્માને કહ્યું કે, તેમણે સમિતિની રિપોર્ટ વિરુદ્ધ જતા પહેલા જ સુપ્રીમ કોર્ટમાં આવવાની જરૂર હતી. ન્યાયાધીશ દીપાંકર દત્તા અને ન્યાયાધીશ એ.જી.મસીહની બેંચે કહ્યું કે, જો ભારતના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ એવું માનવાનો કોઈ દસ્તાવેજ છે કે, કોઈ ન્યાયાધીશને કદાચાર દોષિત ઠેરવાયા છે, તો તેઓ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને સૂચિત કરી શકે છે. બેંચે કહ્યું કે, કેસમાં આગળ વધવું છે કે નહીં, તે રાજકીય નિર્ણયથી નક્કી કરવામાં આવશે.

## સેનાના વાહન પર ભેખડ ધસી પડી, ૨ અધિકારી શહીદ થયા



। (એજન્સી) ગલવાન, તા.૩૧ ।

લદ્દાખની ગલવાન ખીણમાં એક મોટો અકસ્માત થયો જ્યારે દુર્બુકથી ચોંગતાશ જઈ રહેલ એક લશ્કરી વાહન ભૂસ્ખલનનો ભોગ બન્યું. આ દુઃખદ ઘટનામાં, બે સૈન્ય અધિકારીઓ શહીદ થયા, જ્યારે ત્રણ અન્ય સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા. ઘાયલોને તાત્કાલિક એરલિફ્ટ કરીને લેહની લશ્કરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ભારતીય સેનાના ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સે X - GOC પર લખ્યું, ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સ અને તમામ રેંક લેફ્ટનન્ટ કર્નલ ભાનુ પ્રતાપ સિંહ અને લાન્સ દફાદાર દલજીત સિંહને સલામ કરે છે, જેમણે ૩૦ જુલાઈ ૨૦૨૫ ના રોજ લદ્દાખમાં પોતાની ફરજ બજાવતી વખતે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું અને આ દુઃખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરે છે. છેલ્લા કેટલાક દિવસોથી લદ્દાખમાં ભારે વરસાદ અને હિમવર્ષાને કારણે પરિસ્થિતિ ખૂબ જ મુશ્કેલ બની ગઈ છે. તેની અસર રસ્તાઓ પર પણ જોવા મળી રહી છે.

---

### 3 લાખ પરિવારને થશે ફાયદો

# તેલંગાણામાં ૧૪ મુસ્લિમ જાતિને અનામત આપવા માટેની તૈયારી

## તેલંગાણા વિધાનસભામાં માર્ચમાં એક બિલ પસાર કરીને પછાત વર્ગ અનામત ૨૭%થી વધારીને ૪૨% કરાઈ છે

। હૈદરાબાદ, તા.૩૧ ।



તેલંગાણામાં મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકાર ૧૪ મુસ્લિમ જાતિઓને પછાત વર્ગ (BC) હેઠળ અનામતની સુવિધા આપવાની તૈયારી કરી રહી છે. આ જાતિઓમાં આશરે ૩ લાખ પરિવાર સામેલ છે, જે લાંબા સમયથી સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પછાતપણાનો સામનો કરી રહ્યા છે. હવે આ મુસ્લિમ સમૂહને BC(E) શ્રેણી હેઠળ 4% અનામત આપવામાં આવશે. પરંતુ, કાયદાકીય વિવાદ અને ધાર્મિક આધાર પર અનામતને લઈને સવાલના કારણે આ નીતિ પ્રભાવી રૂપે લાગુ ન થઈ શકી. સરકારનું માનવું છે કે, આ જાતિઓનો ધર્મ નથી, પરંતુ પછાતપણાના આધારે લાભ આપવો જોઈએ.

સરકાર દ્વારા કરાવવામાં આવેલા સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રોજગાર અને રાજનૈતિક જાતિ (SEEPC) સરવેનો રિપોર્ટ ફેબ્રુઆરી ૨૦૨૫માં સાર્વજનિક થયો હતો. તેમાં સામે આવ્યું કે, રાજ્યની કુલ 12.58% મુસ્લિમ વસ્તીમાંથી 10.08% પછાત મુસ્લિમ છે અને ફક્ત 2.5% મુસ્લિમ અન્ય વર્ગમાં આવે છે. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું કે, હૈદરાબાદના જૂના શહેરમાં અનેક મુસ્લિમ મહિલાઓએ ગણતરીકર્તાઓ સાથે વાતચીત ન કરી, જેનાથી મુસ્લિમ વસ્તીનો અંદાજ 1-2% ઓછો થઈ શકે છે.

SEEPC સરવે આધારે તેલંગાણા વિધાનસભામાં માર્ચમાં એક બિલ પસાર કરીને પછાત વર્ગ અનામત ૨૭%થી વધારીને 42% કરવામાં આવી છે. આ વૃદ્ધિ શિક્ષણ, સરકારી નોકરી અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં લાગુ થશે. આ બિલ હવે રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્મા દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મોકલવામાં આવ્યું છે. રાજ્ય સરકારના સલાહકાર અને વરિષ્ઠ નેતા મહોમ્મદ અલી શબ્બીર અનુસાર, આશરે ૩ લાખ શિયા પરિવાર ન ફક્ત આર્થિક અને સામાજિક રૂપે પછાત છે. પરંતુ, તેમને કોઈપણ પ્રકારની સરકારી યોજનાનો લાભ નથી મળી રહ્યો.

સરવે અનુસાર, મુસ્લિમ સંપ્રદાયે ૧૦.૦૮% લોકો ગરીબી રેખાની નીચે છે અને મદદ મેળવવાને પાત્ર છે. સૈયદ, મુગલ, પઠાણ, અરેબિયા, કોજ્જા મેમન, આગા ખાની અને બોહરા જેવા મુસ્લિમ સમૂહ વ્યવસાય પર આધારિત જાતિ છે, જેમ અન્ય પછાત વર્ગની જાતિ હોય છે. આ ધર્મ આધારિત અનામત નથી, પરંતુ સામાજિક-આર્થિક પછાત પર આધારિત પ્રસ્તાવ છે.

ભાજપ દ્વારા આ પ્રસ્તાવ પર ધર્મ આધારિત અનામતનો આરોપ લગાવવા પર મોહમ્મદ અલી શબ્બીરે કહ્યું કે, જ્યારે પણ મુસ્લિમ અનામતની વાત કરવામાં આવી, સરકારને પૂછવામાં આવ્યું કે, ડેટા ક્યાં છે? હવે અમારી પાસે સરવેના માધ્યમથી નક્કર આંકડા છે. મોટાભાગના ગરીબ મુસ્લિમ ફળ-શાકભાજી વિક્રેતા, ભંગાર વેચવાનું, ડ્રાઈવર જેવા કામ કરે છે. તેમને પણ એટલા જ અધિકારો મળવા જોઈએ, જેટલા અન્ય સંપ્રદાયોને મળે છે.

શબ્બીરે સંકેત આપ્યો કે, સરકાર હવે વિચાર કરી રહી છે કે, આ ૧૪ મુસ્લિમ જાતિઓને પણ તે લાભ અને યોજના આપવામાં આવે જે SC, ST અને OBCને આપવામાં આવી રહી છે. જોકે, રોજગારમાં પ્રાથમિકતા, શિષ્યવૃત્તિ, ઉદ્યોગસાહસિકતા સપોર્ટ અને સ્થાનિક રાજકીય પ્રતિનિધિત્વ.

---

## દિવ્યાંગજનોને વિનામૂલ્યે સાધન સહાય અર્પણ કરવાનો સેવા કાર્યક્રમ યોજાયો

। (એજન્સી) બેંગલુરુ, તા.૩૧ ।

શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય ભચાઉ દ્વારા, અલીમ્કો–ભારત સરકારના આર્થિક સહયોગથી, અને એગ્રોસેલ ફાઉન્ડેશનના પ્રોજેક્ટ "સંપૂર્ણ" ના સહકારથી ખાવડા ગામે દિવ્યાંગજનો માટે સાધન સહાય અર્પણ કાર્યક્રમનો સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. અતિથીઓ દ્વારા દીપ પ્રગટ્યા કરી કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો, અગ્રોસેલ ફાઉન્ડેશનના રામજીભાઈએ મહેમાનોનું સ્વાગત કરી કાર્યક્રમનો હેતું સમજાવતા કહ્યું કે "આ સાધન સહાયથી દિવ્યાંગજનોના જીવનમાં બદલાવ આવશે અને દિવ્યાંગો સ્વાવલંબી અને આત્મનિર્ભર બનશે". કાર્યક્રમમાં સમાજ સુરક્ષા અધિકારી સાહેબ શ્રી ચૌહાણ સાહેબ ખાસ હાજર રહી દિવ્યાંગજનોનું જીવન ધોરણ ઊંચું લાવવા માટે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાની ચર્ચા કરી અને સમાજ કલ્યાણ ઈ-પોર્ટલ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થાના સ્થાપક સંચાલક શ્રી જીતેન્દ્રભાઈ જી. જોષી દ્વારા સંસ્થાની કામગીરીનો પરિચય આપતા કહ્યું હતું કે સંસ્થા જરૂરિયાતમંદ બાળકો માટે શિક્ષણ, દિવ્યાંગજનો માટે મેડીકલ સર્ટી, શિક્ષણ, સાધન સહાય, રમતગમત, રોજગારલક્ષી તાલીમો અને એમના પુનઃ સ્થાપન માટે વર્ષોથી કાર્યરત છે.

---

## રશિયામાં શક્તિશાળી ભૂકંપ બાદ ૫ મીટરથી ઊંચી સુનામીની લહેરો

। મોસ્કો, તા.૩૧ ।

રશિયામાં ૮.૭ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદથી અનેક દેશોમાં ફફડાટની સ્થિતિ જોવા મળી રહી છે. રશિયા, જાપાન અને અમેરિકા ત્રણેય દેશોમાં સુનામીનું એલર્ટ જાહેર કરાયું છે ત્યારે રશિયા અને જાપાનમાં સુનામીની એન્ટ્રી થઈ ગઈ હોય તેવા અહેવાલ છે. સ્થાનિક ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર રશિયાના પેસિફિક ક્ષેત્રમાં સેવેરો અને કુરીલ્સ્કની નજીક સુનામીની લહેરો ૩ મીટરથી વધારે ઊંચી ઊઠી હતી. તેમાં સૌથી સૌથી શક્તિશાળી લહેરની ઊંચાઈ ૫ મીટર સુધી પહોંચી. પેસિફિક સુનામી એલર્ટ કેન્દ્ર અનુસાર હવાઈના હલેઈવા વિસ્તારમાં લગાવાયેલા ગેજમાં સામાન્ય સમુદ્રની તુલનાએ ૪ ફૂટ ઊંચા સુનામીના મોજા રેકોર્ડ થયા હતા. જાપાનમાં સુનામીનું એલર્ટ જાહેર કરાયા બાદથી લોકો ધાબે ચઢી ગયા હતા. લોકોને ઈમારત પર ઊભેલા વીડિયો જોઈ શકાય છે. પેસિફિક વૉર્નિંગ સેન્ટર કહે છે કે હવાઈ, ચિલી અને જાપાન તથા સોલોમન ટાપુ પર સુનામીની સ્થિતિ સર્જાઈ છે. જાપાનમાં ૧૬ જગ્યાએ સુનામીએ દસ્તક આપી છે. આ દરમિયાન સમુદ્રમાં ૪૦ સે.મી. ઊંચા મોજા જોવા મળ્યા હતા. ઈશિનોમાકી પોર્ટ પર સમુદ્રમાં પચાસ સે.મી. ઊંચા મોજા જોવા મળ્યા હતા. જાપાના હોક્કાઈદોમાં પણ સુનામીની લહેરો જોવા મળી હતી. જાપાનના ઈશિનોમાકી પોર્ટ પર ૫૦ સેમી (૧.૬ ફૂટ) ઊંચાઈની સુનામી નોંધાઈ હતી, જે અત્યાર સુધીની સૌથી ઊંચી સુનામી છે. જાપાન સરકારે દરિયાકાંઠાના શહેરોમાંથી ૯ લાખ લોકોને સ્થળાંતર કરવાની નોટિસ જારી કરી છે. સુનામીની ચેતવણીને કારણે હવાઈના હોનોલુલુમાં ટ્રાફિક જામ થઈ ગયો છે. ચેતવણીના સાયરન વાગવા લાગ્યા છે અને લોકો ઊંચા સ્થળોએ જઈ રહ્યા છે. હવાઈમાં શાળાઓ પણ બંધ કરી દેવામાં આવી છે. યુએસની ભૂકંપ એજન્સી દ્વારા એલર્ટ જાહેર કરાયા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે પણ સુનામીની ચેતવણી જાહેર કરી હતી.

---

### તમિલનાડુના રાજ્યપાલ આર. એન રવિનો મોટો દાવો

## ભારતના બે રાજ્યોમાં વધતી જતી વસતી ટાઇમ બોમ્બ સમાન



। (એજન્સી) ચેન્નાઈ, તા.૩૧ ।

તમિલનાડુના રાજ્યપાલ આર એન રવિએ આસામ અને પશ્ચિમ બંગાળ સહિત દેશના કેટલાક ભાગોમાં ઝડપથી વધી રહેલી વસતી અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, આસામ અને પશ્ચિમ બંગાળ સહિત કેટલાક ભાગોમાં વસ્તીમાં થઈ રહેલો ફેરફાર ટાઈમ બોમ્બ સમાન છે. આ સમસ્યાનો ઉકેલ શોધવો પડશે. બીજી તરફ મહારાષ્ટ્ર અને તમિલનાડુ જેવા રાજ્યોમાં છેડાયેલા ભાષા વિવાદ વચ્ચે રાજ્યપાલે કહ્યું કે, ભાષાના નામ પર લડવું એ ભારતની સંસ્કૃતિ નથી. કોઈએ કોઈના પર ભાષા થોપવી ન જોઈએ. આ દેશે હંમેશા બાહ્ય હુમલાઓનો સામનો કર્યો છે, પરંતુ જ્યારે આપણે અંદરની વાત કરીએ છીએ, ત્યારે આપણે જોવું જોઈએ કે ઈતિહાસમાં શું થયું છે. રાજ્યપાલ રવિએ કહ્યું કે, ૧૯૪૭માં દેશનું વિભાજન થયું હતું. આ આંતરિક અશાંતિને કારણે થયું. એક વિચારધારામાં માનનારા લોકોએ કહી દીધું હતું કે અમે બીજા લોકો સાથે ન રહી શકીએ. આમ વિચારધારાના વિવાદે દેશને વિભાજીત કર્યો. આર. એન. રવિએ ગુજરાતના ગાંધીનગરમાં રાષ્ટ્રીય સંરક્ષણ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને સંબોધતા આ વાત કહી. તેમણે કહ્યું કે, શું કોઈને છેલ્લા ૩૦-૪૦ વર્ષોમાં આસામ, પશ્ચિમ બંગાળ અને પૂર્વાંચલ(ઉત્તર પ્રદેશ અને બિહારના કેટલાક ભાગો)માં વસ્તીમાં થયેલા ફેરફારોની ચિંતા છે? શું આજે કોઈ એ અંદાજો લગાવી શકે કે આવનારા ૫૦ વર્ષોમાં આ વિસ્તારોમાં દેશને વિભાજીત કરવાનું કામ નહીં થશે?

---

### સાઉદીનો મોટો નિર્ણય

## વિદેશી નાગરિકો મિલકત ખરીદી શકશે પણ શરતોનું પાલન કરવું પડશે



। (એજન્સી) રિયાદ, તા.૩૧ ।

સાઉદી અરેબિયામાં હવે વિદેશી નાગરિક પણ પ્રોપર્ટી ખરીદી શકશે. સાઉદી અરેબિયાના સ્થાનિક ન્યુઝપેપર ઉમ્મ-અલ-કુરા ગેજેટમાં ૨૫ જુલાઈના રોજ આ કાયદો પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જે પ્રકાશન તારીખના ૧૮૦ દિવસમાં અમલી બનશે.

સાઉદી કેબિનેટે આ મહિને આ કાયદાને મંજૂરી આપતાં વિદેશી નાગરિકો માટે પોતાનું રિયલ એસ્ટેટ માર્કેટ ખુલ્લું મૂક્યું હતું. તેણે વિદેશી નાગરિકો, કંપનીઓ, એનજીઓ અને રોકાણ કરતી સંસ્થાઓને સાઉદીમાં પ્રોપર્ટી ખરીદવાના હક આપ્યા છે. આ અધિકારમાં ઓનરશિપ, પ્રોપર્ટી લીઝ પર લેવી, પ્રોપર્ટીનો ઉપયોગ કરવા સંબંધિત રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા અધિકારો સામેલ છે. જો કે, આ કાયદામાં સ્થળ, પ્રોપર્ટીનો પ્રકાર અને વપરાશના આધારે અમુક પ્રતિબંધો પણ લાદ્યા છે.

સાઉદી અરેબિયામાં કાયદેસર રહેતા વિદેશી નાગરિકો પોતાના અંગત વપરાશ માટે પ્રતિબંધિત વિસ્તારોની બહાર સિંગલ રેસિડેન્શિયલ પ્રોપર્ટી ખરીદી શકશે. આ કાયદો વિદેશી સ્ટેકહોલ્ડર્સ ધરાવતી નોન-લિસ્ટેડ કંપનીઓ, લાયસન્સ ધરાવતા ઈન્વેસ્ટમેન્ટ ફંડ, અને સ્પેશિયલ પર્પઝ વ્હિકલ્સ કાર્યકારી અને કર્મચારીઓના વસવાટ માટે મક્કા અને મદીનામાં શરતો હેઠળ પ્રોપર્ટી ખરીદી શકે છે.

મક્કા અને મદીનામાં પ્રોપર્ટી ખરીદવાની મંજૂરી તો આપવામાં આવી છે, પરંતુ સાથે સાથે કેટલીક શરતો પણ મૂકવામાં આવી છે. આ બંને શહેરોમાં માત્ર મુસ્લિમ વ્યક્તિઓને જ આકરી શરતો હેઠળ સંપત્તિ ખરીદવાની મંજૂરી મળશે.

---

## ઓવલ ટેસ્ટ મેચમાંથી બહાર થયો બેન સ્ટોક્સ

। (એજન્સી) લંડન, તા.૩૧ ।

ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) એ બુધવારે જાહેરાત કરી કે ઈંગ્લેન્ડનો કેપ્ટન બેન સ્ટોક્સ અને ઝડપી બોલર જોફ્રા આર્ચર બંનેને ઓવલ ખાતે ભારત સામેની પાંચમી ટેસ્ટમાંથી બહાર થયા છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે એન્ડરસન-તેંડુલકર શ્રેણીની પાંચમી અને અંતિમ મેચ ૩૧ જુલાઈથી લંડનના ઓવલ ખાતે રમાશે. ઓવલ ખાતે રમાનારી પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચ પહેલા ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમને મોટો ઝટકો લાગ્યો છે. કેપ્ટન બેન સ્ટોક્સ ખભાની ઈજાને કારણે આ ટેસ્ટ રમશે નહીં. તેમની ગેરહાજરીમાં ઓલી પોપને ટીમની કમાન સોંપવામાં આવી છે. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ (ECB) એ સોશિયલ મીડિયા દ્વારા માહિતી આપી હતી કે ટીમમાં કુલ ચાર ફેરફારો કરવામાં આવ્યા છે.

## તંત્રી લેખ...

# રાજ્યસભામાં વિપક્ષનો હોબાળો અને વોકઆઉટ

સંસદનું ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા થઈ ચૂકી છે. ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં જવાબ પણ આપ્યો હતો. આજે રાજ્યસભામાં આ વિષય પર ચર્ચાનો અંતિમ દિવસ હતો ત્યારે આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યસભામાં જવાબ આપ્યો છે.

રાજ્યસભામાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા દરમિયાન ગૃહમંત્રી અમિત શાહ જ્યારે પોતાનું ભાષણ આપવા માટે ઉભા થયા ત્યારે વિપક્ષે હોબાળો કરવાનું શરૂ કરી દીધું. આ દરમિયાન ઉપસભાપતિએ તમામને શાંત કર્યા અને પોતાની સીટ પર બેસી જવા કહ્યું. ત્યારે ગૃહમંત્રી અમિત શાહને અનેક વખત પોતાનું ભાષણ રોકવું પડ્યું. વિપક્ષ દ્વારા સતત વડાપ્રધાન મોદીને ગૃહમાં બોલાવવાની માગ કરાઈ, જેના પર અમિત શાહે કહ્યું કે, વડાપ્રધાન પોતાની ઓફિસમાં છે. મારાથી પતી જાય છે તો શા માટે વડાપ્રધાનને બોલાવવા...વધુ તકલીફ થશે.

રાજ્યસભામાં વિપક્ષ નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, વિપક્ષની માગ હતી કે વડાપ્રધાન ગૃહમાં આવીને જવાબ આપે. જો વડાપ્રધાન સંસદ પરિસરમાં હાજર હોવા છતા ગૃહમાં નથી આવતા તો આ ગૃહનું અપમાન છે.

આ દરમિયાન ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે, કોંગ્રેસ પાર્ટી વધુ પડતા મુદ્દાઓ પર મલ્લિકાર્જુન ખડગેને બોલવા નથી દેતી અને તેઓ સવાલ ઉઠાવી રહ્યા છે. બીએસીની બેઠકમાં એ નક્કી હતું કે બંને ગૃહોમાં ૧૬-૧૬ કલાક ચર્ચા કરાશે. પરંતુ જવાબ કોણ આપશે એ સરકાર અને વડાપ્રધાન નક્કી કરશે. રાજ્યસભામાં ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે, કાલે તમે (કોંગ્રેસ) પૂછી રહ્યા હતા કે તે (પહલગામના આતંકવાદી) આજે જ શા મારે મારવામાં આવ્યા? તેમને કાલે શા માટે ન મારવા જોઈતા હતા? કારણ કે રાહુલ ગાંધીને પોતાનું ભાષણ આપવું હતું? એવું ન ચાલે. આખો દેશ જોઈ રહ્યો છે કે પ્રાથમિકતા રાષ્ટ્રીય સુરક્ષા અને આતંકવાદનો ખાતમો નહીં, પરંતુ રાજનીતિ, વોટ બેંક અને તૃષ્ટિકરણની રાજનીતિ છે...

# હિટ એન્ડ રનના કેસમાં જાણીતી એક્ટ્રેસની ધરપકડ

### ગુવાહાટીમાં ૨૫ જુલાઈએ થયેલા હીટ એન્ડ રન કેસમાં જાણીતી આસામની અભિનેત્રી નંદિની કશ્યપની ધરપકડ

ગુવાહાટીમાં ૨૫ જુલાઈએ થયેલા હીટ એન્ડ રન કેસમાં જાણીતી આસામની અભિનેત્રી નંદિની કશ્યપની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આજે અંદાજે દોઢ વાગે નંદિનીને ગુવાહાટીથી ધરપકડ કરી હતી. હવે અભિનેત્રીને કોર્ટમાં રજૂ કરાશે. જણાવી દઈએ કે ગઈકાલે અભિનેત્રીને કસ્ટડીમાં લાવવામાં આવી હતી. એકટ્રસ પર આરોપ છે કે તેને વિદ્યાર્થીને પોતાની કારથી કચડીને ફરાર થઈ ગઈ હતી. ૨૫ જુલાઈની રાત્રે અંદાજે ૩ વાગ્યે ગુવાહાટીના દક્ષિણ ગામ વિસ્તારમાં ૨૧ વર્ષના સમીઉલ નામનો વિદ્યાર્થી રસ્તો ક્રોસ કરી રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો. સમીઉલ નલબાડી પોલિટેકનિક કોલેજમાં અભ્યાસ કરતો હતો અને સાથે તે ગુવાહાટી મ્યુનિસિપલ કાઉન્સિલમાં કામચલાઉ ધોરણે કામ કરતો હતો. રિપોર્ટ્સ પ્રમાણે તે કામ કરી ઘરે પાછો ફરી રહ્યો હતો ત્યારે રસ્તા પર પૂરપાટ ઝડપે આવતી જીંફએ તેને ટક્કર મારી હતી. અમુક પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે જીંફ નંદિની કશ્યપ ચલાવી રહી હતી. આ ઘટના બાદ ગુવાહાટી પોલીસે આ મામલે તપાસ કરી. મોડી રાત્રે અભિનેત્રીને ડિટેઈન કરી અને લાંબા સમય સુધી તેની પૂછપરછ કરી. પૂછપરછ બાદ તેની ધરપકડ કરવામાં આવી. હાલમાં પોલીસ તપાસ કરી રહી છે કે તે દુર્ઘટના સમયે તે નશામાં હતી કે નહીં. પોલીસના સૂત્રોએ જણાવ્યા અનુસાર નંદિની પર ભારતીય દંડ સંહિતાની ધારા ૨૭૯(બેદરકારીપૂર્વક વાહન ચલાવવી) અને ૩૦૪છ (બેદરકારીથી મોત) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. જણાવી દઈએ કે સમીઉલ હકનો અકસ્માત થયા બાદ તેને સૌથી પહેલા ગુવાહાટી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં લઈ આવ્યા અને હાલત વધારે બગડતા તેને એપોલો હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યો. હોસ્પિટલમાં ચાર દિવસ પછી ૨૯ જુલાઈ તેનુ મોત નીપજ્યું. પોલીસે જણાવ્યું કે તેમને ઝઝ્ફ ફૂટેજ મળી ગયા છે.

# અમરેલી પંથકમાં ૨ સિંહબાળના મોત, ભેદી રોગચાળાની આશંકા

ગુજરાતની આન-બાન અને શાન ગણાતા સિંહો પર ભેદી રોગચાળાનું સંકટ મંડરાઈ રહ્યું છે. અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના કાગવદર સિમ વિસ્તારમાં ૨ સિંહબાળના શંકાસ્પદ રીતે મોત થતાં ભેદી રોગચાળાની આશંકા સેવાઈ રહી છે. આ ઘટના બાદ વનવિભાગ દ્વારા ૧૧ સિંહોનું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે, જેમાં ૯ સિંહબાળ અને ૧ સિંહણને પાંજરે પૂરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જે સિંહબાળનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે તેમની હાલત અત્યંત નાજુક છે. ૨ સિંહબાળના શંકાસ્પદ મોત અને અન્યની નાજુક હાલત જોતા વનવિભાગમાં ચિંતા વ્યાપી છે અને સિંહબાળમાં કોઈ ભેદી રોગચાળો ફાટી નીકળ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ મામલે પાલીતાણા શેત્રુંજી ડીવીઝન હેઠળ આવતી જાફરાબાદ રેન્જમાં વનવિભાગ દોડતું થયું છે. જાફરાબાદ તાલુકામાં રેવન્યુ વિસ્તાર, માઈન્સ વિસ્તાર અને ઉદ્યોગોમાં વસવાટ કરતા સિંહોના સ્કેનિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. વનવિભાગ દ્વારા આ અંગે તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. સિંહબાળના સેમ્પલ લેવામાં આવશે અને એનિમલ ડોક્ટરની ટીમ દ્વારા તેમના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવશે.

વિપુલ લહેરી (પૂર્વ વાઈલ્ડ લાઈફ વોર્ડન અમરેલી)એ જણાવ્યું હતું કે 'વર્ષ ૨૦૧૮ માં પણ રોગચાળાના કારણે ૨૨ સિંહો મૃત્યુ પામ્યા હતા. આ બનાવ બાદ સરકાર દ્વારા વહેલામાં વહેલી તકે ટેસ્ટ થાય અને લેબોરેટરી થાય જેથી કોઈ રોગચાળો ફાટી નીકળ્યો છે કે કેમ? તેનો ખ્યાલ આવી શકે તેવી માંગ ઉઠી છે.'

### શિવજીએ કહ્યું કે સૃષ્ટિ એટલે કે સર્ગ, પાલન, સંહાર, તિરોભાવ, અને અનુગ્રહ આ પાંચ જગત સંબંધી મારા કાર્યો છે, જે નિત્યસિદ્ધ છે.

# સર્વ લોકો પર ઉપકાર કરવાં માટે ભગવાન શિવ એ સાત વારની રચના કરી



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ત્યારબાદનાં અધ્યાય શિવલિંગની સ્થાપના, તેનાં પ્રકારો, લક્ષણો અને પૂજનની વિધિનું વર્ણન તથા શિવ પદની પ્રાપ્તિ કરાવનારા સત્કર્મોનું વિવેચન કરે છે. મોક્ષદાયક પુણ્ય ક્ષેત્રનું વર્ણન કાલ વિશેષમાં વિભિન્ન નદીઓ માં સ્નાનના ઉત્તમ ફળ નું નિર્દેશ અને તીર્થોમાં પાપ ન કરવાની ચેતવણી.**

હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણી અભિષેકમા આપણે શિવ પુરાણનો સંદર્ભ લઈને શિવત્વને આત્મસાત કરવાની કે કેવળ ભક્તિ ભાવે શંકર તત્વને પામવાની કોશિશ કરી રહ્યા છીએ, ત્યારે શિવલિંગનાં અસ્તિત્વની કથા આપણે જાણી. શિવ પુરાણ મુજબ આર્દ્રા નક્ષત્રમા એટલે કે માગશર પૂર્ણિમા કે પ્રતિપદાથી એટલે કે મહા વદ ચૌદશ બ્રહ્મા અને વિષ્ણુ એ શિવ તત્વની તપસ્યા કરી, અને પછી એ પ્રસન્ન થયા એ રાત્રિ શિવરાત્રી તરીકે આપણે ઉજવીએ છીએ. શિવજી પ્રસન્ન થયા ત્યારે એમણે સ્વ મુખે પાંચ કૃત્યનું પ્રતિપાદન કર્યું, પ્રણવ મંત્ર અને શિવ પંચાક્ષર મંત્રની મહત્તા બતાવી, ત્યાર બાદ બંને દેવો એ શિવની સ્તુતિ કરી અને શિવ અંતર્ધ્યાન થયા.

શિવ પુરાણના દસમા અધ્યાયમાં તપસ્યાથી પ્રસન્ન થયેલા શિવજીને પુછે કે સૃષ્ટિ આદિ પાંચ કૃત્ય છે એનાં લક્ષણો શાં છે ? એ અમને સમજાવો. ત્યારે ભગવાન શિવ કહે છે આ પાંચ કૃત્યો એ મારા કર્તવ્યો છે! જેને સમજવું થોડું અઘરું છે, છતાં કહું તો આપ બંનેની તપસ્યાથી યુદ્ધથી હું તત્કાલ પ્રગટ થયો અને એ દ્રશ્યમાન હતું, એટલે એ પરમ ઈશ તત્વ ને સકલ રુપ એટલે કે સાકર કહ્યું, જ્યારે બંને વચ્ચેના વિવાદ વખતે જે સ્તંભ સ્વરૂપ હતું એ મારું નિઃસકલ કે નિરાકાર સ્વરૂપ છે, જે મારા બ્રહ્મરૂપનો બોધક છે. આ મારાં ચિન્હ સ્વરૂપ લિંગની આપ અહીં રહીને પૂજા કરો! મારું આ રૂપ મારા નિત્ય સ્વરૂપ સાથે સામિપ્ય ધરાવે છે, અને અભેદ્ય પણ છે. લિંગ સ્વરૂપ સાથે મારું સાયુજ્ય વધુ હોવાથી મૂર્તિ કરતાં લિંગની સ્થાપના વધુ થવી જોઈએ.

શિવજીએ કહ્યું કે સૃષ્ટિ એટલે કે સર્ગ, પાલન, સંહાર, તિરોભાવ, અને અનુગ્રહ આ પંચ જગત સંબંધી મારા કાર્યો છે, જે નિત્યસિદ્ધ છે. સંસારની રચનાનો જે આરંભ છે એને સર્ગ એટલે કે સૃષ્ટિ કહે છે. મારા દ્વારા પાલિત થઈને સૃષ્ટિને સૃષ્ટિ રૂપે રહેવાની જે સ્થિતિ છે, એને પાલન કહેવાય, એનો વિનાશ થાય એને સંહાર, અને પ્રાણોનું ઉત્ક્રમણ, એટલે મૃત્યુ કે સંહાર સમયે પ્રાણ બહાર નીકળી જવો, એને તિરોભાવ કહે છે, અને આ સર્વથી છુટકારો મળી જવો, એ જ મારો અનુગ્રહ છે. જન્મ છે એનું મૃત્યુ નિશ્ચિત છે, પરંતુ મૃત્યુની વેદના વગર પ્રાણ દેહમાંથી નીકળી જાય, તો એ મારો અનુગ્રહ એટલે કે મોક્ષનો હેતુ છે, તે સદા મારા જ અવિચલ ભાવથી સ્થિર રહે છે. જીવ અથવા ભક્ત આ પાંચેક કૃત્યોને પાંચ મહાભૂતોમાં જુએ છે, સૃષ્ટિ એટલે કે ભૂતલ અથવા પૃથ્વીમાં સ્થિતિ એટલે જળમાં સંભાર અગ્નિમાં વાયુમાં અને અનુગ્રહ આકાશમાં સ્થિત છે. પૃથ્વીથી સૃષ્ટિની રચના થાય છે, જળથી એ સૃષ્ટિની વૃદ્ધિ થાય છે, અને જીવનની રક્ષા થાય છે. અગ્નિ સર્વને ભસ્મીભૂત કરી દે છે, વાયુ સર્વને એક સ્થાનથી બીજા સ્થાને લઈ જાય છે, અને આકાશ સર્વને અનુગ્રહિત કરે છે સર્વ પર ઉપકાર કરે છે.

પોતાના પાંચ મુખ માટે કહે છે બ્રહ્મા અને વિષ્ણુ તમે બંને તપસ્યા કરી મને પ્રસન્ન કરી સૃષ્ટિ અને સ્થિતિ નામના બે કૃતિઓ પ્રાપ્ત કર્યા છે. એટલે કે બ્રહ્મા દ્વારા સૃષ્ટિનું સર્જન થાય છે, અને વિષ્ણુ દ્વારા આ સૃષ્ટિનું પાલન થાય છે. પણ એવી જ રીતે મારી વિભૂતિ સ્વરૂપ રુદ્ર, અને મહેશ્વરે બીજા બે ઉત્તમ કૃત્ય, સંહાર અને તિરોભાવ પ્રાપ્ત કર્યા છે. પરંતુ અનુગ્રહ નામક કૃત્ય મેં બીજા કોઈને આપ્યું નથી, અને એ બીજો કોઈ મેળવી શકતો પણ નથી. રુદ્ર અને મહેશ્વર પોતાના કર્મને ભૂલ્યા નથી, એટલા માટે મેં એમને મારી સમાનતા પ્રદાન કરી છે, તે રૂપ,વેશ, કૃત્ય, વાહન, આસન, અને આયુધ વગેરેમાં મુજ સમાન જ છે.

ત્યારબાદ ઓમકાર મંત્રની મહત્તા પ્રગટ કરી જે આપણે સ્વતંત્ર લેખ રૂપે જોયું. ઓમકાર મંત્રનું નિરંતર સ્મરણ કરનાર મારું જ સ્મરણ કરી રહ્યો છે. ત્યારબાદ શિવ પંચાક્ષર મંત્ર ''ઓમ નમઃ શિવાય'' એ મંત્ર માતૃકા વર્ણ પ્રગટ થયા છે, જે પંચ ભેદવાળા છે, અને એમાંથી જ શિરોમંત્ર સહિત ત્રિપદા ગાયત્રીનું પ્રાગટ્ય થયું છે. આ ગાયત્રીથી સંપૂર્ણ વેદ અને વેદોમાંથી કરોડો મંત્ર નીકળ્યાં, એ મંત્રોથી ભિન્ન ભિન્ન કાર્યોની સિદ્ધિ થઈ! પરંતુ પ્રણવ અને પંચાક્ષરથી સંપૂર્ણ મનોરથોની સિદ્ધિ થાય છે. આ બંને મંત્ર ભોગ અને મોક્ષ બંને માટે સિદ્ધ છે. ૐ મંત્ર એ મારા સકલ,કે સાકાર સ્વરૂપ સાથે સંબંધ રાખે છે, જ્યારે શિવ પંચાક્ષર મંત્ર મારા નિષ્કલ કે નિરાકાર સ્વરૂપ સાથે સંબંધ ધરાવે છે.

ત્યારબાદનાં અધ્યાય શિવલિંગની સ્થાપના, તેનાં પ્રકારો, લક્ષણો અને પૂજનની વિધિનું વર્ણન તથા શિવ પદની પ્રાપ્તિ કરાવનારા સત્કર્મોનું વિવેચન કરે છે. મોક્ષદાયક પુણ્ય ક્ષેત્રનું વર્ણન કાલ વિશેષમાં વિભિન્ન નદીઓ માં સ્નાનના ઉત્તમ ફળ નું નિર્દેશ અને તીર્થોમાં પાપ ન કરવાની ચેતવણી. સદાચાર, સ્નાન, ભસ્મધારણ સંધ્યા વંદન, ગાયત્રી જપદાન, અને અગ્નિહોત્રની વિધિ, પણ જેમાં નિયમને નામે આગ્રહ વધુ જોડાય એવી વાતમાં આપણે જવું નથી.

વિપ્ર એટલે કે વૈશ્રવનું નિત્યક્રમ કેવું હોવું જોઈએ, એ વિશે પ્રકાશ પાડતા સૂતજી કહે છે, અગ્નિ યજ્ઞ, દેવ યજ્ઞ, ગુરુપૂજા અને બ્રહ્મ તૃપ્તિ આ ચાર જેના નિત્યક્રમ છે, એ વિપ્ર અથવા દ્વિજ કહેવાય છે. જે ગૃહસ્થ પ્રાતઃકાળ અને સાયંકાળ ચોખા વગેરે દ્રવ્યની આહુતિ આપી જે હોમ કરે છે, એને અગ્નિ યજ્ઞ કહે છે. જે આશ્રમમાં સ્થિત છે, એ બ્રહ્મચારીઓ યજ્ઞ સમયે જે સમિધને અગ્નિમાં હોમે એ પણ અગ્નિયજ્ઞ છે. સૂર્યદેવને અર્ઘ્ય આપીને ગાયત્રી પાઠ કરનાર પણ અગ્નિ યજ્ઞ કરી રહ્યો છે, કારણ કે દિવસનાં ભાગમાં અગ્નિદેવ સૂર્યમાં જ પ્રવેશ કરી જાય છે. અને પ્રાતઃકાળ સૂર્યને આપેલું અર્ઘ્ય એ આયુષ્યને વધારનાર છે. સાયનકાળે અગ્નિને આપેલી આહુતિ સંપત્તિ પ્રદાન કરનારી છે. અગ્નિ યજ્ઞ સમયે બ્રહ્મ કે બ્રહ્મ સ્વરૂપ અન્ય દેવતા ને આહુતિ આપવી એ દેવ યજ્ઞ છે અને તેનાથી બ્રહ્મ તૃપ્તિ થાય છે.

સૃષ્ટિના આરંભમાં સર્વેશ્વર મહાદેવ એ સમસ્ત લોક પર ઉપકાર કરવા સાત વારની રચના કરી. સંસારરૂપી રોગને દૂર કરનાર વૈદ, એવા સર્વના જ્ઞાતા, સમસ્ત ઔષધોના ઔષધ, ભગવાન શિવે પ્રથમ વાર સોમવાર પોતાને નામે રાખ્યો, જેનો સ્વામી સૂર્ય દેવ છે. ત્યારબાદ માયા શક્તિનો વિસ્તાર કરનાર, એટલે સંપત્તિદાયક વાર મંગળવાર બનાવ્યો, જેનાં સ્વામી સોમ દેવ છે. આળસ અને પાપની

### શ્રાવણ માસમાં શિવ મહિમા -૮

# સદા શિવના નંદીશ્વર અવતારનો મહિમા જાણીએ



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**'સર્વ ગણ નાયકોએ ''તથાસ્તુ કહી સર્વ સામગ્રી લઈ મારો અભિષેક કર્યો. સર્વ દેવોએ ત્યાં આવી મારી સ્તુતિ તથા અભિષેક કર્યો. પછી સર્વ દેવોએ વાયુઓની પુત્રી સુયશા દેવી સાથે મારો વિવાહ કર્યો.**

શ્રાવણ માસના દિવસમાં મેઘરાજાની અમીષ્ટિએ ખેડૂતો પશુપાલકોમાં આનંદ ખુશીની લહેર ફેલાવી દીધી છે.સદા શિવ ભોળાનાથની ઉપાસના આરાધના અભિષેક તપ વ્રત ભાવિક ભક્તો તલ્લીન બન્યા છે આપણે શ્રાવણ માસમાં કલમ કાગળ થકી શિવ મહિમા ભકતો સાથે શેર કરવાનો પ્રયત્ન કરી રહયા છીએ. જે આપ સૌને ભક્તિમય માહોલમાં આનંદ પ્રદાન કરતું હશે. આજે શ્રાવણ માસમાં શિવ મહિમા-૮માં સદા શિવના નંદીશ્વર અવતારનો મહિમા જાણવા પ્રયત્ન કરીએ. નંદિશ્વરના મુખેથીજ. સનતકુમારે નંદીશ્વરને પૂછ્યુંઃ-હે પ્રભુ,મહાદેવ ના અંશથી જન્મેલા આપ શિવને કેવી રીતે પામ્યા છો,તે વિશે આપ મને કહો.નંદીશ્વરે કહેઃહે ભગવાન હું સદાશિવના અંશથી જન્મેલોછું શિલાદ ઋષિને પ્રજાની ઈચ્છા થતાં તેમણે ઈન્દ્રને ઉદેશીને અતિ દુઃખદ તપ આરભ્યું. તેમના તપથી પ્રસન્ન થયેલા ઈન્દ્રે તેમને વરદાન માગવા કહ્યું;હે દેવેશ્વર !તમેપ્રસન્ન થયા હો તો યોનિથી જન્મ નહિ પામનાર,મૃત્યુરહિત અને ઉત્તમ વ્રતવાળો પુત્ર હું ઈચ્છું છું.ઈન્દ્ર કહે હે મુનિ !આવો પુત્ર આપવા સમર્થ નથી.તમે સદાશિવની આરાધના કરો,તે જરૂર તમારી ઈચ્છા પૂરી કરશે પછી શિલાદ મુનિએ સદાશિવનું આરાધન કરવા માંડ્યુ. સદાશિવના તપમાં એ ભૂદેવોએ દેવતાઈ હજાર વર્ષ એક ક્ષણની જેમ પસાર થઈગયા તેમનું શરીર રાફડાથી ઢંકાઈ ગયા અને કીડાઓ પણ મુનિને ઘેરી વળ્યાં ત્યારે પ્રભુ શિવજીએ તેમને દર્શન દીધાં અને વરદાન માગવા કહ્યું ત્યારે શિલાદ મુનિએ કહ્યું ;હે પ્રભુ શિવજી !આપ જેવો મૃત્યુ રહિત યોનિથી જન્મ નહિ પામ નારો પુત્ર હું ઈચ્છું છું. શિવજીએ કહ્યું ;હે બ્રાહ્મણ !પૂર્વે તપ કરીને બ્રહ્માએ તેમજ મુની ઓએ તથા ઉત્તમ દેવોએ અવતાર ધારણ કરવા મારૂ પૂજન કરેલ, તેથી હું યોનિથી જન્મ નહિલેનારો નંદી નામે તમારો પુત્ર થઈશ આમ કહી શિવજી અદ્રશ્ય થઈ ગયા શિલાદ મુનિએ પોતાના આશ્રમે આવી સર્વ વૃતાંત ઋષિઓને કહી સંભળાવ્યો.પછી શિલાદે યજ્ઞો માટેની તૈયારી કરી, તે સમયે હું શિવજીની આજ્ઞાથી તેમના પુત્ર રૂપે ઉત્પન્ન થયો. ત્યારે પુષ્કરાવરત મેઘો વરસી પડ્યા.ખેચરો,કીન્નરો, સિદ્ધો-સાધ્યો ગાવા લાગ્યો બ્રહ્મા વગેરે દેવો,દેવપતીઓ તેમજ વિષ્ણુ,શિવ તથા અંબિકાદેવી પણ ત્યાં પધાર્યા.તે ટાણે મોટો ઉત્સવ થયો ત્યારબાદ સઘળાં પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. શિલાદે મને બાળકને પ્રલયકાળને સૂર્ય તથા અગ્નિ સમાન પ્રભાવક, ત્રણ નેત્રો વાળા,ચાર ભુજાવાળો, જટારૂપ તથા મુગટવાળો તેજસ્વી જોઈને મહાઆનંદથી પ્રણામકર્યા અને કહ્યું; દેવેશ્વર !તમે મને ઘણો આનંદિત કર્યો છે,માટે તમે નંદી નામે પ્રખ્યાત થાઓ પછી શિલાદે એ મારા જાતકર્મ વગેરે સર્વ સંસ્કાર કર્યા.પાંચ વર્ષ થતાં તો મારા પિતા એ અંગોપાંગ સહિત સર્વ વેદો તથા બીજા શાસ્ત્રો પણ ભણાવી દીધાં.સાતમું વર્ષ પૂરું થતાં પ્રભુ શિવજીની આજ્ઞાથી બે મુનિઓ મને જોવા આશ્રમમાં આવ્યાં અને તેમને કહ્યું ;તમારા નંદીનું આયુષ્ય એક વર્ષથી વધારે દેખાતું નથી બ્રાહ્મણોના વચનથી શિલાદ મુની ખૂબજ દુઃખી થઈ ચિંતિત રહેવા લાગ્યાં.ત્યારે નંદી એ પિતાને ચિંતા મુક્ત રહેવા કહ્યું અને મહાદેવના ભજનથી હું મોત ને જીતીશ. એમ કહી તેઓ વનમાં ચાલ્યા ગયા તેમને વનમાં રુદ્ર મંત્ર ના જાપથી મહાદેવને પ્રસન્ન કર્યા અને પોતાના આયુષ્ય અંગે વાત કરી શિવે કહ્યું ;તું ઘડપણ વિનાનો મરણ રહિત તથા દુઃખ વિનાનો મારો ગણનાયક થઈશ.આમ કહી શિવજીએ પોતાની મસ્તક માળા ઉતારી મારા ગળામાં આરોપી . તેથીહું શિવની જેમ ત્રણનેત્રવાળો અને દશ ભુજવાળો થઈ ગયો . પછી શિવજીએ પોતાની જટામાં રહેલું પવિત્ર નિર્મળ જળ હાથમાં લઈ 'તું નંદી થા 'એમ કહી મારા પર છાંટતાએ જળમાંથી પાંચ નદીઓ વહી ચાલી.પછી શિવજી એ કહ્યું ;આ દિશ્વર મારો પુત્ર છે.

તેને મારો પ્રિય ગણનાયક અને ઈશ્વરોનો ઈશ્વર બનાવો આજથી આનંદીશ્વર તમારો પૂજ્ય થાઓ. 'સર્વ ગણ નાયકોએ ''તથાસ્તુ કહી સર્વ સામગ્રી લઈ મારો અભિષેક કર્યો. સર્વ દેવોએ ત્યાં આવી મારી સ્તુતિ તથા અભિષેક કર્યો. પછી સર્વ દેવોએ વાયુઓની પુત્રી સુયશા દેવી સાથે મારો વિવાહ કર્યો. પછી સર્વ દેવોએ મને અનેક ઉપહારોથી નવજયો. શિવજી તથા દેવી પાર્વતીએ મને તથા મારી પત્નીને અનેક વરદાન આપ્યા પછી મને લઈ પોઠીયા પર આરુઢ થઈને પોતાના સ્થાને ગયા. વાચક ચાહક ભાવિક ભકતો પવિત્ર શ્રાવણ માસ ચાલી રહયો છે.કાંકરેજ તાલુકાના થરા નગર માં સમસ્ત ભરવાડ ગોપાલક સમાજની ગુરૂગાદી એવું ઝાઝા વડા ગ્વાલીનાથ મહાદેવ મંદિર આવેલ છે.આવતી કાલે તેનો મહિમા જાણવા પ્રયત્ન કરીશું. અસ્તુ. આમ કહી શિવજીએ પોતાની મસ્તક માળા ઉતારી મારા ગળામાં આરોપી . તેથીહું શિવની જેમ ત્રણનેત્રવાળો અને દશ ભુજવાળો થઈ ગયો . પછી શિવજીએ પોતાની જટામાં રહેલું પવિત્ર નિર્મળ જળ હાથમાં લઈ 'તું નંદી થા 'એમ કહી મારા પર છાંટતાએ જળમાંથી પાંચ નદીઓ વહી ચાલી.પછી શિવજી એ કહ્યું ;આ દિશ્વર મારો પુત્ર છે. તેને મારો પ્રિય ગણનાયક અને ઈશ્વરોનો ઈશ્વર બનાવો આજથી આનંદીશ્વર તમારો પૂજ્ય થાઓ. 'સર્વ ગણ નાયકોએ ''તથાસ્તુ કહી સર્વ સામગ્રી લઈ મારો અભિષેક કર્યો. સર્વ દેવોએ ત્યાં આવી મારી સ્તુતિ તથા અભિષેક કર્યો. પછી સર્વ દેવોએ વાયુઓની પુત્રી સુયશા દેવી સાથે મારો વિવાહ કર્યો. પછી સર્વ દેવોએ મને અનેક ઉપહારોથી નવજયો. શિવજી તથા દેવી પાર્વતીએ મને તથા મારી પત્નીને અનેક વરદાન આપ્યા પછી મને લઈ પોઠીયા પર આરુઢ થઈને પોતાના સ્થાને ગયા. વાચક ચાહક ભાવિક ભકતો પવિત્ર શ્રાવણ માસ ચાલી રહયો છે.કાંકરેજ તાલુકાના થરા નગર માં સમસ્ત ભરવાડ ગોપાલક સમાજની ગુરૂગાદી એવું ઝાઝા વડા ગ્વાલીનાથ મહાદેવ મંદિર આવેલ છે.આવતી કાલે તેનો મહિમા જાણવા પ્રયત્ન કરીશું. અસ્તુ.

### ભગવાને મનુષ્યોને જે વિચાર અને સમજણની શક્તિ આપી છે તેનો ઉપયોગ તમામ જીવંત પ્રાણીઓના કલ્યાણ માટે થવો જોઈએ

# મનુષ્યના શરીરના આ રહસ્યો જે આપના હોશ ઉડાવી દેશે!!!!

**સૌથી નાનો કોષ એ પુરુષના શરીરમાં જોવા મળતો શુક્રકોષ છે. એક પુખ્ત વયના વ્યક્તિના શરીરમાં ૩૭.૨ ટ્રિલિયન કોષો હોય છે,**

ડોક્ટરર. હાર્દિક અમીન

(૧). મનુષ્યના શરીરના તમામ અંગો પૈકી આંખની કીકી એક એવું અંગ છે કે જે મનુષ્યના જન્મથી મૃત્યુ સુધી વિકાસ અને વૃદ્ધિ પામી શકતું નથી કારણ કે તેમાં રુધિરનો પ્રવાહ વહેતો નથી, તેથી જ તે જન્મથી મૃત્યુ સુધી એક જ સાઈઝ ની રહે છે. તેમજ મનુષ્યના શરીરના તમામ અંગો મનુષ્ય પુખ્ત વયનો થાય ત્યાં સુધી વધતા રહે છે, પરંતુ બે અંગો એવા છે કે જે મનુષ્ય મૃત્યુ પામે ત્યાં સુધી ધીરે ધીરે વધતા રહે છે એમાં એક છે નાક અને બીજું છે કાન. (૨) મનુષ્યના શરીરમાં સૌથી મોટો કોષ એ સ્ત્રીના શરીરમાં જોવા મળતો અંડકોષ છે,અને સૌથી નાનો કોષ એ પુરુષના શરીરમાં જોવા મળતો શુક્રકોષ છે. એક પુખ્ત વયના વ્યક્તિના શરીરમાં ૩૭.૨ ટ્રિલિયન કોષો હોય છે, જે બ્રહ્માંડમાં હાજર બધા જ તારા કરતાં ઘણા વધુ છે. સામાન્ય રીતે પાંચ વર્ષમાં મનુષ્યના શરીરના તમામ કોષો બદલાઈને નવા કોષો આવે છે. (૩). સામાન્ય રીતે મનુષ્યનું શરીર જ્યારે આરામમાં હોય એટલે કે મનુષ્ય જ્યારે સૂઈ જાય ત્યારે મનુષ્યના શરીરમાં પેરાલીસીસ જેવી અસર ઉભી થાય છે, જેના કારણે મનુષ્યને વધુ સારો આરામ મળી શકે છે જેમ કે સુતી વખતે આપણા હાથમાં રહેલી કેટલીક વસ્તુ હાથમાંથી છટકી જાય છે તે પણ પેરાલીસીસ પ્રકારની જ એક અસર છે. (૪) માનવ શરીરના નખ દર મહિને ૩.૪૭ મિલીમીટર જેટલા વધે છે, તેમાં પણ હાથની વચલી આંગળીના નખ સૌથી વધારે ઝડપથી વધે છે, જ્યારે પગના નખ એ હાથના નખની સરખામણીમાં ચોથા ભાગની ઝડપથી વધે છે. મનુષ્ય પુરી જિંદગી દરમિયાન આશરે ત્રણથી ચાર કિલો જેટલા નખ કાપી નાખે છે.આ નખ વાસ્તવમાં એક પ્રકારનું પ્રોટીન કે જેને કેરેટિન કહેવામાં આવે છે તેના બનેલા હોય છે આ પ્રોટીન મનુષ્યના વાળને પણ રક્ષણ આપે છે, (૫). મનુષ્યના શરીરમાં આશરે ૫.૩૦ થી ૬.૦૦ લીટર જેટલું લોહી ભ્રમણ કરતું હોય છે. મનુષ્યના હૃદયના સામાન્ય ધબકારા પ્રતિ મિનિટે ૭૨ થી લઈને ૮૦ સુધીના હોય છે. મનુષ્યના શરીરમાં લોહીના પ્રવાહની ઝડપ આશરે પાંચ થી છ કિલોમીટર પ્રતિ કલાકની હોય છે.રક્તવાહિનીઓમાં આ લોહી સતત ભ્રમણ કરતું રહે છે. મનુષ્યના શરીરની રક્તવાહિનીઓની કુલ લંબાઈ ૧ લાખ કિલોમીટર કરતાં પણ વધુ થાય છે જે પૃથ્વીના ઘેરાવ એટલે કે ૪૦,૦૦૦ કિલોમીટર કરતા અઢી ઘણી વધારે છે.(૬). મનુષ્યનું હૃદય એક વિશિષ્ટ પ્રકારનો પંપ છે,જે દિવસમાં એક લાખ વખત ધબકે છે અને આખી જિંદગીમાં ૨૫૦ કરોડ વાર ધબકે છે.(૭). મનુષ્યની ઉંમર જેમ જેમ વધતી જાય તેમ તેમ તેની જીભની સ્વાદ ગ્રંથિઓ નાશ પામતી જાય છે,અને મનુષ્ય જ્યારે ૬૦ વર્ષનો થાય ત્યાં સુધીમાં તેની સ્વાદ ગ્રંથિઓની ક્ષમતા ૫૦% જેટલી ઓછી થઈ ગઈ હોય છે તેથી જ વધુ ઉંમરે જે તે વાનગી અથવા તો ખોરાક નો સ્વાદ ઘટી જતો હોય છે.(૮). સામાન્ય રીતે મનુષ્યને જ્યારે છીંક આવે ત્યારે તેના નાક અને મોઢામાંથી ૧૬૦ કિલોમીટર પર કલાકની ઝડપે પવન બહાર ફેંકાય છે આ બગાસાને રોકવું ભારે પડી શકે છે.



## દિશાએ એના નવમા મહિના સુધી શૂટિંગ કર્યુ : જેનિફર

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શોએ સોમવારે ૧૭ વર્ષ પુરા કર્યા છે. ત્યારે એક પ્રેસ કોન્ફરન્સમાં દિલીપ જોશીએ તેઓ દિશા વાકાણી સાથે કરેલા કામને કેટલું યાદ કરે છે, તે અંગે વાત કરી હતી. શોના પ્રોડ્યુસર આસિત મોદીએ પણ કહ્યું કે દયાના પાત્ર માટે કોઈને લેવું એ બહુ મોટો પડકાર છે કારણ કે દયાના પાત્રમાં દિશા વાકાણીએ બહુ મોટી અસર છોડી છે.હવે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં વિવાદાસ્પદ રીતે આ શો છોડી ચૂકેલી જેનિફર મિસ્ત્રીએ પણ દિશા વાકાણીને યાદ કરી હતી. જેનિફરે આ શોમાં રોશન સોઢીનો રોલ કર્યો હતો. તેણે ખુલાસો કર્યો હતો કે દિશા નવ મહિને પ્રેગનન્ટ હતી અને તે પોતે ચાલી પણ શકતી નહોતી, ત્યારે પણ તે શૂટ કરતી હતી.જેનિફરે એવું પણ કહ્યું કે સેટ પર દિશાને એક જગ્યાથી બીજા જગ્યાએ જવા માટે સ્ટ્રેચરની મદદ લેવી પડતી હતી. જેનિફરે કહ્યું, ''જ્યારે દિશા મા બની તો, એ લોકોએ તેને પાછી લાવવા માટે ભીખ માગી હતી. તેની ડિલિવરી પછી પણ એ લોકોએ આવું કરવાનું ચાલુ રાખ્યું હતું, પણ એ પાછી ન આવી. દિશા એના નવમા મહિના સુધી શૂટ કરતી હતી. તેના માટે ખરેખર માન છે. તેને પગથિયા ચડવાની મનાઈ હતી, તો એ લોકો એને સ્ટ્રેચર પર લઈ જતાં હતાં. તેની ડિલિવરી પછી તેના પરિવારમાં સ્થિતિ બદલાઈ ગઈ હશે. એ બહુ પારિવારિક વ્યક્તિ છે. દિશા, હું અને નેહા પાંચ વર્ષ સુધી એક જ વેનિટીનો ઉપયોગ કરતાં હતાં. એ હંમેશા બધી પરિસ્થિતિમાં એડજસ્ટ કરી લેતી હતી. અમે ગમે તેટલાં થાક્યા હોય તો પણ એ ફૅન્સ આવે તો જતી અને તેમની સાથે સેલ્ફી પણ લેતી હતી. તે આવું કરતી ત્યારે હું એના પર ગુસ્સો પણ કરતી. તેનો આત્મા જ સુંદર હતો, તે જાણે કોઈ અલગ જ દુનિયાન વ્યક્તિ છે.''જેનિફરે કહ્યું, ''શો પછી પણ અમે એક વખત એને મળવા માટે ગયેલાં, પણ એ પરિવારમાં રચીરચી હતી. તેને ક્યારેય પોતાના અંગત પ્રશ્નો કોઈ સાથે શેર કરવાની ટેવ નહોતી, તો ખબર નહીં, એને ક્યારેય કોઈ તકલીફ હતી કે નહીં. તે હંમેશા કહેતી કે તેને જ્યારે બાળકો હશે, તો એ એમની સાથે ઘરમાં જ રહેવાનું પસંદ કરશે. ''

# 'સન ઓફ સરદાર ૨'ની રિલીઝ ફરી એક વખત અટવાઈ જવાની શક્યતા

હાલ બોક્સ ઓફિસના સારા દિવસો ચાલી રહ્યા છે, એક તરફ 'સૈયારા' ધૂમ મચાવી રહી છે, તો બીજી તરફ 'મહાવતાર નરસિમ્હા'એ પણ પોતાની જગ્યા બનાવી લીધી છે. આ બે ફિલ્મ વચ્ચે સ્ક્રીન મેળવવામાં મુશ્કેલીઓ હતી, ત્યાં હવે અજય દેવગનની ફિલ્મની પોસ્ટપોન કરેલી તારીખનો પણ રિલીઝનો દિવસ નજીક આવી રહ્યો છે. પહેલાં તો અજય દેવગને 'સૈયારા'ને પુરતો સમય મળી રહે તે માટે પોતાની રિલીઝ પાછી ઠેલી, હવે આ ફિલ્મ એટલી જામી ગઈ કે 'સન ઓફ સરદાર ૨'ને રિલીઝ કરવા માટે પુરતા સ્ક્રીન ઉપલબ્ધ નથી. અજયે પીવીઆર અને ઈનોક્સ સાથે ફિલ્મના ડિસ્ટ્રીબ્યુશન માટે હાથ મિલાવ્યા હતા. સિંગલ સ્ક્રીન સિનેમા અને નોન નેશનલ ચેઈનના થિએટરમાં ફિલ્મ રિલીઝ કરવા માટે તેમને યોગ્ય સમયે સ્ક્રીન મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. એક ટ્રેડ સોર્સ દ્વારા મળતી માહિતી અનુસાર, ''સૈયારા હાલ બોક્સ ઓફિસ પર બહુ જ મજબુત પકડ સાથે ચાલી રહી છે. એક્ઝિબિટર્સ ત્રીજા અઠવાડિયે પણ આ ફિલ્મને છોડવા માગતા નથી. મહાવતાર નરસિમ્હા પણ ધીરે ધીરે ગતિ પકડી રહી છે. તેની ડિમાન્ડ વધવાથી તેના શો પણ વધારી દેવામાં આવ્યા છે.''આ સ્થિતિમાં અજય માટે પરિસ્થિતિ ખરેખર મુશ્કેલ થઈ રહી છે, ''એક કોમેડી ફ્રેન્ચાઈઝીની ફિલ્મ છે અને અજય દેવગન લીડ રોલમાં હોવાથી પીવીઆર ઈનોક્સની ઈચ્છા એવી છે કે તેમને કુલ ૬૦ ટકા શોની જગ્યા મળે, પરંતુ એક્ઝિબિટર્સ તેમના થિએટરમાં ૩૫ ટકાથી વધારે જગ્યા આપી શકે તેમ નથી. કેટલાંક સિંગલ સ્ક્રીન સિનેમા દિવસના બે શો આપવા તૈયાર થયાં છે, પરંતુ નોન નેશનલ ચેનના માલિકો પોતાના થિએટરમાં ૩૫ ટકાથી વધુ જગ્યા આપવા તૈયાર નથી. તેથી સન ઓફ સરદાર ૨ માટે પીવીઆર ખરેખર લડત આપવાની સ્થિતિમાં આવી ગયું છે. ''હાલ તો એવી સ્થિતિ છે કે થિએટર્સનો પ્લાન તો સિંગલ સ્ક્રીન અને નોન નેશનલ




ચેનમાં સૈયારા અને મહાવતાર નરસિમ્હાને મદદ કરવાનો જ છે. આ અંગે સુત્રએ જણાવ્યું, ''હજુ સન ઓફ સરદારની રિલીઝના પ્રશ્નો ઉભા છે, ત્યાં પાછળને પાછળ 'ધડક ૨'ની ટીમ પણ રિલીઝની તૈયારી કરી રહી છે અને તેઓ ઈચ્છે છે કે તેમને પહેલા દિવસે કમ સે કમ ૧૦૦૦ સ્ક્રીન તો મળે, મોટા ભાગે શહેરી વિસ્તારોમાં, ધર્મા પ્રોડક્શન્સની ટીમે 'કેસરી ૨' માટે પણ આ જ સ્ટ્રેટેજી અપનાવી હતી. તેઓ વીકેન્ડ પર પાછળથી શો વધારવાનું પણ વિચારી રહ્યા છે. ત્યારે હવે 'સન ઓફ સરદાર ૨'ની મુશ્કેલી એવી છે કે એ મોટી ફિલ્મ છે, જે લગભગ ૩૫૦૦ સ્ક્રીનમાં રિલીઝ થવાનું આયોજન હતું, પરંતુ પરિસ્થિતિ એવી ઉભી થઈ કે તેને મુશ્કેલીથી ૨૫૦૦ સ્ક્રીન મળે એવું છે, એ પણ છૂટાં છવાયાં શોમાં.''જો એક ૪ સ્ક્રીનનું થિએટર હોય તો પીવીઆરનું આયોજન એવું હતું કે ૬ શો 'સન ઓફ સરદાર ૨'ને મળે, ૫ શો 'સૈયારા'ને મળે, ૪ શો 'ધડક ૨'ને મળે અને ૩ શો'મહાવતાર નરસિમ્હા'ને મળે, બાકીના જે એકાદ ફિલ્મ રિલીઝ થાય એને. જ્યારે ૩ સ્ક્રીનનું થિએટર હોય એમાં આ જ રીતે એક એક શો ઓછો કરી દેવામાં આવે. પરંતુ તેનાથી ઉલટું, સિંગલ સ્ક્રીન સિનેમામાં એવું નક્કી થયું હતું કે ૨ શો 'સન ઓફ સરદાર ૨'ને મળે, ૨ શો 'સૈયારા'ને મળે અને એક શો 'મહાવતાર નરસિમ્હા'ને મળે. સુત્રએ જણાવ્યું, ''પીવીઆર''એકેટલાક સિંગલ સ્ક્રીન થિએટર પાસે સન ઓફ સરદાર ૨ માટે ૪ શો માગ્યા છે.

### હાલ બોક્સ ઓફિસના સારા દિવસો ચાલી રહ્યા છે




એ પણ છૂટાં છવાયાં શોમાં.''જો એક ૪ સ્ક્રીનનું થિએટર હોય તો પીવીઆરનું આયોજન એવું હતું કે ૬ શો 'સન ઓફ સરદાર ૨'ને મળે, ૫ શો 'સૈયારા'ને મળે, ૪ શો 'ધડક ૨'ને મળે અને ૩ શો'મહાવતાર નરસિમ્હા'ને મળે, બાકીના જે એકાદ ફિલ્મ રિલીઝ થાય એને. જ્યારે ૩ સ્ક્રીનનું થિએટર હોય એમાં આ જ રીતે એક એક શો ઓછો કરી દેવામાં આવે. પરંતુ તેનાથી ઉલટું, સિંગલ સ્ક્રીન સિનેમામાં એવું નક્કી થયું હતું કે ૨ શો 'સન ઓફ સરદાર ૨'ને મળે, ૨ શો 'સૈયારા'ને મળે...


# અજય-કાજોલની દીકરી નીસા બિઝનેસ એડમિનમાં ગ્રેજ્યુએટ થઇ

બોલીવૂડ કલાકારો અને તેમના સંતાનો ભાગ્યે જ ઉચ્ચ અભ્યાસમાં રસ લેતાં હોય છે પરંતુ કાજોલ અને અજય દેવગણની દીકરી નીસાએ સ્વિત્ઝર્લેન્ડની એક શૈક્ષણિક સંસ્થામાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશન ઈન ઈન્ટરનેશનલ હોસ્પિટાલિટીની ડિગ્રી મેળવી લીધી છે. દીકરીની ગ્રેજ્યુએશન સેરિમનીમાં ભાગ લેવા માટે અજય અને કાજોલ પુત્ર યુગ સાથે ત્યાં પહોંચ્યાં હતાં. નીસાઅને કાજોલ બંનેની સાડીમાં સજજ તસવીરો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે.કાજોલ અને અજયે દીકરીની શૈક્ષણિક સિદ્ધિ પર હરખ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે કાજોલ અગાઉ જ સ્પષ્ટ કરી ચૂકી છે કે નીસાને બોલીવૂડમાં ઝંપલાવવામાં કોઈ રસ નથી. મુંબઈની પાર્ટીઓમાં નીસાના હાજરી હોય છે અને પાપારાઝી તેના વિડીયો ઉતારવા માટે પડાપડી પણ કરતા હોય



છે. કાજોલ અને અજયે દીકરીની શૈક્ષણિક સિદ્ધિ પર હરખ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે કાજોલ અગાઉ જ સ્પષ્ટ કરી ચૂકી છે કે નીસાને બોલીવૂડમાં ઝંપલાવવામાં કોઈ રસ નથી. મુંબઈની પાર્ટીઓમાં નીસાના હાજરી હોય છે અને પાપારાઝી તેના વિડીયો ઉતારવા માટે પડાપડી પણ કરતા હોય છે. જોકે, નીસા તેમની સાથે ખાસ સંવાદ કરતી નથી. નીસા ગત એપ્રિલમાં ૨૨ વર્ષની થઈ ચૂકી છે.


નીસાઅને કાજોલ બંનેની સાડીમાં સજજ તસવીરો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે.કાજોલ અને અજયે દીકરીની શૈક્ષણિક સિદ્ધિ પર હરખ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે કાજોલ અગાઉ જ સ્પષ્ટ કરી ચૂકી છે કે નીસાને બોલીવૂડમાં ઝંપલાવવામાં કોઈ રસ નથી. મુંબઈની પાર્ટીઓમાં નીસાના હાજરી હોય છે અને પાપારાઝી તેના વિડીયો ઉતારવા માટે પડાપડી પણ કરતા હોય છે. જોકે, નીસા તેમની સાથે ખાસ સંવાદ કરતી નથી. નીસા ગત એપ્રિલમાં ૨૨ વર્ષની થઈ ચૂકી છે.



આ ગીતથી ગ્લોબલ સ્ટેજ પર એક સિંગર તરીકે પાછી ફરી રહી છે.

# નોરા ફતેહી 'સ્નેક' પછી હવે રેવાન્નીના 'તેતેમા'માં દેખાશે

નોરા ફતેહી ડાન્સિંગ સ્ટારમાંથી હવે ગ્લોબલ સિંગિંગ સ્ટાર બની રહી છે, તેણે જેસન ડેરુલો સાથે 'સ્નેક' સોંગમાં કામ કર્યુ હતું. જેના અત્યાર સુધીમાં ૧૩૦ મિલિયન વ્યુઝ થઈ ગયા છે અને હજુ તે વધુ જ રહ્યા છે. હવે તે વધુ એક ગ્લોબલ પ્રોજેક્ટમાં કામ કરવા જઈ રહી છે. તે તાનઝાનિયન સુપર સ્ટાર રેવાન્ની સાથે 'તેતેમા'માં કામ કરશે. આ એક આફ્રિકન બોંગો એન્થમ ગણાતાં ગીતનું રીક્રિએશન છે, જેને રેવાન્ની અને ડાયમંડ પ્લેટનમ્ઝ દ્વારા જાણીતું કરાયું હતું. હવે આ સોંગમાં ટ્વિસ્ટ આવ્યો છે, નોરા ફતેહી આ ગીતમાં માત્ર કોઈ ડાન્સ નંબરની જેમ મોડેલ તરીકે નહીં આવે પણ તેણે આ ગીતને પોતાનો અવાજ પણ આપ્યો છે. તે આ ગીતથી ગ્લોબલ સ્ટેજ પર એક સિંગર તરીકે પાછી ફરી રહી છે.આ ગીત 'ઓહ મામા તેતેમા' ૭ ઓગસ્ટે રિલીઝ થવાનું છે, તેની સાથે સંકળાયેલાં એક સુત્રના જણાવ્યા અનુસાર પ્રોડક્શન ટીમે જણાવ્યું છે કે તેઓ આ નવા ગીતને 'ઓહ મામા તેતેમા' નામ આપશે, જેમાં એળો બોંગો તાલનો ઉપયોગ કરવામાં આવશે, જેમાં નોરાની અલગ એનર્જી, ગ્લેમર અને પર્ફોર્મન્સ જોવા મળશે. સૌથી મહત્વની વાત એ છે કે



આ ગીતમાં નોરાએ ઈંગ્લિશ, હિન્દી અને સ્વાહિલી ભાષામાં અવાજ અપાયો છે, જેથી તે ગીતની કલ્ચરલ રીચ સાથે પોતાની ગ્લોબલ ઈમેજ પણ વધારી શકશે. એક સુત્રના જણાવ્યા અનુસાર, ''આ ગીતથી નોરા પોતાની ગ્લોબલ મ્યુઝિકની સફરમાં એક ઈન્ટરનેશનલ આર્ટિસ્ટ તરીકે ઉભરી આવશે.''આ પહેલાં નોરા અને રેવાન્ની ૨૦૧૯માં પેપેટા ગીત કરી ચુક્યા છે, જે વાયરલ અને સુપરહિટ રહ્યું હતું. હવે તેતેમા તેનાથી પણ વધુ સફળ થાય એવી અપેક્ષા છે, જે મ્યુઝિક સાથે ડાન્સમાં પણ લોકોને મજા કરાવશે. આ ગીત માટે નોરા ફેશન લૂક પણ ક્યુરેટ કરી રહી છે. તેતેમા મોડર્ન એળો પોપ કલ્ચરને વધુ સ્ટાઈલિશ રીતે બતાવશે.

'કલકી ૨૮૯૮ એડી -૨' કમલ હસનની છેલ્લી ફિલ્મ હોઈ શકે છે

# અભિનેતા કમલ હસન પોતાના પ્રોડક્શનની ફિલ્મ જ કરશે

## ૨૦૨૨માં કમલ હસનની 'વિક્રમ' રિલીઝ થઈ હતી, જે તેની કમબેક સક્સેસ મનાતી હતી



કમલ હસન સાઉથના સિનેમાનો એક જાણીતો ચહેરો છે, એ બીજા કોઈના પ્રોડક્શનમાં કામ કરતો હોય એવું કદાચ 'કલકી ૨૮૯૮ એડી-૨'માં આ છેલ્લી વખત બનશે. ૨૦૨૨માં કમલ હસનની 'વિક્રમ' રિલીઝ થઈ હતી, જે તેની કમબૅક સક્સેસ મનાતી હતી. આ ફિલ્મ ઘણી સારી ચાલી હતી અને વિવેચકોએ પણ વખાણી હતી. આ ફિલ્મ લગભગ ૪૦૦ કરોડની કમાણી સુધી પહોંચી ગઈ હતી. તેના પછી કમલ હસને 'અમારન' પ્રોડ્યુસ કરી હતી, તે ઉપરાંત 'ઈન્ડિયન ૨' અને 'ઠગ લાઈફ' જેવી ફિલ્મમાં એક્ટિંગ પણ કરી હતી.સિવકાર્તિકેયનની 'અમારન'ની કમાણી લગભગ ૩૦૦ કરોડ જેટલી રહી હતી, તેનાથી કમલ હસનની પ્રોડક્શન સ્ટાઈલનું અલગ સ્થાન પણ બન્યું હતું. આ ફિલ્મના યોગ્ય પ્રમોશન અને યોગ્ય ડિસ્ટ્રીબ્યુશનના કારણે આ ફિલ્મ સફળ થઈ હોવાનું મનાય છે. પરંતુ 'ઠગ લાઈફ' પણ એ જ પ્રોડક્શન હાઉસ દ્વારા કો પ્રોડ્યુસ કરાઈ હતી, તે નબળાં સ્ક્રીનપ્લેના કારણે બોક્સ ઓફિસ પર પછડાઈ હતી. આ ફિલ્મ મણિ રત્નમ દ્વારા કો પ્રોડ્યુસ કરવામાં આવી હતી.હવે એવા અહેવાલો છે કે કમલ હસન હવે માત્ર પોતાના પ્રોડક્શન હાઉસની ફિલ્મમાં જ કામ કરશે. જેમાં તેમને ભવિષ્યમાં સંપુર્ણ આઝાદી સાથે કામ કરવાની તક મળે. કમલ હસનનું લક્ષ્ય પ્રોડક્શન, પ્રમોશન અને ડિસ્ટ્રીબ્યુશન પર પોતાનું સંપુર્ણ નિયંત્રણ મેળવવાનું છે. તેથી તેઓ હવે માત્ર પૅન ઈન્ડિયા ફિલ્મ 'કલકી ૨૮૯૮ એડી-૨'માં જ કામ કરશે. જે કોઈ અન્ય પ્રોડક્શન હાઉસ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહી છે. આ ફિલ્મના પહેલા ભાગ માટે કમલ હસનને ૧૫૦ કરોડ જેવી મસમોટી ફી ચૂકવાઈ હતી. 'અમારન'ની કમાણી લગભગ ૩૦૦ કરોડ જેટલી રહી હતી, તેનાથી કમલ હસનની પ્રોડક્શન સ્ટાઈલનું અલગ સ્થાન પણ બન્યું હતું. આ ફિલ્મના યોગ્ય પ્રમોશન અને યોગ્ય ડિસ્ટ્રીબ્યુશનના કારણે આ ફિલ્મ સફળ થઈ હોવાનું મનાય છે. પરંતુ 'ઠગ લાઈફ' પણ એ જ પ્રોડક્શન હાઉસ દ્વારા કો પ્રોડ્યુસ કરાઈ હતી, તે નબળાં સ્ક્રીનપ્લેના કારણે બોક્સ ઓફિસ પર પછડાઈ હતી. આ ફિલ્મ મણિ રત્નમ દ્વારા કો પ્રોડ્યુસ કરવામાં આવી હતી. હવે એવા અહેવાલો છે કે કમલ હસન હવે માત્ર પોતાના પ્રોડક્શન હાઉસની ફિલ્મમાં જ કામ કરશે. જેમાં તેમને ભવિષ્યમાં સંપુર્ણ આઝાદી સાથે કામ કરવાની તક મળે. કમલ હસનનું લક્ષ્ય પ્રોડક્શન, પ્રમોશન અને ડિસ્ટ્રીબ્યુશન પર પોતાનું સંપુર્ણ નિયંત્રણ મેળવવાનું છે. તેથી તેઓ હવે માત્ર પૅન ઈન્ડિયા ફિલ્મ 'કલકી ૨૮૯૮ એડી-૨'માં જ કામ કરશે. જે કોઈ અન્ય પ્રોડક્શન હાઉસ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહી છે. આ ફિલ્મના પહેલા ભાગ માટે કમલ હસનને ૧૫૦ કરોડ જેવી મસમોટી ફી ચૂકવાઈ હતી.

# 'સૈયારા'એ ઇતિહાસ સજ્ર્યો, ગ્લોબલી ૪૦૦ કરોડની કમાણી

**પહેલાં દિવસે જ આ ફિલ્મે ૨૧.૨૫ કરોડની કમાણી કરી લીધી હતી. ચાર દિવસની અંદર જ આ ફિલ્મે ૧૦૦ કરોડનું લક્ષ્ય પાર કરી લીધું હતું**

મોહિત સુરીની રોમેન્ટિક ફિલ્મ 'સૈયારા'એ ગ્લોબલ બોક્સ ઓફિસ પર ઈતિહાસ સજ્ર્યો છે. આ ફિલ્મે ૧૧ દિવસની અંદર ગ્લોબલી ૪૦૦ કરોડની કમાણી કરી લીધી છે. તેનાથી તે ઈન્ડિયન સિનેમાના ઈતિહાસની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે.અહાન પાંડે અને અનીત પડ્ડાની આ ફિલ્મે શાહિદ કપૂરની 'કબીર સિંઘ'ને પણ પાછળ છોડી દીધી છે, જેણે ૩૭૯ કરોડની કમાણી કરી હતી, ત્યાર પછી આમિરની 'સિતારેં ઝમીન પર'એ પણ ગ્લોબલી ૩૬૪ કરોડની કમાણી કરી છે. 'સૈયારા'ની ટીમે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં લખાયું હતું કે, 'વર્લ્ડ વાઈડ કુલ ૪૦૪ કરોડની કમાણી કરનારી ભારતીય સિનેમાના ઈતિહાસમાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ.'આ આંકડાઓની ગણતરી કરવામાં આવે તો ભારતમાં આ ફિલ્મે ૩૧૮ કરોડની કમાણી કરી, તેમાંથી ૨૬૦૩૨૫ કરોડ માત્ર બોક્સ ઓફિસ પરથી મળ્યાં છે. તેમજ વિદેશમાંથી ૮૬ કરોડ એટલે કે ૧૦.૦૧ મિલિયનની કમાણી કરી છે. 'સૈયારા'ને ભારતમાં અદભુત પ્રતિસાદ મળી રહ્યો છે,



ફિલ્મે શરૂઆત જ મજબુત કરી હતી અને આગળ પણ તેણે સારું પ્રદર્શન કર્યુ છે. બીજાં અઠવાડિયા દરમિયાન અને બીજા વીકેન્ડમાં પણ ફિલ્મ સારી ચાલી છે. ૧૨મા દિવસ પછી બોક્સ ઓફિસ પર ૨૬૬ કરોડની કમાણી કરી લીધી છે. આ ફિલ્મે મોહિત સુરીની આગળની બધી જ ફિલ્મ 'આશિકી ૨', 'મર્ડરર ૨', 'હાફ ગર્લફ્રેન્ડ', 'એક વિલન' સહીતની ફિલ્મને પણ પાછળ રાખી દીધી છે. પહેલાં દિવસે જ આ ફિલ્મે ૨૧.૨૫ કરોડની કમાણી કરી લીધી હતી. ચાર દિવસની અંદર જ આ ફિલ્મે ૧૦૦ કરોડનું લક્ષ્ય પાર કરી લીધું હતું. આ ફિલ્મે મોહિત સુરીની આગળની બધી જ ફિલ્મ 'આશિકી ૨', 'મર્ડરર ૨', 'હાફ ગર્લફ્રેન્ડ', 'એક વિલન' સહીતની ફિલ્મને પણ પાછળ રાખી દીધી છે. પહેલાં દિવસે જ આ ફિલ્મે ૨૧.૨૫ કરોડની કમાણી કરી લીધી હતી. ચાર દિવસની અંદર જ આ ફિલ્મે ૧૦૦ કરોડનું લક્ષ્ય પાર કરી લીધું હતું.

# ઝાલોદ નગરના કોળીવાડા માંથી ગૌ માંસ સાથે એક વ્યક્તિની અટકાયત કરાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ ।

ઝાલોદ નગરમાં હાલ પવિત્ર શ્રાવણ માસ ચાલી રહેલ છે અને આ શ્રાવણ માસ દરમ્યાન નગરમાં ચાલતા ગેરકાયદેસર માસ મટનની દુકાન અને કતલખાના બંધ રાખવામાં હિન્દુ સમાજ દ્વારા માંગ કરવામાં આવી હતી. હિન્દુ સમાજની માંગને લઈ પી.આઈ ગૌરવ ગામીત દ્વારા શાંતિ સમિતિની મીટીંગ ભરવામાં આવી હતી. આ શાંતિ સમિતિની મીટીંગમાં હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા શ્રાવણ માસના પવિત્ર સોમવાર, કાવડ યાત્રા તેમજ ભોળાનાથની શોભાયાત્રા દરમ્યાન દુકાનો બંધ રાખવા માટે બંને પક્ષોની સમજાવટ બાદ નક્કી કરાયું હતું તેમજ નગરમાં ગૌમાંસ નહીં વેચાય તેવું પણ મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા સંમતિ આપવામાં આવી હતી. મુસ્લિમ સમાજના દ્વારા આપવામાં આવેલ મૌખિક સંમતિ કરાર બાદ પણ કોળીવાડા વિસ્તારમા મસ્જિદ પાસે આવેલ એક મકાનમાં ગૌમાંસ વેચાતું હોવાની બાતમી પોલીસને મળેલ હતી. ઝાલોદ પોલિસને ૨૯-૦૭-૨૦૨૫ ના રોજ એક બાતમી મળેલ હતી કે કોળીવાડા વિસ્તારમાં અલ્તાફભાઈ મહંમદભાઈ મોઢીયાના મકાનમાં ગૌમાંસ વેચાઈ રહેલ છે તેને લઈ ઝાલોદ પોલીસના પી.આઈ ગૌરવ ગામીત તાત્કાલીક તપાસ અર્થે પહોંચી ગયેલ હતા. ત્યાં જઈ તપાસ કરવામાં આવતા પોલીસ દ્વારા લાયસન્સ માંગતા તે મળી આવેલ ન હતું જેથી આ મકાનમાં ગેરકાયદેસર રીતે માસ-મટનનો વેપાર થઈ રહેલ હોવાનું જાણવા મળેલ હતું. પોલિસ દ્વારા તપાસ કરાતા અંદાજીત ૧૨ કિલો માંસ જેની અંદાજિત કિંમત ૨૪૦૦ મળી આવેલ હતો. પોલિસ દ્વારા ઝડપાયેલ આ માસ ગૌમાંસ છે કે નહીં તેની તપાસ કરવા માસનું સેમ્પલ સુરત એફએસએલ કચેરી ખાતે મોકલવામાં આવેલ હતું.

# સુરતમાં રાજ્યના શિક્ષણ મંત્રીના કાર્યાલય બહાર જ ગંદકીના ખાબોચિયા

। (માહિતી) સુરત,તા.૩૧ ।

સુરતમાં ચોમાસા દરમિયાન પાણીના ભરાવા અને ગંદકીના કારણે મચ્છરજન્ય રોગ ન થાય તે માટે પાલિકાના વીબીડીસી વિભાગે શહેરની હોસ્પિટલ અને બાંધકામ સાઈટનો સર્વે કરી મચ્છરના બ્રિડિંગ શોધીને લાખો રૂપિયાનો દંડ ફટકારવા સાથે નોટિસ આપી છે. જોકે, આ કામગીરી દરમિયાન શોશીયલ મિડીયા પર એક વિડીયો વાયરલ થયો છે તેમાં રાજ્ય સરકારના શિક્ષણ મંત્રીના સુરત ખાતેનું કાર્યાલય છે અને આ કાર્યાલયની બહાર ખાબડ ખુબડ રોડ છે અને અનેક જગ્યાએ ગંદા પાણીનો ભરાવો થયો છે. આ વિડીયો વાયરલ થયાં બાદ લોકો પ્રશ્ન કરી રહ્યાં છે કે આ ગંદકીમાં મચ્છર નહી થતા હોય ? લોકોને સ્વચ્છતાના પાઠ ગુજરાત સરકાર શિખવે છે અને સુરતીઓને પોતાના ઘરની આસપાસ સ્વચ્છતા રાખવા માટેની ટકોર પણ કરે છે. પરંતુ સરકારની આ ટકોર સરકારના મંત્રી કે અન્ય નેતાઓને કોઈ અસર કરતી ન હોય તેવું લાગી રહ્યું છે. પાલિકા સતત ત્રણ ચાર દિવસથી મચછરની ઉત્પત્તિ રોકવા માટે આક્રમક કામગીરી કરી રહી છે અને મચ્છરના બ્રિડીંગ કે ગંદકી મળે તો નોટિસ આપવા સાથે દંડ પણ કરે છે.

પાલિકાની આ કામગીરીથી ગંદકી રાખનારાઓ ગભરાઈ રહ્યાં છે અને સફાઈની કામગીરી કરી રહ્યાં છે. પાલિકાની આ કામગીરી દરમિયાન સોશિયલ મિડીયા પર કામરેજના ધારાસભ્ય અને રાજ્ય સરકારના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાના કાર્યાલયની આસપાસ ગંદકી નો વિડીયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં મત્રીના કાર્યાલયનું બોર્ડ દેખાય છે અને તેની આસપાસના વિસ્તારમાં ભારે ગંદકી છે અને પાણીના ખાબોચિયા છે તેવું દ્રશ્યમાન થાય છે. આ ઉપરાંત આસપાસના રોડ પણ તુટેલી હાલતમાં છે અને અનેક જગ્યાએ ગાબડા પડ્યા છે. આ વીડીયો બાદ લોકો એવું કહી રહ્યાં છે કે સ્વચ્છતાની જવાબદારી સુરતીઓની તો છે તેની સાથે સરકારની પણ છે જો સરકારના મંત્રીઓના કાર્યાલય બહાર જ આટલી ગંદકી હોય તો પછી આવી ગંદકી બદલ કોઈ નોટિસ આપવામાં આવશે ખરી ?

# કાચલા વર્ગ પ્રા.શાળા, સાકરદા ખાતે આજરોજ "માં કે નામ એક પેડ" અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ ।

આજરોજ તારીખ ૩૦/૦૭/૨૦૨૫ના રોજ શાળાના પટાંગણમાં આશરે ૨૫ જેટલા અને ફળિયામા ૬૦ જેટલા વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું અને તે વૃક્ષ દીઠ એક બાળકે દત્તક તરીકે સ્વીકારી તેને ઉછેરવાની જવાબદારી લીધી. ઉપરાંત શાળાના એસ.એમ.સી.ના સભ્યશ્રીઓ, વાલીઓ તેમજ શાળાના શ્રીમતી એલ્વિનાબેન દ્વારા પર્યાવરણ જાળવણી અંગેની માહિતી આપવામાં આવી હતી અને ઉપસ્થિત તમામ લોકોને પર્યાવરણ જાગૃતિ અંતર્ગત પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી. ઉપસ્થિત તમામ લોકોએ વૃક્ષની જાળવણીની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતું બાળકો અને વાલીઓમાં વૃક્ષોની ઉપયોગીતા તેમજ પર્યાવરણ પ્રત્યે પ્રેમ જાગૃત થાય તે હતો. તમામ બાળકો અને વાલીગણ આજના કાર્યક્રમથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને પર્યાવરણની જાળવણી માટે કૃતનિશ્ચયી બન્યા હતા..

# જૂનાગઢમાં નાની ઉંમરમાં જ પ્રેમના સપના જોનાર સગીરાને અંતે મળ્યું મોત



। (માહિતી) જૂનાગઢ,તા.૩૧ ।

જૂનાગઢમાં નાની ઉંમરમાં જ પ્રેમના સપના જોનાર સગીરાને અંતે મળ્યું મોત, પ્રેમીએ દગો આપતા સગીરાએ એસિડ પી કર્યો આપઘાત અને પરિવારજનો ઉપર આભ તૂટી પડ્યું, વાત છે જૂનાગઢ શહેરની કે જ્યાં ધોરણ ૧૨ માં અભ્યાસ કરતી સગીરાને પ્રેમ થયો અને પ્રેમમાં દગો મળતા એસિડ પી લીધું.

આજના યુગમાં મોબાઈલ ટેકનોલોજી આવતાની સાથે જ સગીર વયની ઉંમરમાં જ યુવક અને યુવતી પ્રેમમાં પડવા લાગ્યા છે અને મેસેજ અને વીડિયો કોલિંગની આપ લે થી પ્રેમના સપના અને પ્રેમની દુનિયામાં રચવા લાગ્યા છે, ત્યારે પ્રેમની ભયંકરતાનો અનુભવ જૂનાગઢના પરિવારને થયો કે જ્યાં પોતાની વહાલસોયી દીકરીને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે, જૂનાગઢના દાતાર રોડ ઉપર રહેતા રાકેશભાઈ મકવાણાની ધોરણ ૧૨માં અભ્યાસ કરતી સગીરાને તેની જ જ્ઞાતિના યુવાન નયન સોલંકી નામના પ્રેમ થયો હતો અને બંને વચ્ચે મેસેજ અને મુલાકાતોનો દોર શરૂ થયો પરિવારની જાણ બહાર જ બંને મળવા લાગ્યા અને ગત તારીખ ૨૨ના રોજ સ્કૂલે ગઈ હતી ત્યારે નયન સોલંકી ગાડી લઈને સગીરાને તેડવા માટે પહોંચ્યો હતો.

સગીરા આરોપી સાથે જતી રહી હતી અને પછી પરિવારને ફોન કરી પોતે નયન સોલંકી સાથે છે અને તેને શોધવાની કોશિષ ન કરે તેવી વાત સામે આવી હતી, સગીરાના પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી, આરોપીન નયન સોલંકી સગીરાનું અપહરણ કરી રાજકોટ લઈ ગયો હતો અને ત્યાં તેને નશો કરાવી તેની સાથે દુષ્કર્મ આચર્યું અને ત્યારબાદ તેને રાજકોટ છોડીને જ ભાગી ગયો હતો પછી સગીરા ફોન આવતા પરિવારજનો તેને તેડવા રાજકોટ પહોંચ્યા હતા અને ત્યારબાદ તેને જૂનાગઢ પોલીસ સ્ટેશનને લાવ્યા હતા, જ્યાં પોલીસની હાજરીમાં તેને સમગ્ર આપવિતી કહી હતી પોલીસે આરોપી નયન સોલંકીને બોલાવી તેની પૂછપરછ કરી હતી સગીરાની તેની સાથે લગ્ન કરવા છે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ પોતે પરણિત છે અને સગીરા સાથે તે લગ્ન નહીં કરી શકે અને લગ્ન કરવા પણ માગતો નથી તેવું સ્પષ્ટ જણાવી દેતા સગીરાને લાગી આવ્યું હતું અને તેને ઘરે જઈને એસિડ પી લીધું હતું.

સગીરાએ એસિડ પી લીધું અને તેને સારવાર માટે જૂનાગઢ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી જ્યાં તેનું નિવેદન લેવામાં આવ્યું હતું અને અંતે તેનું મૃત્યુ થતાં તેની માતાએ નયન સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે જૂનાગઢ પોલીસ દ્વારા આરોપી નયન સોલંકીની ધરપકડ કરવામાં આવી છે અને તેને મરવા મજબૂર અને અપહરણ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આમ સગીરાને પ્રેમમાં દગો મળતા પોતાનો જીવ ગુમાવ્યો હતો અને હાલ તો પરિવારજનોની એક જ માંગણી છે કે આરોપીને કડકમાં કડક સજા મળવી જોઈએ.

# ઝાલોદ નગરની સહુ થી મોટી શૈક્ષણિક સંસ્થા કેળવણી મંડળનો ૮૯ વર્ષમા પ્રવેશ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ ।

ઝાલોદ કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાની ૧૯૩૬ મા તાલુકાના બાળકોને પ્રાથમિક થી ઉચ્ચતર શિક્ષણ સુવિધાઓ પુરી પડવાના ઉદ્દેશ્યથી ગામના અગ્રગણ્ય સેવાભાવી આગેવાનોના પ્રયત્નો થી થઈ હતી. ઝાલોદ કેળવણી મંડળની સંસ્થાને ૮૮ વર્ષ પૂર્ણ થતાં તે ૮૯ માં વર્ષમા પ્રવેશ કરી રહેલ છે. ઝાલોદ તાલુકા પંથકના બાળકોને શિક્ષણ આપવા નગરના તેમજ નગર બહારના અગ્રણી સેવાભાવી આગેવાનોએ નળીયાવાળી નાની નિશાળનુ બી રોપ્યુ હતું. ૮૮ વર્ષ થી અવિરત શૈક્ષણિક રીતે આગળ વધતી આ સંસ્થામા ભણતા અનેક બાળકોએ જબરજસ્ત સિદ્ધિઓ હાંસલ કરી સંસ્થા અને ઝાલોદ તાલુકાનું ગૌરવ વધારેલ છે. આ સંસ્થામાં હાલ ૨૭૦૦ ઉપરાંત બાળકો શિક્ષણ મેળવી રહેલ છે. હાલ મંડળ દ્વારા ચાલતી શૈક્ષણિક સંસ્થાના પરિસર તેમજ વર્ગખંડોમા સી.સી.ટી.વી કેમેરાઓ મૂકી આધુનિક ટેકનોલોજી દ્વારા સજ્જ કરવામાં આવેલ છે. ઝાલોદ કેળવણી મંડળ પ્રતિવર્ષ વાર્ષિક સાધારણ સભા યોજી મંડળના સભાસદોને વર્ષ દરમ્યાન થયેલ મંડળ દ્વારા કરવામાં આવેલ કામગીરીનો રિપોર્ટ સભાસદોને આપતી હોય છે. ઝાલોદ કેળવણી મંડળનો વહીવટ સભાસદો દ્વારા ચૂંટાયેલ પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવતો હોય છે. ઝાલોદ કેળવણી મંડળ પ્રતિ વર્ષ શૈક્ષણિક રીતે આ સંસ્થાનો વિકાસ કેવી રીતે થાય તેના સચોટ આયોજન કરતી હોય છે. ઝાલોદ કેળવણી મંડળ ૧૦-૦૮-૨૦૨૫ રવિવારના રોજ સવારના ૯ કલાકે વાર્ષિક સાધારણ સભા યોજી વર્ષ દરમ્યાન મંડળ દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિ તેમજ કેળવણી મંડળ સંચાલિત સ્કૂલોનો વિકાસ કેવી રીતે કરવો તેવા મુદ્દાઓ પર ચર્ચા કરી આગામી વર્ષ દરમ્યાન કરવામાં આવતી કાર્ય પદ્ધતિની નવીન કાર્યસુચિ નક્કી કરવામાં આવનાર છે.

# શાહીબાગમાં નશાખોર કારચાલકે ૨ વાહનને ટક્કર મારી,૧નું મોત

। (માહિતી) અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદમાં અકસ્માતનો સિલસિલો યથાવત જોવા મળ્યો. આજે વહેલી સવારે શહેરમાં ૨ અકસ્માતની ઘટના બની હોવાનું સામે આવ્યું છે. આજે શાહીબાગ અને અખબાર નગર એમ બે વિસ્તારમાં અકસ્માતની ઘટના બની. જેમાં ૧ વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નિપજયું અને ૧ વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી છે. બંને અકસ્માતની ઘટનામાં પોલીસે બેફામપણે વાહન હંકારનારા સામે કાર્યવાહી હાથ ધરી છે. શહેરમાં નબીરાઓ બેફામ બન્યા છે. અકસ્માતને લઈને સરકારના કડક કાયદા હોવા છતાં હજુ પણ તથ્ય પટેલ જેવા નબીરાનો રોફ ઓછો થતો નથી. મોંઘા વાહન હાથમાં આવતાં જ નબીરાઓ છાકટા બની જાય છે. શાહીબાગ વિસ્તારમાં ફોર્ચ્યુનર કારે ચલાવનાર ચાલકે એક્ટિવા અને રિક્ષાને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજાના પગલે એક્ટિવા ચાલકનું ઘટનાસ્થળે મોત નિપજયું. જ્યારે રિક્ષાચાલક ઘાયલ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો. અકસ્માતની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી ગઈ. અકસ્માતની પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું કે શાહીબાગમાં અકસ્માત કરનાર કારચાલક પાસે લાયસન્સ નહોતું. અને છતાં પણ બેફામપણે વાહન હંકારતો હતો.

# ઉત્તર, મધ્ય ઝોનમાં રસ્તા પર થીંગડાં મારવા દોઢ કરોડ ખર્ચાશે

। (પ્રતિનિધી) અમદાવાદ,તા.૩૧ ।

ઉત્તર ઝોનમાં આવેલા ઠક્કરનગર તેમજ ઈન્ડિયા કોલોની વોર્ડમાં પેચવર્કની કામગીરી કરાવવા મંજૂરી માંગતી દરખાસ્ત શુક્રવારે મળનારી રોડ કમિટી સમક્ષ મુકવામાં આવી હતી. સિંગલ ટેન્ડરથી કોન્ટ્રાકટર રોલર સેન્ટરને અંદાજથી વધુ ૧૦.૪૦ ટકા વધુ ભાવથી રૂ.૫૫.૨૦ લાખની આ કામગીરી આપવામાં આવી છે. બીજી તરફ મધ્યઝોનમાં આવેલા ખાડીયા વોર્ડના વિવિધ વિસ્તારમાં રોડ ઉપર રૂ.૫૧ લાખના ખર્ચે પેચવર્કની કામગીરી હાથ ધરાશે. જ્યારે જમાલપુર, દરિયાપુર, શાહપુર અને અસારવામાં હેન્ડલેઈંગ પદ્ધતિથી હોટમિક્સ મટીરીયલ દ્વારા ખાડા પૂરવા રૂ.૪૪ લાખની રકમ વપરાશે. ઠકકરનગર તથા ઈન્ડિયા કોલોની વોર્ડમાં આવેલા વિવિધ રસ્તાઓ ઉપર મિલીંગ મેથડથી પેચવર્ક કરવા ટેન્ડર કરવામા આવતા એકમાત્ર કોન્ટ્રાકટર રોલર સેન્ટરના અંદાજીત ભાવથી ૧૦.૪૦ ટકા વધુ ભાવના એટલે કે રૂપિયા ૫૫.૨૦ લાખના જી.એસ.ટી.અલગથી ચૂકવવાના ટેન્ડરને મંજૂરી રોડ કમિટી દ્વારા આપવામાં આવી છે. ખાડીયા વોર્ડમાં આવેલ રાયપુર દરવાજા અંદર તેમજ બહારના વિસ્તાર તેમજ અન્ય વિસ્તારમાંથી રોડ વિભાગને લગતી ફરિયાદો અંતર્ગત રોડ પેચવર્કની કામગીરી, નિભાડા પથ્થર તથા બ્લોક રીપેરીંગની કામગીરી વાર્ષિક કોન્ટ્રાકટ પદ્ધતિથી રૂપિયા ૪૦ લાખની મર્યાદામાં કરાવવા રિટેન્ડર કરવામા આવ્યુ છે. વોર્ડમાં આવેલા તરગાળા વાડના નાકે રૂપિયા ૯.૯૦ લાખની મર્યાદામાં ધાંગ્રધા સ્ટોનથી હેરીટેજ પ્રકારનુ પ્રવેશ દ્વારા બનાવવા પણ રિટેન્ડર કરાયુ છે. રાયપુર, જમાલપુર, સારંગપુર તેમજ માણેકચોક વિસ્તારમાંથી આવતી ડ્રેનેજ મેઈન્ટેનન્સની કામગીરી વાર્ષિક કોન્ટ્રાકટ પદ્ધતિથી રૂપિયા ૪૦ લાખના ખર્ચથી કરાવવા પણ રિટેન્ડર કરવુ પડયુ છે. વોર્ડમાં આવેલી જુદી જુદી જગ્યાએ હેન્ડલેઈંગ પદ્ધતિથી હોટમિકસ મટીરીયલથી પેચવર્કની કામગીરી વાર્ષિક કોન્ટ્રાકટ પદ્ધતિથી કરાવવા રૂપિયા૧૧,૦૮,૩૨૩નો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જ્યારે જમાલપુર વોર્ડમાં આવેલ જુદી જુદી જગ્યાએ હેન્ડલેઈંગ પદ્ધતિથી હોટમિકસ મટીરીયલથી પેચવર્કની કામગીરી અંદાજે રૂપિયા ૧૧,૦૮,૩૨૩ના ખર્ચથી કરાવવા વાર્ષિક ટેન્ડર રી-ઈન્વાઈટ કરવામાં આવ્યુ છે. આવી રીતે જ દરિયાપુર શાહપુર અને અસારવા વોર્ડમાં પણ પેચવર્ક કરાશે. આ ચારેય વોર્ડ માટે કૂલ ૪૪.૩૨ લાખ રૂપિયાનો ખર્ચ કરાશે. પૂર્વઝોનમાં આવેલા જુદા જુદા વોર્ડમાં જુદી જુદી જગ્યાએ ચણતરની કમ્પાઉન્ડ વોલ બનાવવા, વાયર ફેન્સિંગ કરવા તેમજ ડબલ-ટી પ્રિ-કાસ્ટ,પ્રિસ્ટ્રેસ પેનલ કમ્પાઉન્ડ વોલ બનાવવા વાર્ષિક કોન્ટ્રાકટ પદ્ધતિથી ટેન્ડર કરવામા આવ્યુ હતુ. આ કામગીરી કરાવવા બીજી વખત ટેન્ડર કરવામા આવતા એક માત્ર બીડર ભુરખીયા ઈન્ફ્રાબીલ્ડના બે વખતના ભાવ નેગોશીએશન પછી અંદાજિત ભાવથી ૧૩.૨૦ ટકા ઓછા ભાવના એટલે કે રૂપિયા ૨.૬૧ કરોડના જી.એસ.ટી સિવાયના વાર્ષિક કોન્ટ્રાકટ પદ્ધતિના ટેન્ડરને મંજૂરી અપાઈ છે.

# મહેસાણા-વિરમગામ રેલખંડ પર સ્થિત ૫ અંડરપાસ 30 સપ્ટેમ્બર સુધી બંધ રહેશે

। (માહિતી) અમદાવાદ,તા.૩૧ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના પાલનપુર-સામાખ્યાલી અને મહેસાણા-વિરમગામ રેલખંડ પર સ્થિત ૫ રેલવે અંડરપાસ (આરયુબી) ચોમાસાની ઋતુ દરમિયાન ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી જાહેર વાહનવ્યવહાર માટે બંધ રહેશે. ભારે વરસાદને કારણે આ વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સ્થિતિને ધ્યાનમાં રાખીને, સામાન્ય નાગરિકોની સુરક્ષા અને સરળ તથા સલામત રેલ પરિચાલન સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી આ અંડરપાસ (આરયુબી ) બંધ રાખવામાં આવ્યા છે. બંધ કરવામાં આવેલ અંડરપાસની વિગતો નીચે મુજબ છે૧.મહેસાણા-વિરમગામ રેલખંડમાં ભંકોડા-જકશી સેક્શનનાં આરયુબી નં ૬૦૭ (એલસી નં.૫૬) કિમી ૫૦/૧૪-૧૫, અગહર-ચરિયારા રોડ. ૨.પાલનપુર-સામાખ્યાલી રેલખંડમાં દેવગામ-રાધનપુર સેક્શનનાં આરયુબી નં ૮૨૭ (એલસી નં. ૮૯) કિમી ૧૦૫/૨-૩, ઈન્દ્ર નગર રોડ. ૩.પાલનપુર-સામાખ્યાલી રેલખંડમાં વારાહી-વાઘપુરા સેક્શનનાં આરયુબી નં ૧૦૨૭ (એલસી નં.૧૧૭) કિમી ૧૩૪/૫-૬, વારાહી-સાંતલપુર રોડ. ૪.પાલનપુર-સામાખ્યાલી રેલખંડમાં વારાહી-વાઘપુરા સેક્શનનાં આરયુબી નં.૧૦૬ૠ (એલસી નં.૧૧૮)

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે. રૉમેન્ટિક મૂડમાં એકાએક પરિવર્તન તમને હતાશ કરશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે. વરિષ્ઠપદે કામ કરતા લોકો તરફથી કેટલાક વિરોધ ઊભા થશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. મોટી વયના લોકો તથા પરિવારના સભ્યો તમને પ્રેમ અને સંભાળ આપશે. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે.


**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લાકા સાથેની ગેરસમજ દૂર થશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. તમે જો વિદેશમાં નોકરી માટે અરજી કરવાનુ વિચારતા હો તો - આજનો દિવસ શુકનવંતો જણાય છે.





લંડનના કિયા ઓવલ ખાતે ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચેની પાંચમી ક્રિકેટ ટેસ્ટ મેચના પહેલા દિવસે ભારતના કેએલ રાહુલ શોટ રમી રહ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### ડોલર સામે રૂપિયો તૂટી ચાર મહિનાના તળિયે પહોંચ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં તેજી આગળ વધતાં ડોલરના ભાવ ઉંચામાં રૂ.૮૭ નજીક પહોંચી ગયા હતા તથા ડોલર સામે રૂપિયો વધુ તૂટયો હતો. શેરબજારમાં ફરી તેજી આવવા છતાં કરન્સી બજારમાં રૂપિયામાં ધોવાણ ચાલુ રહેતાં બજારના જાણકારો આશ્ચર્ય બતાવી રહ્યા હતા. ડોલરના ભાવ રૂ.૮૬.૬૭ વાળા આજે સવારે રૂ.૮૬.૮૪ ખુલી ઉંચામાં ભાવરૂ.૮૬.૯૩ સુધી ઉછળ્યા હતા. જોકે ત્યારબાદ ડોલરના ભાવ ઘટી નીચામાં રૂ.૮૬.૭૭ થયા પછી છેલ્લે બંધ ભાવ રૂ.૮૬.૭૭ થયા પછી છેલ્લે બંધ ભાવ રૂ.૮૬.૮૧ રહ્યા હતા. રૂપિયા સામે ડોલરના ભાવ આજે વધુ ૧૪ પૈસા વધતાં ડોલર સામે રૂપિયો વધુ ૦.૧૬ ટકા તૂટયો હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. ડોલર સામે રૂપિયો આજે ઘટી ચાર મહિનાના તળિયે ઉતર્યો હતો. વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે વધુ ૦.૧૨ ટકા વધ્યો હતો. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ નીચામાં ૯૮.૫૮ તથા ઉંચામાં ૯૯.૦૫ થઈ ૯૮.૭૫ રહ્યાના નિર્દેશો હતા. રૂપિયા સામે આજે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૩૩ પૈસા ઘટયા હતા. પાઉન્ડના ભાવ ઘટી નીચામાં રૂ.૧૧૬ની અંદર ઉતરી રૂ.૧૧૫.૭૦ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૧૧૫.૯૨ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે આજે ૬૧ પૈસા તૂટી ભાવ રૂ.૧૦૧નીૅ અંદર ઉતરી નીચામાં ભાવ રૂ.૧૦૦.૧૮ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૧૦૦.૫૦ રહ્યા હતા.

### તારક મહેતા શોના સેટ પર ટોર્ચર, વાસી ભોજન ખાધું

। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

ટીવી અભિનેત્રી જેનિફર મિસ્ત્રીએ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં માં મિસિસ રોશન સિંહ સોઢીનું પાત્ર ભજવ્યું હતું. આ પાત્રએ તેને સફળતા અને લોકપ્રિયતા પણ અપાવી હતી. જો કે, પ્રોડક્શન હાઉસ અને પ્રોડ્યુસર અસિત મોદી સાથે વિવાદના કારણે જેનિફરે ૨૦૨૩માં આ શૉ છોડી દીધો હતો. આ દરમિયાન તેણે અસિત મોદી સામે અવાજ ઉઠાવ્યો હતો. તેણે અસિત મોદી પર જાતીય હેરાનગતિનો પણ આરોપ લગાવ્યો હતો. તેણે દાવો કર્યો હતો કે અસિત મોદીએ તેની બાકી ફી નથી ચૂકવી. હવે એક ઈન્ટરવ્યૂમાં જેનિફરે પ્રોડક્શન હાઉસની પોલ ખોલી દીધી છે.

જેનિફર મિસ્ત્રીએ જણાવ્યું કે, નીલા ફિલ્મ પ્રોડકશન્સ પહેલા મેં ઘણા પ્રોડક્શન હાઉસ સાથે કામ કર્યું હતું, દરેક જગ્યાએ ફેર કામ થાય છે. પરંતુ તારક મહેતા શોના પ્રોડક્શન હાઉસમાં કંઈ કહેવામાં નહોતું આવતું.

અમે મહિલાઓ દરરોજ વાસી ભોજન લાવતા હતા. કારણ કે અમારો કોલ ટાઈમ ૬:૩૦ હતો. સેટ પર ખાવાનું નહોતુ બનતું. અમે વાસી ખોરાક લાવતા હતા. પુરુષોનો કોલ મોડો હતો. પુરુષોને મોડા બોલાવવામાં આવતા અને વહેલા છોડી દેતા હતા, પરંતુ મહિલાઓને વહેલી બોલાવીને પણ લેટ મોકલતા હતા. તેમનું માનવું હતું કે અમને મેકઅપમાં સમય લાગે છે.

### ઇતિહાસ રચવાની ખૂબ નજીક

# શુભમન ગિલ ૫મી ટેસ્ટમાં તોડી શકે છે ૫ મોટા રેકોર્ડ

## પાંચમી ટેસ્ટ આજથી ઓવલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણી શુભમન ગિલની ટેસ્ટ કેપ્ટન તરીકેની પહેલી શ્રેણી છે, જેની છેલ્લી મેચ ૩૧ જુલાઈથી ઓવલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે. ગિલે પહેલી શ્રેણીમાં ઘણા રેકોર્ડ બનાવ્યા હતા અને હવે છેલ્લી મેચમાં પણ તે ૫ મોટા રેકોર્ડ તોડી શકે છે. એમએસ ધોની, વિરાટ કોહલી, રોહિત શર્મા જેવા દિગ્ગજો તેમની આખી કારકિર્દીમાં જે કરી શક્યા ન હતા, ગિલ પહેલી શ્રેણીમાં જ તે કરવાની ખૂબ નજીક છે.



શુભમન ગિલ ભારતીય કેપ્ટન તરીકે શ્રેણીમાં સૌથી વધુ રન બનાવવાના ઉંબરે : સુનિલ ગાવસ્કરે ૧૯૭૮માં વેસ્ટ ઈન્ડીઝ સામે રમાયેલી ટેસ્ટ શ્રેણીમાં કુલ ૭૩૨ રન બનાવ્યા હતા, ત્યારથી કોઈ ભારતીય કેપ્ટન તેમનો રેકોર્ડ તોડી શક્યો નથી. આ દરમિયાન સૌરવ ગાંગુલી, એમએસ ધોની, વિરાટ કોહલી, રોહિત શર્મા જેવા દિગ્ગજોએ કેપ્ટનશીપ કરી હતી પરંતુ તેમનો રેકોર્ડ તોડી શક્યા નથી. શુભમન ગિલ પોતાની પહેલી શ્રેણીમાં આ ૪૭ વર્ષ જૂનો રેકોર્ડ તોડવાના ઉંબરે છે, તેમણે બાકીની ૨ ઈનિંગ્સમાં કુલ ૧૧ રન બનાવવાના છે. શુભમન ગિલે અત્યાર સુધી રમાયેલી ૪ મેચમાં ૭૨૨ રન બનાવ્યા છે. વિદેશમાં ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર કેપ્ટન : શુભમન ગિલ વિદેશમાં ટેસ્ટ શ્રેણીમાં કેપ્ટન તરીકે સૌથી વધુ રન બનાવવાના સંદર્ભમાં નંબર ૧ બનવાની ખૂબ નજીક છે. તેણે ફક્ત ૧ વધુ રન બનાવવાનો છે. હાલમાં આ રેકોર્ડ ગેરી સોબર્સના નામે છે, જેમણે ૧૯૬૬ માં ૭૨૨ રન બનાવ્યા હતા. ગિલે તેમની બરાબરી કરી છે અને ૧ રન બનાવીને તેમનો રેકોર્ડ તોડી નાખશે.

શુભમન ગિલ - ભારતીય જેણે શ્રેણીમાં સૌથી વધુ રન બનાવ્યા : સુનીલ ગાવસ્કર પણ એક ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય છે, ગિલ થી આગળ ૨ શ્રેણીમાં તેમના રન છે. નંબર ૧ પર ૧૯૭૦ માં વેસ્ટ ઈન્ડિઝ સામે રમાયેલી શ્રેણીમાં તેમના રન છે, જ્યારે ગાવસ્કરે ૭૭૪ રન બનાવ્યા હતા. આ રેકોર્ડ તોડવા અને નંબર ૧ પર આવવા માટે, ગિલે ૫૩ વધુ રન બનાવવા પડશે.

શુભમન ગિલ એક ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધુ સદી ફટકારનાર કેપ્ટન બની શકે છે : શુભમન ગિલે ટેસ્ટ શ્રેણીમાં કેપ્ટન તરીકે સૌથી વધુ સદી ફટકારવાના મામલે ડોન બ્રેડમેન અને સુનીલ ગાવસ્કરની બરાબરી કરી છે. ગિલે અત્યાર સુધીમાં ૪ સદી ફટકારી છે. જો તે વધુ એક સદી ફટકારે છે, તો તે ક્લાઈડ વોલકોટની બરાબરી કરશે, જેમણે ઓસ્ટ્રેલિયા સામે ૫ સદી ફટકારી હતી. જો ગિલ બંને ઈનિંગ્સમાં સદી ફટકારે છે, તો તે નંબર વન પર આવી જશે.

### ટેસ્ટ મેચ પહેલા ખરાબ સમાચાર

# ન્યુઝીલેન્ડના કેપ્ટન ટોમ લાથમ ખભાની ઈજાને કારણે પ્રથમ ટેસ્ટમાંથી ખસી ગયો

## મિશેલ સેન્ટનર ૩૦ જુલાઈથી બુલાવાયોમાં શરૂ થનારી ટેસ્ટ મેચમાં ટીમનું નેતૃત્વ કરશે, તે ન્યુઝીલેન્ડનો ૩૨મો કેપ્ટન હશે

। (એજન્સી) ન્યુઝીલેન્ડ, તા.૩૧ ।

ઝિમ્બાબ્વે સામેની ટેસ્ટ શ્રેણી પહેલા ન્યુઝીલેન્ડના કેપ્ટન ટોમ લાથમ ખભાની ઈજાને કારણે પ્રથમ ટેસ્ટ મેચમાંથી ખસી ગયો છે. તેના સ્થાને ટીમની કમાન ઓલરાઉન્ડર મિશેલ સેન્ટનરને સોંપવામાં આવી છે. તે ૩૦ જુલાઈથી બુલાવાયોમાં શરૂ થનારી ટેસ્ટ મેચમાં ટીમનું નેતૃત્વ કરશે. તે ન્યુઝીલેન્ડનો ૩૨મો કેપ્ટન હશે.

સેન્ટનર ડિસેમ્બર ૨૦૨૪થી ન્યુઝીલેન્ડના ૨૦ અનેૅ કેપ્ટન છે. તે પહેલીવાર ટેસ્ટ ફોર્મેટમાં ટીમનું નેતૃત્વ કરશે. સેન્ટનરે ૩૦ ટેસ્ટમાં ૧,૦૬૬ રન બનાવ્યા છે અને ૭૪ વિકેટ લીધી છે. તેણે હરારેમાં દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે સામેની ત્રિકોણીય શ્રેણીમાં પોતાની ટીમને વિજય અપાવ્યો હતો. ટીમ ગ્રુપ રાઉન્ડ અને ફાઈનલમાં અપરાજિત રહી હતી. હવે તેમને એક નવી જવાબદારી મળી છે.



ન્યુઝીલેન્ડના મુખ્ય કોચ રોબ વોલ્ટરે લાથમના બહાર થવા પર નિરાશા વ્યક્ત કરી, પરંતુ સેન્ટનરમાં વિશ્વાસ દર્શાવ્યો. વોલ્ટરે કહ્યું, ''જ્યારે તમે તમારા કેપ્ટન (ટોમ લાથમ)ને ગુમાવો છો, ત્યારે તે ક્યારેય સારું નથી હોતું. તે એક વિશ્વ કક્ષાનો ઓપનર અને એક મહાન ટીમમેન છે. ત્યારે અમે તેને બીજી ટેસ્ટ માટે ઉપલબ્ધ કરાવવા માટે સખત મહેનત કરીશું. અમે મૂલ્યાંકન કરવાનું ચાલુ રાખીશું અને જોશું કે કોઈ રિપ્લેસમેન્ટ ખેલાડીની જરૂર છે કે નહીં, પરંતુ આ તબક્કે અમને આશા છે કે તે સમયસર સ્વસ્થ થઈ જશે.''

વોલ્ટરે કહ્યું, ''મિશેલ સેન્ટનરે તાજેતરની શ્રેણીમાં ૨૦ ટીમ સાથે શાનદાર કામ કર્યું. તે ફોર્મેટ અલગ છે, ખેલાડીઓ ચોક્કસપણે તેના માટે આદર ધરાવે છે. તેને કેટલાક ખૂબ જ અનુભવી ટેસ્ટ ક્રિકેટરો દ્વારા ટેકો મળશે, તેથી મને વિશ્વાસ છે કે તે શાનદાર કામ કરશે.''

ઝિમ્બાબ્વે સામેની પ્રથમ ટેસ્ટ માટે ન્યુઝીલેન્ડ ટીમ : ટોમ બ્લંડેલ, ડેવોન કોનવે, જેકબ ડફી, મેટ ફિશર, મેટ હેનરી, ડેરિલ મિશેલ, હેનરી નિકોલ્સ, વિલ ઓ'રોર્ક, એજાઝ પટેલ, માઈકલ બ્રેસવેલ, રચિન રવિન્દ્ર, મિશેલ સેન્ટનર (કેપ્ટન), નાથન સ્મિથ, વિલ યંગ.

### પાકિસ્તાની ખેલાડી થયા ફ્રસ્ટેટ

# ઓસ્ટ્રેલિયન બોલરે હદ કરી! ૧ ઓવરમાં ફેંક્યા ૧૨ વાઈડ બોલ

। (એજન્સી) સિડની, તા.૩૧ ।

ગ્રેસ રોડ ખાતે વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સની ૧૪મી મેચ ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન અને પાકિસ્તાન ચેમ્પિયન વચ્ચે રમાઈ. આ મેચમાં પાકિસ્તાન ચેમ્પિયને કાંગારૂ ટીમને ૧૦ વિકેટે હરાવ્યું. ઓસ્ટ્રેલિયાનું પ્રદર્શન આખી મેચમાં નિરાશાજનક રહ્યું. જોકે, આ મેચ દરમિયાન ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઝડપી બોલર જોન હેસ્ટિંગ્સ ખૂબ ચર્ચામાં રહ્યો હતો, કારણ કે તેણે એક ઓવર ૧૮ બોલની નાખી હતી, જોકે મેચ તો પૂરી થઈ ગઈ હતી પણ ઓવર પૂરી થઈ ન હતી.

પાકિસ્તાન ચેમ્પિયનની ઈનિંગ્સની ૮મી ઓવર નાખવા માટે જોન હેસ્ટિંગ્સ આવ્યો હતો. તે સમયે પાકિસ્તાનને જીતવા માટે ૨૦ રનની જરૂર હતી. હેસ્ટિંગ્સે તે ઓવરમાં કુલ ૧૮ બોલ નાખ્યા. તેમ છતાં, તે માત્ર ૫ ઓફિશિયલ બોલ જ ફેંકી શક્યા હતા. ૧ ઓવરમાં હેસ્ટિંગ્સે કુલ ૧૨ વાઈડ બોલ અને ૧ નો બોલ નાખ્યો હતો. આ ઓવરમાં હેસ્ટિંગ્સે કુલ ૨૦ રન આપ્યા અને પાકિસ્તાન ચેમ્પિયન ટીમ ૭.૫ ઓવરમાં જ મેચ જીતી ગઈ. જો મેચની વાત કરીએ તો પાકિસ્તાન ચેમ્પિયનના કેપ્ટન શોએબ મલિકે ટોસ જીતીને ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન સામે પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. શોએબ મલિકનો આ નિર્ણય સાચો સાબિત થયો, કારણ કે ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન ટીમ ૧૧.૫ ઓવરમાં ૭૪ રનના સ્કોર પર જ ઓલઆઉટ થઈ ગઈ હતી. પાકિસ્તાનના પૂર્વ સ્પિનર સઈદ અજમલે ૬ વિકેટ લઈને કાંગારૂ ટીમની કમર તોડી નાખી. ઈમાદ વસીમે પણ ૨ વિકેટ લીધી હતી. ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન તરફથી સૌથી વધુ ૨૬ રન બેન ડંકે બનાવ્યા હતા.

પાકિસ્તાન ચેમ્પિયનના ઓપનરો ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન સામે આઉટ થયા નહીં અને ૭૫ રનનો સામાન્ય લક્ષ્ય સરળતાથી હાંસલ કરી લીધો. શરજીલ ખાન ૨૩ બોલમાં ૩૨ રન અને શોએબ મકસૂદ ૨૬ બોલમાં ૨૮ રન બનાવીને અણનમ રહ્યા. તેમજ સઈદ અજમલને તેની ઘાતક બોલિંગ માટે પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો.

### ગૌતમ ગંભીર અને લી ફોર્ટિસનો ઝઘડો

# જો આરોપ સાબિત થાય તો કોચ ગંભીર પર લાગી શકે છે પ્રતિબંધ

। (એજન્સી)નવી દિલ્હી, તા.૩૧ ।

ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરની ઈંગ્લેન્ડ સામે પાંચમી ટેસ્ટ પહેલા ઓવલની પિચ ક્યુરેટર લી ફોર્ટિસ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ફોર્ટિસે ગૌતમ ગંભીરની ફરિયાદ કરવાની ધમકી આપી હતી. જો કે, એ પછી તેમણે કહ્યું હતું કે, તેઓ આ મામલો આગળ નહીં લઈ જાય. પરંતુ હવે સવાલ એ છે કે, જો ફોર્ટિસે ગૌતમ ગંભીર સામે ફરિયાદ કરી હોત તો ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચને શું સજા આપવામાં આવત? જો ગૌતમ ગંભીર દોષિત ઠર્યા હોત, તો તેમની સામે શું કાર્યવાહી કરવામાં આવી હોત? આવો તમને જણાવીએ કે આ અંગે ICCના નિયમ શું છે. જો ગૌતમ ગંભીર પિચ ક્યુરેટર લી ફોર્ટિસ સાથેના વિવાદના કેસમાં આરોપ સાબિત થાય તો, ICC આચારસંહિતા હેઠળ તેમને સજા થઈ શકે છે. જોકે, આ સજા તેમના નિયમ ઉલ્લંઘનની ગંભીરતા પર નિર્ભર કરે છે. નિયમ પ્રમાણે જો ICCને લાગે કે, ગૌતમ ગંભીરનું ઉલ્લંઘન વધુ ગંભીર નથી, તો તેમને ઔપચારિક ચેતવણી આપીને છોડી શકાય છે. પરંતુ જો



ICCને એવુ લાગે કે ગંભીરનું ઉલ્લંઘન વધુ ગંભીર છે, તો તેમની મેચ ફી કાપી શકવામાં આવે છે. ગૌતમ ગંભીરના કિસ્સામાં તેમનો વ્યવહાર આક્રમક હતો અને તેમણે અપશબ્દોનો પણ ઉપયોગ કર્યો હતો, જેથી તેમના પર દંડ લગાવી શકાય છે. જો ICC ગૌતમ ગંભીરના વર્તનને લેવલ ૨ અથવા લેવલ ૩ પ્રમાણે ઉલ્લંઘન માને છે, તો તેમને એક અથવા વધુ ટેસ્ટ મેચ અથવા વનડે -૨૦ મેચ માટે સસ્પેન્ડ કરવામાં આવી શકે છે. ઉપરાંત જો મેચ રેફરી ફોર્ટિસ ECB સમક્ષ ઔપચારિક ફરિયાદ નોંધાવે છે, તો ICC ની શિસ્ત સમિતિ તપાસ કરશે અને ગૌતમ ગંભીર, ફોર્ટિસ અને અન્ય સાક્ષીઓના નિવેદનો લેવામાં આવી શકે છે અને એ પછી જ આ કાર્યવાહી કરવામાં આવશે.

### બે દિગ્ગજ ખેલાડી ટીમમાંથી થયા બહાર

# ૫મી ટેસ્ટ પહેલા ભારતને લાગ્યા બે મોટા ઝટકા



## બુમરાહને મેડિકલ ટીમ દ્વારા ચેતવણી આપવામાં આવી છે અને પછી બહાર રાખવા નિર્ણય : પંત પણ ફીટ નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

ટીમ ઈન્ડિયાના સ્ટાર બોલર જસપ્રીત બુમરાહની પાંચમી ટેસ્ટમાં રમવા અંગે સતત સસ્પેન્સ હતું. બુમરાહ પાંચમાંથી ફક્ત ત્રણ ટેસ્ટ રમવાનો હતો, જે પહેલાથી જ રમાઈ ચૂકી છે. પરંતુ સંજોગો અનુસાર, બુમરાહની હાજરી ટીમ ઈન્ડિયા માટે ખૂબ જ મહત્વપૂર્ણ હતી. હવે સમાચાર છે કે બુમરાહ ૩૧ જુલાઈથી શરૂ થનારી પાંચમી ટેસ્ટમાં રમશે નહીં. રિપોર્ટ અનુસાર, બુમરાહને મેડિકલ ટીમ દ્વારા ચેતવણી આપવામાં આવી છે અને પછી તેને બહાર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જસપ્રીત બુમરાહ ટીમનો મુખ્ય બોલર છે. ભારતીય ટીમ માટે સીરિઝ દાવ પર છે અને છેલ્લી મેચ કરો યા મરો જેવી હશે. એક અહેવાલમાં જણાવાયું છે કે બુમરાહ ઓવલમાં ઈંગ્લેન્ડ સામે રમશે નહીં. શ્રેણી પહેલા, BCCIના મુખ્ય પસંદગીકાર અજિત અગરકરે પુષ્ટિ આપી હતી કે વર્કલોડને કારણે, બુમરાહ ઈંગ્લેન્ડ પ્રવાસ પર ફક્ત ૩ ટેસ્ટ રમશે. જો કે પંત પણ ફીટ નથી તેમને પગમાં વાગ્યું છે જેના કારણે તે પણ ૫મી ટેસ્ટમાં રમતા જોવા મળશે નહીં. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે BCCI મેડિકલ ટીમે બુમરાહને જણાવ્યું છે કે આ નિર્ણય તેની પીઠની સલામતી અને લાંબા ગાળાના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. એ પણ જણાવવામાં આવ્યું હતું કે બુમરાહના સ્થાને ઝડપી બોલર આકાશ દીપને ટીમમાં સામેલ કરવામાં આવશે, જે કમરની સમસ્યાને કારણે ચોથી ટેસ્ટમાંથી બહાર હતો. આકાશ દીપે એજબેસ્ટન ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં દસ વિકેટ લીધી હતી. આ સમાચાર પહેલા, ભારતીય બેટિંગ કોચ સિતાંશુ કોટકે બુમરાહ વિશે વાત કરી હતી.

### પરાગે પરિવાર સાથે અસ્થિ વિસર્જન કર્યું

# BCCIની ઓફિસમાં ચોરી, લાખો રૂપિયાની IPLની જર્સી ઉપાડી ગયો

। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

દુનિયાના સૌથી ધનિક ક્રિકેટ બોર્ડ એટલે કે BCCIનું કાર્યાલય મુંબઈના વાનખેડે સ્ટેડિયમ કેમ્પસમાં છે અને આ કાર્યાલયમાંથી લાખો રૂપિયાનો સામાન ચોરાઈ ગયો છે. આ કેસમાં એક વ્યક્તિ પણ પકડાઈ ગયો છે, જે કાર્યાલયની સુરક્ષામાં સામેલ છે. BCCIને આ ચોરીની જાણ ત્યારે થઈ જ્યારે બોર્ડનું આંતરિક ઓડિટ કરવામાં આવ્યું. આ કેસમાં સુરક્ષા મેનેજરની ધરપકડ કરવામાં આવી છે. તેના પર IPL ૨૦૨૫ની ૨૬૧ જર્સી ચોરી કરવાનો




આરોપ છે, જેની કિંમત ૬.૫૨ લાખ રૂપિયા હોવાનું કહેવાય છે.

આરોપી ફારુક અસલમ ખાન છે, જે BCCI કાર્યાલયની સુરક્ષાનો ભાગ છે. અસલમ ખાને ચર્ચગેટના વાનખેડે સ્ટેડિયમ સ્થિત BCCI કાર્યાલયના સ્ટોરરૂમમાંથી જર્સીનું આખું કાર્ટન ચોરી લીધાનો આરોપ છે. પોલીસના જણાવ્યા અનુસાર, દરેક જર્સીની કિંમત લગભગ ૨,૫૦૦ રૂપિયા છે અને ચોરાયેલી વસ્તુઓની કુલ કિંમત લગભગ ૬.૫ લાખ રૂપિયા છે. આ મહિનાની શરૂઆતમાં BCCI અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા ઓડિટમાં જર્સીના સ્ટોકમાં વિસંગતતાઓ જોવા મળી. આ પછી CCTV ફૂટેજ તપાસવામાં આવ્યા તો જાણવા મળ્યું કે ૧૩ જૂનના રોજ IPL ૨૦૨૫ સમાપ્ત થયાના થોડા દિવસો પછી ફારુક અસલમ ખાન સ્ટોરરૂમમાંથી એક મોટું કાર્ડબોર્ડ બોક્સ લઈને જતા જોવા મળ્યો, જેનાથી તરત જ શંકા જાગી. આ પછી ૧૭ જુલાઈના રોજ મરીન ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં અસલમ ખાન વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી.

પોલીસ તપાસમાં બહાર આવ્યું કે ફારુક અસલમ ખાને ચોરાયેલી જર્સી હરિયાણાના એક ઓનલાઈન ડીલરને વેચી હતી, જેનો તેણે સોશિયલ મીડિયા દ્વારા સંપર્ક કર્યો હતો. તે વ્યક્તિએ કથિત રીતે ડીલરને કહ્યું હતું કે BCCI ઓફિસમાં રિનોવેશનના કામને કારણે 'સ્ટોક ક્લિયરન્સ સેલ'ના ભાગ રૂપે જર્સી વેચવામાં આવી રહી છે.

કેટલાક ધાર્મિક સ્થાનોને રિલોકેટ પણ કરવામાં આવ્યા

# ૨૬૧ ધાર્મિક દબાણ હટાવાયા, ૯૮ રેગ્યુલરાઈઝ કરાયા અને ૧૧૭૭ને નોટિસ અપાઈ : સરકાર

## જાહેર માર્ગો અને સ્થળો પરથી ગેરકાયદે ધાર્મિક દબાણો દૂર કરવા મુદ્દે પિટિશનમાં સરકારનું સોગંદનામું

। (એજન્સી) અમદાવાદ,તા.૩૧ ।

જાહેર માર્ગો અને સ્થળો પરથી ધાર્મિક દબાણ મુદ્દે સુઓમોટો પિટિશનમાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન.રેની ખંડપીઠ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં ગૃહ વિભાગ તરફથી સોગંદનામું કરવામાં આવ્યું હતું. જે મુજબ ૧૬મી એપ્રિલથી અત્યાર સુધીમાં રાજ્યમાંથી ૨૬૧ ધાર્મિક દબાણ દૂર કરાયા છે, ૨૮ દબાણોને રિલોકેટ કરાયા છે અને ૯૮ રેગ્યુલરાઈઝ કરાયા છે. તે સિવાય ૧૧૭૭ ધાર્મિક દબાણોને નોટિસ આપવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું છે. આ મુદ્દે વધુ સુનાવણી ૧૨મી નવેમ્બરે યોજાશે અને તંત્રને પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવામાં કહેવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશોના ઝડપી અમલીકરણ માટે જિલ્લા અને મ્યુનિસિપલ સ્તરે કમિટીની રચના થઈ ચૂકી છે. ગૃહ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીની એફિડેવિટના આધારે હાઈકોર્ટે નોંધ્યું હતું કે, ૧૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ રાજ્ય સરકારે ઠરાવ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે સપ્ટેમ્બર, ૨૦૦૯માં જાહેર જગ્યાઓ પરથી ધાર્મિક દબાણો દૂર કરવા નિર્દેશ આપ્યા હતા. ધાર્મિક દબાણોનાં રિવ્યૂ અને તે દૂર કરવા જિલ્લા સ્તરે કલેક્ટર હસ્તક કમિટીની રચના કરાઈ છે, જ્યારે મ્યુનિસિપલ સ્તરે કમિશનર હસ્તક કમિટીની રચના કરવામાં આવી છે.અગાઉની સુનાવણીમાં કોર્ટને જણાવાયું હતું કે, ધાર્મિક દબાણો ઓળખીને જિલ્લાઓને જુદી જુદી કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં એક હજારથી વધુ ધાર્મિક દબાણો ધરાવતા જિલ્લા, ૫૦૦થી એક હજાર ધાર્મિક દબાણો ધરાવતા જિલ્લા, ૩૦૦થી ૫૦૦, ૨૦૦થી ૩૦૦, ૧૦૦થી ૨૦૦ અને ૧૦૦થી ઓછા ધાર્મિક દબાણો ધરાવતા જિલ્લાનો સમાવેશ થાય છે. ધાર્મિક દબાણો મુદ્દે જિલ્લા સ્તરે બનેલી કમિટીની મીટિંગ મહિનામાં એક વખત મળે તેવી સૂચના આપવામાં આવી છે. બે જિલ્લા અને એક મહાનગરપાલિકામાં એક પણ ધાર્મિક દબાણ નથી. નવ જિલ્લામાં ૫૦ કરતા ઓછા ધાર્મિક દબાણો છે. જેમાં પણ ચાર જિલ્લામાં ૧૦ કરતા ઓછા ધાર્મિક દબાણો છે.

સમગ્રતયા ૨૦૬૩ બસો લોકોની સેવામાં મૂકવાનું પ્રાવધાન કર્યુ

# રાજયના નાગરિકોની પરિવહન સેવા-સુવિધામાં વધુ ૧૫૧ ST બસો સેવારત થઈ

। (એજન્સી) ગાંધીનગર,તા.૩૧ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના દરેક નાગરિકને ઉચ્ચ ગુણવત્તાની, સમયસર અને સુરક્ષિત પરિવહન સેવા મળી રહે તે માટે સતત નવીન ટેકનોલોજી, માળખાગત સુવિધાઓ અને બસોના આધુનિકીકરણ માટે વાહન વ્યવહાર વિભાગનું દિશાદર્શન કર્યું છે. મુખ્યમંત્રીએ નાગરિકો માટે બસ સેવાઓને વધુ સુવિધાસભર બનાવવાના હેતુથી એસ.ટી. નિગમની નવી ૧૫૧ સુપર એક્સપ્રેસ બસોને લીલી ઝંડી ફરકાવીને વિવિધ રૂટ માટે પ્રસ્થાન કરાવ્યું હતું.



વાહનવ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા આ નવી બસોનો લોકાર્પણ સમારોહ ગાંધીનગરમાં યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા જાહેર પરિવહન અને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સશક્તિકરણને વિકાસનો આધારસ્તંભ ગણાવ્યો છે. તેને અનુસરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છેવાડાના માનવી સુધી અસરકારક પરિવહન સેવાઓ સાથે સૌને સુગમ-સુખદ સફરની અનુભૂતિ કરાવવાની દિશામાં સતત આગળ વધતા આજે એસ.ટી.ની વધુ ૧૫૧ બસોનો પ્રારંભ કરાવ્યો હતો.

આ વર્ષના બજેટમાં રાજ્ય સરકારે કુલ ૧૯૬૩ નવી બસોની ખરીદીની મંજૂરી આપી છે તેમજ મોડલ અંતર્ગત ૧૦૦ આધુનિક છઝ બસોના સંચાલનનું આયોજન પણ હાથ ધરીને સમગ્રતયા ૨૦૬૩ બસો લોકોની સેવામાં મૂકવાનું પ્રાવધાન કર્યું છે. આ પૈકી ૧૫૧ સુપર એક્સપ્રેસ બસો રૂ. ૫૨.૬૩ કરોડના ખર્ચે જનસેવામાં મૂકવામાં આવી છે. નાગરિકોને વધુ આરામદાયક, સુરક્ષિત અને ઝડપી મુસાફરીની સુવિધા મળી રહે તે માટે આ બસો રાજ્યના તમામ જિલ્લાઓમાં ફાળવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત એસ.ટી.નિગમ દૈનિક ૮ હજારથી વધુ બસો દ્વારા દરરોજ ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરીને ૨૭ લાખથી વધુ મુસાફરોને તેમની ગંતવ્યસ્થાને પહોંચાડે છે. તહેવારો અને વિશિષ્ટ અવસરો પર વધારાની બસોનું સંચાલન કરીને નિગમ અવિરત સેવાથી સમગ્ર સમાજને જોડતું રહ્યું છે.

અગાઉના પરિણામ બાકી હોય તેમને પણ શરતી પ્રવેશ ફાળવાયા હતા

# ડિપ્લોમાથી ડિગ્રી ઇજનેરી પ્રવેશના બે રાઉન્ડ પછી ૩૯૬ વિદ્યાર્થીના પ્રવેશ રદ

## બે રાઉન્ડ બાદ ખાલી પડેલી સરકારી કોલેજની બેઠકો માટે હવે તા.૧લીથી ૧૦મી સુધી રજિસ્ટ્રેશન પ્રક્રિયા કરવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે હાલમાં બે રાઉન્ડ પુરા કરી દેવામાં આવ્યા છે. આગામી દિવસોમાં ત્રીજો રાઉન્ડ શરૂ થવાનો છે ત્યારે અગાઉ જે વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ કરાયો હતો અને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો તેવા ૩૯૬ વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કરવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે છેલ્લા બે વર્ષથી એન્ટ્રન્સ ટેસ્ટ લેવાનું શરૂ કરવામાં આવ્યું છે. ચાલુવર્ષે ટેસ્ટના આધારે પ્રવેશ પ્રક્રિયાના બે રાઉન્ડ પુરા કરી દેવામાં આવ્યા છે. સામાન્ય રીતે વિદ્યાર્થી છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં હોય તે તમામને પહેલા બે રાઉન્ડમાં પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. જે તે સમયે છેલ્લા સેમેસ્ટરનું પરિણામ ન આવ્યું હોય અથવા તો કોઈ વિદ્યાર્થીએ આગળના વર્ષની એટીકેટીની પરીક્ષા આપી હોય તો તેમને પણ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવ્યા હતા. મહત્વની વાત એ કે, જે તે સમયે આ પ્રકારના પરિણામ પેન્ડીંગ હોય તેવા વિદ્યાર્થીઓને શરતી પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. એટલે કે ગમે ત્યારે પરિણામ આવે અને તેમાં નાપાસ હોય તો તેનો પ્રવેશ રદ કરવામાં આવશે તેવી શરત સાથે પ્રક્રિયામાં સામેલ કરવામાં આવ્યા હતા. હાલમાં તમામ સેમેસ્ટરના પરિણામ આવી ગયા બાદ વિદ્યાર્થીઓ પરિણામ જમા કરાવતાં જે વિદ્યાર્થીઓ પાસ થઈ શકયા નથી તેમને પ્રક્રિયામાંથી બાકાત કરી દેવામાં આવ્યા છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે કે, હાલની સ્થિતિમાં કુલ ૩૯૬ જેટલા વિદ્યાર્થીઓને અગાઉ જે તે કોલેજમાં પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો હતો પરંતુ ફાઈનલ પરિણામ બાદ તેઓ પ્રવેશ માટે લાયક ન હોવાનું પ્રસ્થાપિત થતાં તેમનો પ્રવેશ રદ કરવામાં આવ્યો છે. આ પ્રવેશ રદ કરવામાં આવતાં મેરિટમાં સામાન્ય ફેરફાર થશે. જોકે, મોટાભાગના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજમાં જ પ્રવેશ મળ્યો હોવાથી સરકારી કોલેજમાં પ્રવેશ લેનારા કે ઉંચુ મેરિટ ધરાવતાં વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી નડે તેમ નથી. બે રાઉન્ડ બાદ ખાલી પડેલી સરકારી કોલેજની બેઠકો માટે હવે આવતીકાલ તા.૧લીથી ૧૦મી સુધી રજિસ્ટ્રેશન પ્રક્રિયા કરવામાં આવશે.

બાલાસિનોરમાં પિલોદરા રોડ પરની જમીન કેસ

# અમૂલ ડેરીના ડીરેક્ટરના પુત્ર સામે મધરાતે ફરિયાદ નોંધાઇ

## એક જમીનના પ્રકરણમાં આખરે એક પોલીસ ફરિયાદ નોંધાઈ છે જેમાં ભાજપના નેતાજીના દીકરાનું નામ સામે આવ્યું છે

। (એજન્સી) બાલાસિનોર,તા.૩૧ ।

ગુજરાતમાં જમીનના ભાવે જેમ જેમ વધતા જાય છે એમ ડખાઓ પણ વધતા જાય છે. જર જોરૂ અને જમીન એ ત્રણેય કજિયાંના છોરૂની કહેવત એમ જ પડી નથી. મહિસાગર જિલ્લાના બાલાસિનોરમાં પણ એક જમીનના પ્રકરણમાં આખરે એક પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં ભાજપના નેતાજીના દીકરાનું નામ સામે આવ્યું છે. બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ જીગરકુમાર નાથાભાઈ પટેલ એ એક સિવીલ કોન્ટ્રાક્ટર છે અને એ -૮. જલારામ નગર જ બાલા સિનોરમાં રહે છે.

ગત રોજ તેઓ બપોરના સાડા અગિયારેક વાગ્યે મામાના દિકરા નીતીનભાઈ ભાઈલાલભાઈ પટેલ નાઓની ૧૦૦૯-૩-૧ વાળી જમીન જે બાલાસિનોર પિલોદરા રોડ ઉપર આવેલ છે તે જમીન પર ગયા હતા. જે સમયે તેઓની જમીનની બાજુમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય અને અમૂલ ડેરીના ડીરેકટર રાજેશભાઈ પાઠકની જમીન આવેલી હોય અને તેઓના પાર્ટનર ટીના મામા હાજર હતા અને તેઓ તેઓની જમીનમા પ્લોટની માપણી કરતા હતા. માપણી કરતા કરતા આ ટીના મામા મારા મામાની જમીન નજીક આવતા અમોએ તેઓને જણાવેલ કે મારા મામાની જમીનની હદ છે. આ સમયે ટીનામામાં ત્યાંથી જતા રહ્યા હતા. આશરે દોઢેક વાગ્યાના સુમારે અમારી જમીન નજીક પાર્થ રાજેશભાઈ પાઠક તથા બીજા ચાલીસેક જણા આવેલા અને આ પાર્થ કહેવા લાગેલ કે કોણ જમીન માપવાની ના પાડે છે તેમ કહેતા ટીનામામાએ જણાવેલ કે આ જીગરભાઈ ના પાડે છે જેથી પાર્થે કહેલ કે તમે માપણી ચાલુ કરો હું બેઠો છું અને તેઓની સાથે એક અજાણ્યો માણસ હતો, જેનુ નામ મને ખબર નથી જેને હું જો ઓળખું છું તે મારી પાસે આવેલ અને મને કહેવા લાગેલ કે તું અહીયાં કેમ ઉભો છે તારુ નામ છે સાત-બારના ઉતારામાં. એ સમયે મેં એમને જવાબ આપ્યો હતો કેઆ મારા મામાના દિકરાની જમીન છે અને અમો તેઓની જમીન સાચવવા માટે આવેલા છીએ તેમ કહેતા આ અજાણ્યો ઈસમ અમોને ગમે



તેમ ગાળો બોલવા લાગ્યા હતા. આ દરમિયાન મામલો વકરી જતાં પાર્થ પાઠક અને બીજા આશરે ૨૦ માણસો પણ મને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. મને નીચે પાડી દીધો હતો. આ સમયે કોઈ માણસે હાથમાં પહેરેલું કડું મને માથાના પ ાછળના ભાગમાં વાગતાં મને ઈજા થઈ હતી. જે સમયે તેમને લોહી નીકળવા લાગતાં આખરે તેઓ સારવાર માટે પહોંચ્યા હતા. આ કેસમાં આખરે પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. રાજશ પાઠક એ બાલાસિનોર વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય છે અને હાલમાં અમૂલના ડિરેક્ટર પણ છે. આ પહેલાં પણ કેસરીસિંહ વિવાદમાં પણ તેમનું નામ જાહેરમાં ચર્ચાયું હતું. હવે ભાજપના નેતાજીના દીકરા સામે પોલીસ ફરિયાદ થતાં બાલાસિનોરમાં આ મામલો ચર્ચાને એરણે છે. પ ોલીસે ફરિયાદના આધારે પાર્થ રાજેશભાઈ પ ાઠક અને અન્ય સામે મારામારી, ગાળાગાળી અને ધમકીના આરોપ હેઠળ એફઆઈઆર નોંધી તપાસ શરૂ કરી છે. આ ઘટનામાં ફરિયાદી જીગરભાઈ પ ટેલે આરોપ લગાવ્યો છે કે તેમના મામાની જમીન પર માપણીના મુદ્દે થયેલા વિવાદમાં તેમને માર મારવામાં આવ્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. પોલીસે ફરિયાદના આધારે પાર્થ રાજેશભાઈ પાઠક અને અન્ય સામે મારામારી, ગાળાગાળી અને ધમકીના આરોપ હેઠળ એફઆઈઆર નોંધી તપાસ શરૂ કરી છે. આ ઘટનામાં ફરિયાદી જીગરભાઈ પટેલે આરોપ લગાવ્યો છે કે તેમના મામાની જમીન પર માપ ણીના મુદ્દે થયેલા વિવાદમાં તેમને માર મારવામાં આવ્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપ વામાં આવી હતી.

LCBની સક્રિયતા અને બાતમી આધારિત કાર્યવાહી

# જામનગરમાં સસ્પેન્ડેડ આચાર્ય ગેસ સિલિન્ડર ચોરી કેસમાં ઝડપાયો

। જામનગર, તા.૩૧ ।

જામનગર LCBના પોલીસ ઈન્સ્પેક્ટર અને તેમના સ્ટાફ દ્વારા જામનગર અને અન્ય જિલ્લાઓમાં આંગણવાડીઓમાંથી ગેસ સિલિન્ડર ચોરીના વણશોધાયેલા ગુનાઓ શોધવા માટે સઘન પેટ્રોલિંગ અને વર્કઆઉટ ચાલી રહ્યું હતું. દરમિયાન, LCBને બાતમી મળી હતી કે, આંગણવાડીઓમાં ગેસ સિલિન્ડર ચોરનાર પ્રાથમિક શાળાનો સસ્પેન્ડેડ આચાર્ય/શિક્ષક કાંતિલાલ ડાયાભાઈ નકુમ (રહે. જામખંભાળિયા) આ ગુનામાં સંડોવાયેલો છે. આ ઉપરાંત એવું પણ જાણવા મળ્યું હતું કે, તેણે ચોરી કરેલા ગેસ સિલિન્ડર જામનગર તાલુકાના દરેક ગામ નજીક આવેલા CNG પેટ્રોલપંપ પાસેની એક અવાવરુ ઓરડીમાં રાખ્યા છે અને તે સગેવગે કરવાની ફિરાકમાં છે. આ બાતમીના આધારે, LCBએ કાંતિલાલ ડાયાભાઈ નકુમને પકડી પાડ્યો હતો અને તેની કબ્જા હેઠળની અવાવરુ ઓરડીમાંથી ચોરી કરેલા ગેસ સિલિન્ડર અને અન્ય મુદ્દામાલ કબજે કર્યા હતા. આરોપી કાંતિલાલ નકુમ જામખંભાળિયા તાલુકાના કોટા ગામની પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતો હતો. તે ઓનલાઈન જુગારમાં મોટી રકમ હારી જતાં ચોરીના રવાડે ચડ્યો હતો. શરૂઆતમાં તેણે શાળામાંથી લેપટોપ વગેરેની ચોરી કરી હતી, જેના કારણે તેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો. સસ્પેન્ડ થયા બાદ, તેણે જુદી જુદી આંગણવાડીઓને નિશાન બનાવવાનું નક્કી કર્યું હતું.

શિવરંજની વિસ્તારની ઘટના

# અમદાવાદ શહેર મહિલા કોંગ્રેસ ધ્વારા મહિલા સુરક્ષાનો પદયાત્રાનો કાર્યક્રમ

। અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદ શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ ઝીલબેન શાહ ધ્વારા મહિલા સુરક્ષા નો પદયાત્રા નો કાર્યક્રમ આપવા માં આવ્યો , મહિલાઓને સુરક્ષા મુદ્દે ભાજપ સરકાર સદંતર નિષ્ફળ ગઈ છે ગુજરાતમાં રોજ ૬ મહિલા બાળકીઓ પર બળાત્કાર અત્યાચાર થઈ રહ્યા છે ૩ વર્ષની દીકરી કે લઈને ૯૦ વર્ષની વૃદ્ધા પર દુષ્કર્મની ઘટના એ ભાજપ સરકારની સદંતર નિષ્ફળતાને ઉજાગર કરે છે ત્યારે કાયદો વ્યવસ્થાની કથડથી જતી સ્થિતિ અને ખાસ કરીને મહિલાઓ પર વધતા જતા દુષ્કર્મો અત્યાચારો મુદ્દા ને મહિલા કોંગ્રેસ આક્રમકતાથી લડત આપશે.જેમા ગુજરાત પ્રદેશ મહિલાકોંગ્રેસ પ્રમુખ શ્રી ગીતાબેન પટેલ ,અઝરાબેન કાદરી , દીનાબેન પરમાર સહિત મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી ને જેમા મહત્વ ના મુદાઓ મહિલા સુરક્ષા , ગુનેગારો ને સજા , મહિલા ન્યાય મુદાઓ પર સૂત્રોચાર કર્યા હતા હાલ સુરત મા વોર્ડ નંબર ૮ ના પ્રમુખ મહિલા જોડે દુષ્કર્મ કર્યો, પ ુરી માં જે ઘટના બની , સુરેન્દ્રનગર માં જે ધટના થઇ તેમા સરકાર ના ધ્વારા કોઈ પગલા લેવાતા નથી.જેથી ગુનેગારો બેફામ થતા ગયા છે જો ગુનેગાર સામે કડક પગલા નહી લેવા માં આવે એમને સજા આપવા મા નહી આવે તો રોડરોકો આંદોલન, જેલભરો આંદોલન પણ મહિલા કોંગ્રેસ થકી કરવા મા આવશે.

ટડેડ જ્વેલરીનો કુલ વેચાણમાં ત્રીજા ભાગથી વધુનો હિસ્સો

# જ્વેલર્સ હળવા, ઓછા કેરેટના દાગીના તરફ વળ્યા

## સોનાના દાગીનાના વેચાણમાં ઘટાડા વચ્ચે માંગ બજેટ-ફ્રેંડલી વિકલ્પો તરફ

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

જ્વેલરી રિટેલર્સ વધુને વધુ હળવા અને ઓછા કેરેટના દાગીના તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે કારણ કે વેપાર, ટેરિફ અને ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓ વચ્ચે સોનાના ભાવ મજબૂત રહ્યા છે. તહેવારોની મોસમ પહેલા વધુ ખરીદદારો શોધી રહેલા રિટેલર્સ માટે સરકારનું તાજેતરનું ૯-કેરેટ સોનાના દાગીનાનું હોલમાર્ક બનાવવાનું પ ગલું પણ રાહતનું કારણ બન્યું છે. ગ્રાહકો હવે આ તરફ નજર દોડાવે છેજૂનમાં વોલ્યુમ દ્વારા સોનાના વેચાણમાં રેકોર્ડ ૬૦%નો ઘટાડો થયો હતો. જે કોરોના પછીનો સૌથી મોટો ઘટાડો છે. ૨૦૨૫ના પહેલા અર્ધવાર્ષિકમાં સોનાના ભાવમાં લગભગ ૩૦%નો વધારો થયો છે.ટાઈટનથી કલ્યાણ જ્વેલર્સ, સેન્કોથી મલબાર ગોલ્ડ સુધીના સંગઠિત ખેલાડીઓ સોનામાં ૧૮ કેરેટના જ્વેલરી અને સ્ટડેડ જ્વેલરીમાં ૧૪ કેરેટના જ્વેલરીનો પ્રયોગ કરી રહ્યા છે, જ્યાં સાદા સોનામાં ૨૨ કેરેટના જ્વેલરીનો ઉપયોગ થાય છે અને સ્ટડેડ જ્વેલરીમાં ૧૮ કેરેટનો ચલણ છે. સ્ટડેડ જ્વેલરીમાં સોનું અને રત્નો અથવા હીરાનું મિશ્રણ સામેલ હોય છે.ગયા અઠવાડિયે, આગેવાન જ્વેલરી રિટેલરે એક પગલું આગળ વધીને ૯ કેરેટના જ્વેલરીનું વેચાણ શરૂ કર્યું છે. તેણે અગાઉ ફેબ્આરીમાં કેરેટલેન ખાતે ૯ કેરેટના જ્વેલરીનો પ્રયોગ કર્યો હતો.ઓછા ભાવે ખરીદનારા ગ્રાહકો જેમનું બજેટ રૂ. ૫૦,૦૦૦થી ૧ લાખની વચ્ચે છે, તેઓ સોનાના ઊંચા ભાવથી બજારથી દુર થઈ રહ્યા છે. સોનામાં કિંમત વધવાનો બિનસાંપ્રદાયિક ટ્રેન્ડ હાલ પૂરતો રહેશે, પરંતુ ગ્રાહકોને (નીચા કેરેટ) વિકલ્પો પૂરા પાડવા પડશે, કારણ કે લોકોમાં સોના પ્રત્યેનો પ્રેમ યથાવત છે તેમ આગેવાન જ્વેલરી રિટેલરે જણાવ્યું હતું

ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ

# અમદાવાદમાં પ્રતિબંધ છતાં ભારે વાહનો પરમિટ વગર કેમ દોડે છે?

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદ સહિત રાજ્યભરમાં રખડતા ઢોરોના ત્રાસ, બિસ્માર રસ્તાઓ, જાહેર માર્ગો અને ફૂટપાથ પર ગેરકાયદે દબાણો અને ટ્રાફિક-ગેરકાયદે પાર્કિંગ સહિતના મુદ્દે થયેલી કન્ટેમ્પ્ટ પિટિશનની બુધવારે (૩૦મી જુલાઈ) ગુજરાત હાઈકોર્ટે સુનાવણી હાથ ધરી હતી. જેમાં કોર્ટે રોંગ સાઈડમાં વાહન હંકારતા લોકો સામેની પોલીસ તંત્ર અને સત્તાવાળાઓની કામગીરી પરત્વે અસંતોષ વ્યકત કરી તેને હજુ વધુ કડક અને અસરકારક બનાવવા સરકારને નિર્દેશ આપ્યો હતો.હાઈકોર્ટના જસ્ટિસ એ.એસ.સુપ હિયા અને જસ્ટિસ આર.ટી.વાચ્છાણીની ખંડપીઠે શહેરમાં લકઝરી બસો, મોટી ટ્રકો સહિતના ભારે વાહોના ગેરકાયદે પ્રવેશ અને જાહેર માર્ગો પર આડેધડ અને ગેરકાયદે પાર્કિંગના મુદ્દે સરકાર અને સત્તાવાળાઓનો ઉધડો લીધો હતો. કોર્ટે સીધો સવાલ કર્યો હતો કે, 'શહેરમાં ભારે વાહનો મંજૂરી વિના પ્રતિબંધિત છે તો કેવી રીતે જોવા મળી રહ્યા છે. ખાસ કરીને પીક અવર્સમાં ભારે વાહનોના લીધે ટ્રાફિક ચક્કાજામ થઈ રહ્યો છે.'હાઈકોર્ટે કેસની સુનાવણી કરમિયાન ટકોર કરી હતી કે, આ વિષયોમાં અદાલત કેટલી હદે અને કયાં સુધી હસ્તક્ષેપ કરશે? ટૂંકમાં હાઈકોર્ટે સરકાર અને સત્તાવાળાઓની તેમની વિવેકબુદ્ધિ અને સૂઝબૂઝથી નિષ્ઠાપૂર્વક અને અસરકારક પરિણામલક્ષી કામગીરી કરવા આડકતરો ઈશારો કર્યો હતો. હાઈકોર્ટે ટ્રાફિકની સમસ્યા માટે આઈઆઈએમ અને ઈસરો જેવી સંસ્થાઓની મદદ લેવા પણ જણાવ્યું હતું.અનુભવ વર્ણવતાં હાઈકોર્ટે જણાવ્યું કે, 'રિંગ રોડ પર ભારે વાહનો હજુ પણ જોવા મળી રહ્યા છે અને શહેરમાં પણ પીક અવર્સ દરમિયાન ખાસ તો તેની એવરજવર બંધ કરાવવા જણાવ્યું છે.

